उन्नति

# વિચાર

વર્ષ ૧૦ અંક ૧ જાન્યુઆરી – માર્ચ, ૨૦૦૫

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
ગુજરાતમાં અન્ન સુરક્ષા અભિયાન

**મંતવ્ય** ૧૫
હિંદુ વારસા ધારામાં સૂચિત સુધારોઃ સ્ત્રી-પુરુષ સમાનતા હજી દૂર છે

**આપના માટે**
ગુજરાતનું અંદાજપત્રઃ કેટલાંક સામાજિક પાસાં ૧૮

**આપણી વાત**
આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીઃ સામાજિક ભેદભાવ વિશે જાગૃતિ કાર્યક્રમ ૨૨

'એકલ નારી શક્તિ મંચ'ની ઝુંબેશ ૨૭

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૯

**સંદર્ભ સાહિત્ય** ૩૫

**અમારા વિશે** ૩૮

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## અન્ન સલામતીઃ સૌને માટે સૌના દ્વારા

દુનિયાભરમાં લગભગ ૮૦ કરોડ લોકો અત્યંત ગરીબીમાં જીવે છે અને તેમાં સૌથી વધુ ગરીબો ભારતમાં છે. તેઓ ગરીબ હોવાને કારણે જ અન્નની સલામતી ભોગવતા નથી. વિકાસ આર્થિક રહ્યો છે પણ સામાજિક બન્યો નથી. અન્ન ક્ષેત્રની આ અસલામતી વાસ્તવમાં વિકાસની પ્રક્રિયા સામાજિક વિકાસ ઊભો કરવામાં નિષ્ફળ ગઈ છે એમ સાબિત કરે છે. અન્ન સલામતી બે બાબતોના સંદર્ભમાં અગત્યની છેઃ અસહાય લોકો અને દુકાળ, ભૂકંપ, વાવાઝોડું અને પૂર જેવી કટોકટીની પરિસ્થિતિઓમાં વધતી જતી અસહાય લોકોની અસહાયતા. એમ કહેવામાં આવે છે કે ભૂખમરો ભારતના ઘણા પ્રદેશોમાં નથી અને જે પ્રદેશોમાં છે ત્યાં પણ ખૂબ જ અલ્પ માત્રામાં છે. પરંતુ અન્ન અસલામતીના કારણે થતાં મોત ઝડપથી નજરે પડે તેવાં હોતાં નથી. આરોગ્યની વણસતી જતી પરિસ્થિતિ અન્ન અસલામતીને કારણે હોય છે અને એ મોતને ધીમું બનાવે છે એટલું જ. ગરીબોની અસ્તિત્વ ટકાવવાની વ્યૂહરચનામાં કોઈ પણ પ્રકારની ખાદ્ય સામગ્રીનો સમાવેશ થતો હોય છે. ખેતી ક્ષેત્રે વધારે પડતું યાંત્રિકીકરણ થઈ રહ્યું હોવાને પરિણામે અને બજાર કેન્દ્રી અર્થતંત્ર વિકસતું જતું હોવાને લીધે અન્નની પ્રાપ્તિનાં અનૌપચારિક સ્રોતો ઘટી ગયાં છે અને તેને લીધે ગરીબોને વિપરીત અસર થઈ છે.

આ પરિસ્થિતિમાં ગરીબો માટે અન્નની સલામતી ઊભી થાય તે માટે અધિકાર-આધારિત અભિયાન ચલાવવાની જરૂર છે. અન્ન મળે તે માટે ગરીબોની પહોંચ ક્ષમતા વધવી જોઈએ અને સાથે સાથે અન્નની પ્રાપ્યતામાં વધારો થવો જોઈએ. મધ્યાહ્ન ભોજન યોજના, જાહેર વિતરણ વ્યવસ્થા, કામ સાટે અનાજ વગેરે જેવી અનેક યોજનાઓ તથા બાલવાડી, આંગણવાડી વગેરે જેવા કાર્યક્રમોમાં સરકાર મોટા પ્રમાણમાં ખર્ચ કરે છે. પરંતુ આ યોજનાઓ અને કાર્યક્રમોનો લાભ અન્નની અસલામતી ભોગવતા લોકો સુધી પહોંચતો નથી. આ માટે અન્નની સલામતી આપતા કાર્યક્રમોમાં સ્થાનિક સંદર્ભ ઉમેરાવો જરૂરી છે. અન્ન સલામતી માટે કોઈ એકરૂપી વ્યૂહરચના હોઈ શકે નહીં. સ્થાનિક સ્તરે પ્રાપ્તિ અને સ્થાનિક સ્તરે વહેંચણી એ અગત્યના ઉપાયો છે. મુખ્યત્વે સરકારી કાર્યક્રમો ઘઉં અને ચોખા ઉપર કેન્દ્રિત થયેલા છે પણ તેમાં બાજરી, મકાઈ, જુવાર વગેરે જેવાં ધાન્યો ઉમેરવાની જરૂર છે. તો જ એ કાર્યક્રમોને સ્થાનિક સંદર્ભ પ્રાપ્ત થશે. છત્તીસગઢમાં દાળભાત યોજના અને મહારાષ્ટ્રમાં ઝુનકા-ભાકર કેન્દ્ર યોજના તૈયાર અન્ન પીરસવા માટેની ખૂબ જ સક્ષમ અને સફળ યોજનાઓ ચાલે છે. અન્ય રાજ્યોમાં પણ આ પ્રકારની યોજનાઓનો અમલ કરી શકાય. રાજ્યે આ ક્ષેત્રે સખાવતી પ્રવૃત્તિને પણ એટલો જ ટેકો આપવાની જરૂર છે. મૂળભૂત રીતે અન્ન સલામતીની યોજનાઓ અને કાર્યક્રમો વિકેન્દ્રિત પદ્ધતિએ ચાલવાં જોઈએ અને કમ-સે-કમ આ યોજનાઓ ભ્રષ્ટાચારથી મુક્ત થાય તે માટેની પ્રતિબદ્ધતા તમામ સ્તરે ઊભી થવી જોઈએ.

# ગુજરાતમાં અન્ન સુરક્ષા અભિયાન

આ લેખ 'ગુજરાત અન્ન સુરક્ષા અભિયાન' વતી 'આનંદી'નાં **સુશ્રી સુમિત્રા ઠક્કર** દ્વારા તૈયાર કરાયો છે. આ અભિયાનમાં 'પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર', 'ગ્રામ વિકાસ ટ્રસ્ટ' - દ્વારકા, 'સાવા રાજ' - જસદણ, 'નવજોત મહિલા વિકાસ કેન્દ્ર' - ગઢડા, 'જનપથ' અને 'આનંદી'નો સમાવેશ થાય છે.

**પ્રસ્તાવના**

સુરક્ષિત અને પોષક આહાર એ દરેક માનવીનો પાયાનો અધિકાર છે. ભારત એક તરફ અન્નના ઉત્પાદનમાં સ્વાવલંબી બન્યું છે ત્યારે નાગરિકોના આહારમાં પૌષ્ટિકતાનું પ્રમાણ વધ્યું નથી! કોઈ પણ દેશના વિકાસના માપદંડ તે દેશના વંચિત સમુદાયની સ્થિતિને અનુલક્ષીને હોય નહિ કે તે દેશની સરેરાશ સફળતા કે સિદ્ધિને આધારે!

વિકાસ અને ગરીબાઈની નાબૂદી એ બંન્ને સાથે ચાલતાં નથી. શક્ય છે કે કોઈ એક દેશ વિકસિત થઈ જાય કે વિકાસ હાંસલ કરી શકે અને છતાં પણ તેની વસ્તીનો જે ભાગ ગરીબ છે તેની સ્થિતિમાં કોઈ જ ફરક ન પડે. બીજી બાજુ, એ પણ જાણવું જરૂરી છે કે કોઈ પણ દેશ મોટા પરિપ્રેક્ષ્યમાં વિકાસને હાંસલ ન કરે તો ગરીબી નાબૂદીના ધ્યેય તરફ જઈ શકતો નથી. આ બેઉ પરસ્પર જોડાયેલી બાબતો છે.

એફ.એ.ઓ. (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન)ની વ્યાખ્યા મુજબ દરેક વ્યક્તિને સ્વસ્થ અને સક્રિય જીવન જીવવા માટે પોતાની પસંદગી મુજબના પૂરતા, સલામત અને પોષક આહાર માટેની ભૌતિક તેમ જ આર્થિક પહોંચ એટલે અન્ન સુરક્ષા. આ બધું જ તેને સ્વમાનભેર મળે તે પણ એટલું જ અગત્યનું છે.

ગ્રામીણ ક્ષેત્રના અમારા અનુભવોમાં હંમેશાં જોવા મળ્યું કે ગરીબમાં ગરીબ સમુદાયનાં બહેનોએ પોતાની ગરીબીને ક્યારેય "અન્ન નથી, ભૂખ્યા છીએ" - જેવા શબ્દોમાં વર્ણવી નથી. પણ આ જ સમસ્યાને અવારનવાર રોજગારી મળે, કામ સાથે અનાજ મળી રહે તેવા શબ્દોમાં વ્યક્ત કરી છે. બહેનોના આ પ્રતિભાવોનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ થતું ગયું કે ગરીબીની અને આજીવિકાની અનિશ્ચિતતાને કારણે ભૂખમરો ધીમે ધીમે કાયમી થઈ રહ્યો છે. તેમાં નક્કર પ્રયત્નોની ગેરહાજરી અને પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે રાજનૈતિક ઈચ્છાશક્તિનો અભાવ પાયાના પ્રશ્નની તીવ્રતા વધારે છે.

એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન - ચેન્નઈ દ્વારા પ્રકાશિત ગ્રામીણ અન્ન અસુરક્ષા એટલાસ દર્શાવે છે કે ગુજરાતમાં પંચમહાલ (અવિભાજિત) જિલ્લો સૌથી અન્ન અસુરક્ષિત જિલ્લો છે, તેમ જ વાવાઝોડા અને આફતગ્રસ્ત વિસ્તારોમાં પણ આ સ્થિતિ છે.

ગુજરાતની અન્ન અસુરક્ષા દર્શાવતી કેટલીક ચોંકાવનારી બાબતો જોઈએ તો ગુજરાતમાં ૨૦.૪ ટકા વસ્તી રોજિંદી કેલરીના જરૂરિયાતના પ્રમાણ કરતાં ઓછા પ્રમાણવાળો આહાર લે છે. તે રાષ્ટ્રના ૧૩.૪ ટકા વસ્તીની સરખામણીમાં ઘણો વધુ છે! બીજા શબ્દોમાં કહીએ તો, ગુજરાતની પાંચમા ભાગની વસ્તીને પોતાના આહારમાંથી જીવવા માટે પૂરતી શક્તિ મળતી નથી. ગુજરાતનાં ૭ ટકા બાળકો તીવ્ર કુપોષણ અને ૪૪ ટકા બાળકો મધ્યમ પ્રમાણમાં કુપોષણનો ભોગ બન્યાં છે. વિકસિત રાજ્ય ગણાતા ગુજરાત માટે અન્ન સુરક્ષા અંગે આથી વધુ ચોંકાવનારી હકીકત શું હોઈ શકે?

ગુજરાતમાં અન્ન સુરક્ષા માટે મુખ્યત્વે નીચે મુજબનાં કારણો જવાબદાર ગણી શકાય:

- વસ્તીના પ્રમાણમાં અનાજનું અપૂરતું ઉત્પાદન.
- સસ્તા દરની જાહેર વિતરણ વ્યવસ્થામાં પૂરતાં અને યોગ્ય કુટુંબોને આવરી લીધેલાં નથી.
- ગ્રામ અર્થ વ્યવસ્થા ભાંગી પડી છે, જેની અસર આ વિસ્તારમાં રહેતા ૭૦ ટકા લોકો પર પડે છે. ગ્રામ વિસ્તારોમાં બિન-ખેતી આધારિત કામની તકો નહિવત્ હોવાના કારણે મોટા ભાગની ગ્રામીણ વસ્તી ખેત મજૂરી પર આધારિત છે, જેમાં લઘુતમ વેતન મળતું નથી.

### ભૂખમરા તેમ જ કુપોષણની સમાપ્તિ માટે સાર્વત્રિક ઘોષણા

૧૯૪૮માં 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા માનવ અધિકાર ઘોષણામાં ઉલ્લેખિત છે કે પ્રત્યેક વ્યક્તિને જીવવા માટે પર્યાપ્ત ભોજનની આવશ્યકતા છે. આ અધિકારને ધીરે ધીરે વિકસિત કરવામાં આવ્યો.

રોમમાં ૧૬ નવેમ્બર, ૧૯૭૨માં વિશ્વના પ્રથમ આહાર સંમેલનમાં

ઘોષિત કરવામાં આવ્યું કે પ્રત્યેક સ્ત્રી, પુરુષ તથા બાળકને શારીરિક, માનસિક વિકાસ માટે ભૂખમરો તેમ જ કુપોષણથી મુક્તિ પામવાનો અધિકાર છે.

આજે માણસ પાસે પર્યાપ્ત ટેક્નોલોજી છે. વિશ્વના બધા દેશોનો ઉદ્દેશ છે કે ભૂખમરાની સમાપ્તિ. આ માટે ભૂખમરા અને કુપોષણથી પીડાઈ રહેલા લોકો બીમારીના શિકાર બને છે તેવા વર્ગને પ્રાથમિકતા આપવાની જરૂર છે.

આની વિટંબણા એ છે કે, વૈશ્વિકીરણના લીધે જે ખેડૂતો અને મજૂર વર્ગ અન્નનું ઉત્પાદન કરે છે તે જ વ્યક્તિ ભૂખમરાથી પીડાય છે અને મજૂર વર્ગ વધતો રહ્યો છે, તેના લીધે સ્થળાંતરની પ્રવૃત્તિમાં વૃદ્ધિ થઈ રહી છે તેમ જ ખેડૂતો ખર્ચાના દેવામાં ડૂબી ગયા છે. એક બાજુ ઘોષણા કરવામાં આવે છે અને બીજી બાજુ વૈશ્વિકીરણ અને ઢાંચાગત સમાયોજનના લીધે ખેતી બજાર ઉપર નિર્ભર બને છે. તેના લીધે ભૂખમરાની સ્થિતિ દિન-પ્રતિદિન ગંભીર થતી જાય છે.

## રોમ ઘોષણાપત્ર-૧૯૯૬

૧૯૯૬ની રોમ ઘોષણા વિશ્વ અન્ન સલામતી પર એક મહત્ત્વનું સાધન હતું. તે મુખ્ય રૂપથી ખાદ્યાન્નની પ્રાપ્તિના અધિકાર પર વધારે જોર આપે છે. ભૂખમરાથી છૂટકારો પામવો તે મૌલિક અધિકાર છે, તેથી આ અધિકારને અન્નની સલામતી માટે ત્વરિત લાગુ કરવાની જરૂર છે.

ત્યાર બાદ વિશ્વ ખાદ્યાન્ન સંમેલન-૨૦૦૨માં ૨૦૧૫ સુધીમાં વિશ્વની ભૂખમરાની સમસ્યાનો લક્ષ્યાંક ૮૩.૨ કરોડથી ઘટાડીને ૪૦ કરોડ સુધી લાવવાનો છે. આ ઘોષણામાં ભારત પણ સામેલ છે.

### રાષ્ટ્રીય કાયદાઓમાં ખાદ્યાન્નનો અધિકાર

આંતરરાષ્ટ્રીય કાનૂન અથવા જોગવાઈમાં જો ભારત સહભાગી હોય તો ભારત દેશની જવાબદારી છે કે અન્નના અધિકારને દેશમાં કાનૂની રૂપ મળે. સંસદ સભ્યોની જવાબદારી આંતરરાષ્ટ્રીય વિધાનને રાષ્ટ્રીય સ્તરના કાનૂનમાં પરિવર્તિત કરવાની છે. જો આ માટે કાનૂન બને તો અસરકારકતા વધે.

### મૂળભૂત અધિકાર અને અન્નની સુનિશ્ચિતતા

રાજ્યનું કર્તવ્ય છે કે કોઈ વ્યક્તિ ભૂખી ના રહે તથા તેના માટે સુરક્ષા ઊભી કરવી. આ મૂળભૂત અધિકારના અનુચ્છેદ-૨૧માં કહેવામાં આવ્યું છે કે જીવવાના અધિકારમાં અન્ન અને આજીવિકાનો આ અધિકાર સમાયેલો છે.






અન્ન અને રોજગારીનો અતૂટ સંબંધ છે. સરકાર આ સંદર્ભમાં આજીવિકાના સાધન અને અન્નમાં સુરક્ષા પ્રદાન ન કરે તો ભારતીય સંવિધાનના અનુચ્છેદ-૨૧ માધ્યમમાં ન્યાયાલયમાં યાચિકા દાખલ કરી શકાય છે.

આપણા દેશમાં આમ જોઈએ તો છેલ્લાં વર્ષોમાં અન્નનું ઉત્પાદન ઘણું વધ્યું. ડિસેમ્બર-૨૦૦૪માં અનાજના ભંડારો છલકાય છે. તેને સાચવવાની સમસ્યા પણ છે. તેમ જ નિકાસ એટલે કે બીજા દેશમાં વેચવામાં આવે છે. તેને બહુ મોટી સિદ્ધિ ગણવામાં આવે છે. અને ભારત દેશમાં તમામ નાગરિકને પેટનો ખાડો પૂરવા સહેલાઈથી અનાજ નથી મળતું એ કેવી વિસંગતતા! અનાજના ઉત્પાદનમાં આપણે સ્વાવલંબી એટલે કે પગભર બની જવાથી તમામ લોકોને આપોઆપ પૂરતું અનાજ નથી પહોંચી જતું. વિશ્વના કુલ ગરીબો પૈકી ૨૨ ટકા લોકો ભારતમાં રહે છે. ભારતના કુલ વસ્તીના ૨૬ ટકા ગરીબો છે.

અન્ન સલામતી તો ત્યારે કહેવાય કે જ્યારે દેશમાં નાગરિકોની માંગ જેટલું અનાજ પાકે ને ગરીબોને પોસાય તેવા તેના ભાવ હોય.

## અન્ન સુરક્ષાની વ્યૂહરચના

નાગરિકોની માંગ જેટલું અનાજ પાકે અને તમામને સુલભ બને તે માટે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનું માળખું છે. તેણે ત્રણ વ્યૂહરચના અપનાવી છે:

(૧) અનાજની પ્રાપ્તિ.
(૨) સંગ્રહ.
(૩) વિતરણ વ્યવસ્થા.

(૧) અનાજનું ઉત્પાદન વધારવું:
   (અ) ખેડૂતોને તથા ઉત્પાદકોને પોષણક્ષમ ભાવો આપી તેમનાં હિતોનું રક્ષણ કરવું.
   (બ) હરિયાળી ક્રાંતિથી ઉત્પાદનમાં વધારો કરવો. જો કે છેલ્લા દાયકામાં ઘટાડો થયો છે.

(૨) વિતરણ વ્યવસ્થા ચુસ્ત બનાવવી:

- સમાજના ખાસ કરીને નબળા વર્ગને વાજબી ભાવે અનાજ પૂરું પાડવું. તેમાં લક્ષ્યાંકવાળી જાહેર વિતરણ વ્યવસ્થા ૧૯૯૭માં અમલમાં આવી છે.
- ગરીબીની રેખા નીચે જીવનારા તથા ગરીબીની રેખા ઉપર જીવનારા બન્ને પ્રકારના નાગરિકોને જુદા ભાવે અનાજ પૂરું પાડવામાં આવે છે.
- પોષક આહાર માટે ખાદ્યાન્નની વહેંચણી કરવામાં આવે છે. તેમાં મધ્યાહ્ન ભોજન, સંકલિત બાળ વિકાસ યોજના જેવી યોજનાઓનો સમાવેશ થાય છે.
- જાહેર વિતરણ વ્યવસ્થામાં થતી ગેરરીતિ અટકાવવા આવશ્યક ચીજવસ્તુ ધારા (પી.ડી.એસ.) કન્ટ્રોલ ઓર્ડર - ૨૦૦૧ જાહેર કરવામાં આવી છે. તેમાં ગેરરીતિ અટકાવવા માટેના આદેશની જોગવાઈ છે. તે મુજબ-
  (૧) તેમાં ગરીબી રેખા નીચે જીવતાં પરિવારોને અલગ તારવવાં.
  (૨) રેશન કાર્ડની વહેંચણી કરવી.
  (૩) અનાજની યોગ્ય વહેંચણી.
  (૪) આ ધારાધોરણનો ભંગ કરનારને સજાની જોગવાઈ છે.

(૩) પૂર કે દુષ્કાળ જેવી કુદરતી આપત્તિના સમયે પરિસ્થિતિને પહોંચી વળવા માટે અનાજનો અનામત જથ્થો રાખવો અને જાળવવો.

- સ્વાવલંબનથી સલામતી સુધી.
- પૂર, દુષ્કાળ કે વાવાઝોડાના ભોગ બનેલા લોકોને અનાજ પ્રાપ્ત થાય તે માટે કામના બદલે અનાજ કાર્યક્રમ જાન્યુઆરી-૨૦૦૧માં જાહેર કરવામાં આવ્યો હતો.
- સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના માટે કેટલું અનાજ આપવું તે નક્કી કરવાની સત્તા રાજ્ય સરકારની છે.

એપ્રિલ-૨૦૦૧માં ભારત સરકાર, એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશન અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ દ્વારા સંયુક્ત મીટિંગમાં વડા પ્રધાને ભારતમાં અન્ન અસલામતીનો નકશો જાહેર કરતાં કહ્યું કે ૨૦૦૭ સુધીમાં ભૂખમરામાંથી નક્કર મુક્તિ હાંસલ કરી શકીશું.

ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે દિલ્લી ખાતેની રાષ્ટ્રીય આહાર સુરક્ષા શિખર પરિષદમાં અન્ન સલામતીના ત્રણ દૃષ્ટિકોણ પર ભાર મૂક્યો હતો: એક, અન્ન ઉપલબ્ધતા, જે અન્ન ઉત્પાદન અને વિતરણ પર આધારિત છે. બીજું, અન્ન ઉપયોગિતા, દરેક વ્યક્તિની પોતાની સંસ્કૃતિ, રહેણી-કરણી, પોષણ વિશેની સમજ, ખોરાક પસંદગી, અન્ય ભૌતિક પાસાં (જેમ કે પાણી, સ્વાસ્થ્ય, સફાઈ) તથા ત્રીજું કુટુંબમાં પરસ્પર વહેંચણીની પદ્ધતિ. કુદરતી તથા માનવસર્જિત આફતો જેવાં બાહ્ય પરિબળો વંચિતતાને વધુ ઘેરી બનાવે છે. આમ, સતત આવી પરિસ્થિતિને કારણે ઊભી થતી સમસ્યાઓને કારણે કુટુંબમાં અન્નની અસુરક્ષા ઘર કરી બેસે છે.
આ કાર્યક્રમમાં ૧૦ મુદ્દાના એકશન પ્લાન અમલમાં મૂકવાની ભલામણ થઈ છે:

- ભૂખ અને અપૂરતા પોષણથી પીડાતી વ્યક્તિઓ અને કુટુંબો શોધી કાઢવાં.
- અધિકારોની માહિતીનો ફેલાવો.
- પ્રોટીન, કેલેરીની ઉણપના કારણે સર્જાતા છૂપા ભૂખમરાને દૂર કરવો.
- સુરક્ષિત પીવાલાયક પાણી અને પર્યાવરણીય સ્વચ્છતાની ખાતરી આપવી.
- કાયમી આજીવિકા દ્વારા ખરીદ શક્તિ વધારવી.
- મહિલાઓ અને બાળકો ઉપર વિશેષ ધ્યાન આપવું.
- આપત્તિ નિવારણ તંત્રને વિકાસ સાથે જોડવું.
- ખેત ઉત્પાદનોને વધુ સારું બજાર મળી રહે તેવી ખાતરી આપવી.

## સર્વોચ્ચ અદાલતની ભૂમિકા

૨૦૦૧માં પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (પી.યુ.સી.એલ.), રાજસ્થાન દ્વારા સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી કારણ કે રાજસ્થાન અને ઓરિસ્સામાં ભૂખમરાના કેસો નોંધાયા હતા. સાથે સાથે રાષ્ટ્રીય સ્તરે પણ આ ઝુંબેશ ઉપડી. એના અનુસંધાને રાજસ્થાન તથા અન્ય રાજ્યોમાં જનસુનાવણી કરી. ૨૦૦૨માં

સુપ્રિમ કોર્ટે તેના આધારે જાહેર વિતરણ વ્યવસ્થા, અંત્યોદય અન્ન યોજના, અન્નપૂર્ણા યોજના, મધ્યાહ્ન ભોજન, આઈ.સી.ડી.એસ., રાષ્ટ્રીય માતૃત્વ કલ્યાણ યોજના, રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ યોજના અને રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાને અન્ન સુરક્ષા માટેની પાયાની યોજનાનો દરજ્જો આપી આ તમામના અમલ માટે સમયાંતરે ૧૨ વચગાળાના આદેશો આપ્યા અને તેના કડક પાલન માટે રાજ્ય સરકારને જણાવ્યું. દરેક રાજ્યમાં તેની દેખરેખ માટેનું માળખું રચ્યું અને સાથે સાથે ખાસ કમિશનરની નિમણૂક કરવામાં આવી.

## અન્ન સુરક્ષા અધિકાર અભિયાન – ગુજરાત

છેલ્લા એક દાયકા અને તેનાથી વધુ સમયથી ખંતપૂર્વકના પ્રયત્નો બાદ પણ બે ટંકના રોટલાના પ્રશ્નનો હલ મળ્યો નથી. આવા સંજોગોમાં વર્તમાન તથા ભવિષ્યની ટકાઉ અન્ન સુરક્ષા અને ગરીબી નિવારણના પ્રયાસોની તાતી જરૂર છે. તે માટે પંચમહાલ-દાહોદ તથા સૌરાષ્ટ્ર વિસ્તારની કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ તથા લોક સંગઠનોને અન્ન સુરક્ષા અધિકાર અભિયાનની જરૂરત લાગી. યોજનાકીય સુધારણા જ નહીં પણ આજીવિકાનાં સંસાધનો પર ગરીબ કુટુંબોની પહોંચ વધે તેમ જ ન્યાયી વહેંચણી થાય તે ખૂબ જ જરૂરી છે. અન્ન સુરક્ષા અધિકાર અભિયાન-ગુજરાત આ દિશામાં એક પગલું છે. રાષ્ટ્રીય સ્તરના અધિકાર અભિયાન સાથે ગુજરાતનું અભિયાન જોડાયેલું છે. કારણ કે આ મુદ્દો કોઈ એક વિસ્તાર કે સંસ્થા સંબંધિત નથી. પરંતુ તેનો વ્યાપ જોતાં રાજ્ય સ્તરે સંગઠિત પ્રયાસો માંગી લે તેમ છે. તે માટે ફક્ત સંશોધન કે કાર્યશાળા પૂરતું નહીં પણ ઝુંબેશ સ્વરૂપે બધા સહભાગી બને તે હેતુથી અન્ન સુરક્ષા અધિકાર અભિયાનના નેજા હેઠળ નીચે મુજબની પ્રક્રિયા થઈ:

- મહિલાઓની નજરે અન્ન અસુરક્ષા સમજવાના હેતુથી સહભાગી સંશોધન પ્રક્રિયા - અન્ન ઉપલબ્ધતાનો અભ્યાસ.
- સ્વૈચ્છિક સંસ્થાના કર્મશીલોની આ મુદ્દે વૈચારિક સમજ અને વાસ્તવિક પ્રયાસ વધે તે માટે કાર્યશિબિર.
- ક્ષેત્રીય સમસ્યાઓ અને પરિબળોના આધારે સમુદાયના લોકો સાથે અધિવેશન.
- અન્ન સુરક્ષા અંગેની સરકારી યોજનાઓની અસરકારકતા અને ખામીઓનો અભ્યાસ.

## અન્ન સુરક્ષા અધિકાર અભિયાનનો અભ્યાસ

૨૦૦૪ના પ્રારંભમાં પંચમહાલ-દાહોદ તથા સૌરાષ્ટ્ર વિસ્તારની ગ્રામ વિકાસ તથા મહિલા સશક્તિકરણના કાર્ય સાથે જોડાયેલી સંસ્થાઓએ અવારનવાર મીટિંગ અને ચર્ચા બાદ કુટુંબના સ્તરે અન્ન ઉપલબ્ધતાની સ્થિતિનો અભ્યાસ શરૂ કર્યો. આ અભ્યાસની શરૂઆતમાં પટ્ટી-કલ્સ્ટરના સ્તરે બહેનોની સમજ મુજબ અન્ન સુરક્ષા એટલે શું, અન્નની અસુરક્ષાનાં કારણો, તેની અસરો અને તે માટે જવાબદાર પરિબળો સમજવા માટે બેઠકો યોજી. આ બેઠકોમાં સ્થાનિક સહભાગી મૂલ્યાંકન અને આયોજન માટે માધ્યમોનો ઉપયોગ થયો. સમસ્યા સમજવા માટે જ્યારે ઝાડનાં મૂળ એટલે કારણ અને ડાળીઓને તેની અસર સાથે સરખાવી ત્યારે બહેનોએ તેને દુ:ખને ઝાડ કહ્યું. દુ:ખનાં ઝાડ દ્વારા સ્પષ્ટ થયું કે આદિવાસી વિસ્તાર, દરિયાકાંઠાના વિસ્તાર, સ્થળાંતર કરી જીવન નિર્વાહ કરતી વસ્તીઓમાં બે ટંકનાં રોટલા અને ટકી રહેવાનાં પ્રશ્નો જુદા પ્રકારનાં છે. જમીન વિહોણાં, જમીન ગીરવે મૂકાઈ જવી, અશક્ત, નિરાધાર કુટુંબોની પરિસ્થિતિ તો ખૂબ જ ગંભીર છે. કુંટુંબ સ્તરે અન્ન સુરક્ષાની સ્થિતી સમજવાની સાથે સરકારની અન્ન આધારિત યોજનાઓની સ્થિતી પણ સમજવાની કોશિષ કરી.

### બાર મહિના માટેની અન્ન ઉપલબ્ધતાનું સર્વેક્ષણ

અન્ન સુરક્ષા અધિકાર અભિયાનના નેજા હેઠળ પંચમહાલ-દાહોદમાં ૧૪૩૫ કુટુંબોના અભ્યાસમાંથી તરી આવ્યું કે કુટુંબમાં અન્નની અછતની શરૂઆત મુખ્યત્વે ગુજરાતી મહિનાના ચૈત્રથી ભાદરવા સુધી વર્તાય છે. તેમાં ૧૯.૨૩ ટકા લોકો એટલે ૨૭૬ લોકો બારે માસ અન્ન અસુરક્ષિત અનુભવે છે. ૧૦ ટકા લોકોને જ બારે માસ પૂરતું ખાવાનું મળે છે. જ્યારે રાજકોટ જિલ્લાના માળિયા તાલુકાનાં ૬૫૪ કુટુંબોના અભ્યાસમાંથી જાણવા મળ્યું છે કે લોકોને ચૈત્રથી અષાઢ માસ સુધી અન્નની અસુરક્ષા રહે છે. તેમાં ૧૪.૯ ટકા લોકો જ બારે માસ સુરક્ષિત છે.

### ગરીબ કોણઃ સામાજિક-આર્થિક સર્વેક્ષણની આંટીઘૂંટી

બી.પી.એલ. કુટુંબમાંથી વિભાજિત થતાં કાર્ડને માત્ર એ.પી.એલ કાર્ડ આપવામાં આવે છે. એવા પણ દાખલા છે કે સદ્ધર કુટુંબોને બી.પી.એલ. કાર્ડ છે અને ગરીબ કુટુંબોને એ.પી.એલ. કાર્ડ અપાયાં છે.

મકાન, જમીન અને ખર્ચ કરવાની ક્ષમતાના આધારે જો ગરીબી રેખા નીચેનાં કુટુંબો નક્કી થતાં હોય તો જેમનાં ઘર કાચાં છે, રમખાણમાં બળી ગયાં છે તેમ જ જમીન ગીરવે મુકાઈ ગઈ હોય તેવાં કુટુંબો કેવી રીતે એ.પી.એલ. હોઈ શકે તે પ્રશ્ન છે.

માળિયા તાલુકામાં બી.પી.એલ.ની પાત્રતા ધરાવતાં ૨૭૮ કુટુંબોએ અરજી કરીને પોતાની કુટુંબની પરિસ્થિતિ જણાવીને આ અંગે તપાસ માટે સરકારને વિનંતી કરી છે કે સરકાર તપાસે કે તેઓ ગરીબ છે કે કેમ?

ઘણી બધી અરજીઓ એવી હતી કે જે બી.પી.એલ. કાર્ડ ધારક હોય

તેમને એ.પી.એલ. કાર્ડના સિક્કા મારેલા છે. આ મોટો ગૂંચવાડો છે. હાલ માત્ર નવા કાર્ડ અપાય તો એ.પી.એલ. જ આપે છે. તેમાં કુટુંબોની પરિસ્થિતિ જોવાતી નથી. સમગ્ર સ્તરે બી.પી.એલ. ઓળખતા માપદંડ માટે ક્યાંય પણ સ્પષ્ટતા નથી. અમે વધુમાં વધુ આવા પ્રકારની અરજી મેળવી. ગરીબ કે વિધવા બહેનો માટે બી.પી.એલ. કાર્ડ દ્વારા જ અન્ય યોજનાનો લાભ મળી શકે. તેથી તેમના માટે એ બહુ જ અગત્યનું છે. ઘણા જરૂરિયાતવાળા લોકો પાસે બી.પી.એલ. કાર્ડ હતા પણ નવા કાર્ડ ભૂકંપ, કોમી રમખાણો કે વિભાજિત થતાં એ.પી.એલ. થઈ ગયાં. એટલે કે તેઓ ગરીબી રેખાથી ઉપર આવી ગયા. સરકારી તંત્રનો પુરવઠા વિભાગ જણાવે છે કે સર્વેક્ષણ કરવાની જવાબદારી ગ્રામ વિકાસ વિભાગની છે.

ઉપરોક્ત આંકડા જોતાં ૫૦ ટકા એ.પી.એલ. અને બી.પી.એલ. કુટુંબો ૬ મહિનાથી વધારે અન્નની અસુરક્ષા અનુભવે છે. આ આંકડા દેશના ગરીબ લોકોના સામાજિક સર્વેક્ષણમાં પણ પ્રતિબિંબિત થાય છે. આ ફક્ત આદિવાસી વિસ્તારમાં જ સર્વેમાં જોવા મળ્યું છે તેવું નથી. સૌરાષ્ટ્રના અન્ય તાલુકાઓમાં પણ અન્નની અસુરક્ષા માટે નોંધપાત્ર તફાવત જોવા મળતો નથી. એ.પી.એલ. અને બી.પી.એલ.નું ખોટું વર્ગીકરણ ગરીબીના લક્ષ્યાંકને તોડવા અસમર્થ બને છે.

## કુપોષણની મહિલા સ્વાસ્થ્ય પર થતી અસર

### બારિયાની જનસુનાવણી દરમ્યાન મળેલ વિગતો

શું તમે સ્વસ્થ છો? ડેસ્ક પર દરેક સહભાગીનું હિમોગ્લોબીન તથા વજન અને ઊંચાઈ માપવા માટે આરોગ્ય સ્વંયસેવક બહેનો તથા દેવગઢ મહિલા સંગઠનની આરોગ્ય સમિતિ હાજર હતી. અન્ન અસુરક્ષા તેમાંય પોષણયુક્ત ખોરાકની કમીની અસર વ્યક્તિની તંદુરસ્તી પર પડે છે. ૪૦૦થી વધુ મહિલા સહભાગીઓમાંથી ૩૦ ટકાથી વધુ બહેનોમાં ૭ ટકાથી ૧૦ ટકા પ્રમાણમાં હિમોગ્લોબીન હતું. લગભગ ૭ ટકા જેટલી બહેનોમાં ૭.૪ ટકા પ્રમાણમાં હિમોગ્લોબીન હતું. જ્યારે કેટલીક બહેનોને તો ૪ ટકાથી પણ ઓછું હિમોગ્લોબીન હોવાનું તપાસ બાદ સ્પષ્ટ થયું હતું. આ તમામ બહેનોને સફેદ રંગની રિબન બાંધવામાં આવી હતી. ૧૦ ટકાથી વધુ હિમોગ્લોબીનવાળી બહેનોને લાલ એટલે કે થોડું તંદુરસ્ત લોહી દર્શાવતી રિબન બાંધી હતી.

આ પ્રક્રિયાથી બહેનોને પોતાને પણ સમજાય કે તેમનું હિમોગ્લોબીન તેમની અશક્તિનું સૂચક છે. મોટા ભાગની બહેનોમાં ઉંમર, ઊંચાઈ તથા વજન સપ્રમાણ ન હતાં. શરૂઆતમાં જે બહેનો ટેસ્ટ માટે લોહીનું ટીપું આપવા માટે ડરતાં હતાં તેઓ બીજી બહેનોને જોઈ હિંમત કરવા લાગ્યા. ડૉ. શ્રીધરે સ્પષ્ટ કર્યું કે સામાન્ય રીતે ૧૨ ટકા હિમોગ્લોબીન સ્ત્રીઓ માટે પ્રમાણસર ગણી શકાય. અધિવેશનમાં ઉપસ્થિત જાગૃત મહિલા આગેવાનોમાં ઘણી મોટી સંખ્યામાં ૧૦ ટકાથી ઓછા હિમોગ્લોબીનવાળી મહિલાઓ છે. આ બધી જ બહેનો સફેદ રિબનવાળી હતી. મંડપમાં આટલી બધી બહેનો કુપોષિત છે તે જોયું તો પ્રશ્નની ગંભીરતા આપોઆપ સ્પષ્ટ થઈ. તેમણે કહ્યું કે ગુજરાતની સરેરાશ ઓછા હિમોગ્લોબીનવાળી મહિલાઓ કરતાં અહીં આદિવાસી ક્ષેત્રની મહિલાઓ બમણી સંખ્યામાં છે. તે દર્શાવે છે કે જ્યાં ગરીબી છે ત્યાં અન્નની કમી છે અને વધુ કુપોષણ છે. ક્ષેત્રીય અધિવેશનની શૃંખલાની શરૂઆત તા. ૬-૭, ડિસેમ્બર, ૨૦૦૪ દેવગઢ બારિયા અને તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૫ માળિયામાં થઈ. તેને સારો પ્રતિસાદ સાંપડ્યો.

### જનસુનાવણીનો હેતુ

(૧) વિભિન્ન અન્ન સુરક્ષા યોજનાઓ વિશે માહિતગાર કરવા.

(૨) વિભિન્ન યોજનાના અમલીકરણ અથવા નીતિના કારણે વંચિત વર્ગને ઓળખવા, તેમની સમસ્યા સમજવી.

(૩) લોકોને પોતાના હક્કની જાગૃતિ વધે તે માટેના પ્રયાસો કરવા. જનસુનાવણી કરવાનો મુખ્ય આશય ફક્ત પ્રશ્નો ઉજાગર કરવાનો નહીં પણ તેનો ઉકેલોથી બહોળા સમુદાય પર તેની અસર થાય તે છે. લોકતંત્ર સુદૃઢ બનાવવા વધારે પારદર્શક વ્યવસ્થા અને પૂરતી માહિતી અગત્યનું અંગ છે.

### અન્ન સુરક્ષા અંગેની યોજના વિશેનાં તારણો

ગરીબી રેખાથી નીચેનાં કુટુંબોને (બી.પી.એલ. કાર્ડ ધારક) તેમ જ ગરીબી રેખાથી ઉપરનાં કુટુંબો (એ.પી.એલ. કાર્ડ ધારકો) અને અંત્યોદય અન્ન યોજના હેઠળ આદિમ જૂથોનો સમાવેશ કરી લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા યોજના હેઠળ અનાજ વિતરણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ગરીબી રેખા નીચે જીવતાં પરિવારોને શોધવાની જવાબદારી રાજ્ય સરકારની છે. ગરીબો અંગેના સૂચિત માપદંડોને આધારે પસંદગી કરવામાં આવે છે. સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને એ આદેશ આપ્યો છે કે, લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અનાજ ઉપલબ્ધ કરાવવું. પૂર્ણ રૂપથી કેન્દ્ર સરકારની તે જવાબદારી છે. જો કોઈ રાજ્ય તેનું પાલન ના કરે તો આ યોજના અંતર્ગત નિયમાનુસાર કેન્દ્ર સરકાર આવશ્યક પગલાં ઉઠાવશે. કેન્દ્ર સરકાર એવું નક્કી કરશે કે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાની ફરિયાદના અરજી ફોર્મ છૂટથી વિનામૂલ્યે મળે અને ફરિયાદોનું ઝડપી અને અસરકારક નિવારણ ચોક્કસ થાય તે માટે સ્થળ ઉપર જ અસરકારક વ્યવસ્થા તંત્ર હોય. પી.ડી.એસ. કંટ્રોલ ઓર્ડર - ૨૦૦૧ના અસરકારક અમલ માટે તા.૨૩.૬.૨૦૦૩ના પરિપત્રને અધીન સસ્તા અનાજની દુકાનના દુકાનદારે દરરોજ મુખ્ય જગ્યાએ

નીચેની બાબતોનો નોટિસ બોર્ડમાં ઉલ્લેખ કરવાનો હોય છે:

(૧) ગરીબી રેખાથી નીચેના તથા અંત્યોદય લાભાર્થીઓની યાદી.

(૨) આવશ્યક ચીજવસ્તુઓનું રેશન કાર્ડ ધારકને આપવાનું પ્રમાણ.

(૩) વેચાણનું ધોરણ.

(૪) છૂટક વેચાણની કિંમત.

(૫) વાજબી ભાવની દુકાન ખોલવાનો અને બંધ કરવાનો સમય.

(૬) માસ દરમ્યાન મેળવેલો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો.

(૭) માસ દરમ્યાન ઉઘડતો અને બંધ જથ્થો.

અમારા અભ્યાસ દરમ્યાન બહુ ઓછી જગ્યાએ નોટિસ બોર્ડ હતાં. જ્યાં નોટિસબોર્ડ ન હતાં ત્યાં બહેનોએ દુકાનદારને પૂછતાં તેઓએ કહ્યું કે, નોટિસ બોર્ડના પૈસા નથી. જ્યાં નોટિસ બોર્ડ છે ત્યાં ઉપરની વિગતો દર્શાવેલી ન હતી. જ્યાં દર્શાવી હતી ત્યાં અઠવાડિયા કે ૧૫ દિવસ પહેલાંના સ્ટોક દર્શાવેલા. અઠવાડિયાના ૧ દિવસ બંધ રહેવાના બદલે મહિનાના વધારેમાં વધારે ૨થી ૪ દિવસ જ દુકાનો ખૂલતી હતી. તેથી બાકી રહી ગયેલા ગ્રાહકોને અનાજ-કેરોસિન મળતું નથી. ગામથી દુકાનનું અંતર ૩-૮ કિ.મી. દૂર છે. અને માળિયામાં વધુમાં વધુ ૨૩ કિ.મી. દૂર છે. ચોમાસામાં, બસ ભાડું ન હોય ત્યારે અથવા અનાજ-કેરોસિન આવ્યાની જાણ ન થાય તો સમય અને ભાડાનો ખર્ચ થાય છે. ડુંગરાળ વિસ્તારમાં ચાલીને જવું પડે છે.

### અન્ન સુરક્ષા માટે ટકાઉ આજીવિકા

રોજીરોટી માટે આદિવાસી વિસ્તારોમાં તક નથી તેથી સ્થળાંતર કરવું પડે છે. જો ગામમાં જ કામ સામે અનાજ મળી રહે તો આજીવિકાના પ્રશ્નની તીવ્રતા ઘટી શકે. એસજીઆરવાય, ખેત તલાવડી જેવા કામ સામે અનાજ (ફૂડ ફેર વર્ક)ની ચર્ચા કરતાં કેટલા મહત્ત્વના અનુભવો જાણવા મળ્યા. સામાન્ય રીતે અછતના સમયે જ આની જાહેરાત થતી હોય છે. આ કાર્યક્રમની જાહેરાત ગામમાં બહુ જ મોડી થાય છે તે કારણે ઘણા બધા લોકો પહેલાં જ સ્થળાંતર કરી ચૂક્યા હોય છે. જાહેરાત પણ આખા ગામમાં થતી નથી. બી.પી.એલ. માટે પ્રાથમિકતાનું માપદંડ હોવા છતાં તેનું પાલન થતું નથી. આ કારણે મજૂરો કામ માટે જોડાતા નથી અને સરકાર સમજી બેસે છે કે લોકોને કામ કરવું નથી. ક્યારે તો જે.સી.બી. દ્વારા પણ કામ કરવામાં આવે છે. અનાજની કૂપનો નિયમાનુસાર તરત બીજે અઠવાડિયે ન મળે, અનાજ ન મળે. દુકાનદાર પાસે જથ્થો અપૂરતો હોય તેવી પરિસ્થિતિમાં ઘરમાં અનાજની તીવ્ર અછત ઊભી થાય છે. આ બધા જ પ્રશ્નોની સાથે સાથે ગામમાં પૂરતી, નિયમિત, સુરક્ષિત રોજગારી મળી રહે તે માટે માગણી ઊભી થઈ. રાષ્ટ્રીય સ્તરે કામના અધિકારની ઝુંબેશની સાથે પોતાનો સૂર પૂરાવ્યો.

## અસરો

બન્ને વિસ્તારમાં જનસુનાવણીના લીધે જે તે વિભાગના સંલગ્ન તંત્રના અધિકારીઓમાંથી સંવેદનશીલ અધિકારીઓએ હકારાત્મક પ્રતિભાવ આપ્યા તે નીચે મુજબ છે:

- જે તાલુકાની અરજી હતી તેમાં વાજબી ભાવની દુકાનોમાં તપાસો થઈ, અરજદારોની અરજીના અનુસંધાને તેમની હકીકતો જાણવાનો પ્રયાસ થયો. ક્યાંક કયાંક હકીકતોને ઢાંકવાનો પણ પ્રયાસ થયો!
- પંચમહાલ-ગજાપુરા ગામમાં રેશન કાર્ડમાં પૂરા અનાજ વિતરણની નોંધ કરેલી હતી જે પ્રમાણે ખરેખર મળ્યું ન હતું. જેટલા માસનું બાકી હતું તે લોકોને બોલાવીને પૂરું અનાજ આપ્યું.
- માળિયામાં અરજી કરેલા દરેક ગામમાં પ્રથમ વખત લોકોને માલની પહોંચ મળી. તેના માટે ૪૦ બહેનોએ અરજી કરેલ હતી.
- રેશનિંગની દુકાનમાં માલ આવતાં ગામમાં દુકાનદારે સમાચાર મોકલ્યા.
- નિયમ ભાવ કરતાં વધુ પૈસા લેતા બંધ થયા.
- રેશન કાર્ડ મેળવવા માટે વર્ષોથી લોકો ધક્કા ખાતા હતા. તેવા ૧૧૨ લોકોની અરજીઓ આવેલી હતી. તેમના રેશન કાર્ડ નવા કરવાની વિભાજિત કરવાની ત્વરિત કાર્યવાહી ચાલુ થઈ.
- દેવગઢ બારિયામાં આંગણવાડીમાં ૬ મહિનાથી સ્ટોક આવ્યો નહોતો, તે સ્ટોક આવી ગયો.
- નવી આંગણવાડીની માંગણી હતી. તેના માટે જિલ્લામાં મંજૂરી માંગવામાં આવી.
- મધ્યાહ્ન ભોજન યોજનાની માળિયા તાલુકામાં જે ફરિયાદો હતી તેની તપાસ કરી સમગ્ર તાલુકામાં ચોકસાઈ રાખવાનું આયોજન કર્યું.
- લોકો પોતાના હક્ક પ્રત્યે સભાન થયા. તેમને માહિતીની જાણકારી મળી અને લોકોને તંત્રને જવાબદાર બનાવવામાં મદદ મળી.

આની સાથે સાથે ક્ષેત્રીય સ્તરે હકીકતો અને ગેરરીતિ બહાર આવતાં હલચલ મચી. સ્થાપિત હિત ધરાવતા લોકોએ વિરોધ દર્શાવ્યો. ખોટી અફવાઓ ફેલાવી અને સંસ્થા પર દબાણ લાવ્યા. આ સુનાવણીના પડઘા રાજકીય સ્તરે પણ થયા. એક બાજુ રાજકીય દબાણ અને બીજી બાજુ તપાસની અંદર વાસ્તવિકતા છુપાવવા માટે બહેનો પર દબાણ, આ બન્ને દબાણનો સામનો સામૂહિક તાકાત અને આગેવાન બહેનોએ નીડરતાથી કર્યો.

## લાંબી મંઝિલ

ઉપર દર્શાવેલ અસરોથી ફેરફાર ચોક્કસ જણાયા છે પરંતુ તે વ્યવસ્થાના માળખામાં ટકાઉ બને તે જરૂરી છે. તેમ જ વ્યવસ્થામાં ચુસ્તતા

લાવવા સમગ્ર રાજ્ય સ્તરનું દબાણ જરૂરી છે. તેમાં ઘણા વધારે પ્રયાસોની જરૂર છે. તેની સાથે અન્ન સુરક્ષા ઊભી કરવા રાજકીય ઈચ્છાશક્તિ પણ એટલી જરૂરી છે. અમલનું માળખું વધારે સુદ્રઢ અને પારદર્શક બને તેમ જ ફરિયાદોના નિકાલ માટે વ્યવસ્થાતંત્ર દ્વારા પૂરતી માહિતી અને તે માટે યોગ્ય ત્વરિત પગલાં લેવાની જરૂર છે. બી.પી.એલ. અને એ.પી.એલ.ના માપદંડોને વધારે ચોકસાઈપૂર્વક તપાસીને વાસ્તવિક જરૂરિયાતવાળા લોકોને મળે તે માટે ચકાસણીની જરૂર છે. અભ્યાસો દ્વારા ફલિત થાય છે કે ઉનાળાથી ચોમાસા સુધીના મહિનાઓમાં અન્નની અસુરક્ષા વધારે વર્તાય છે તેવા મહિનામાં કામની સામે અનાજ, ધાન બેંક, સસ્તા ભાવે વધારે અનાજ મળે વગેરે જેવા વિકલ્પો વધારવા અને પૂરા પાડવાની જરૂર છે.

સમગ્ર સીસ્ટમમાં ગરીબોનું હિત અને તેનો અવાજ દબાવાના પ્રયાસો વધારે થાય છે. આખી વ્યવસ્થામાં જેને ફાયદો થાય છે તેને વહીવટી તંત્ર સાથ આપે છે અને સાઠગાંઠ મજબૂત બને છે. પણ જ્યારે મહિલા મંડળો કે ગરીબ કુટુંબો સંગઠિત થઈને પગલાં લે છે ત્યારે સત્તાનાં પરિમાણો બદલાય છે. આ માળખામાં કશું ન થાય તેવા અભિગમમાંથી બહાર નીકળી અને હકારાત્મક બદલાવ માટે શુ થઈ શકે તે વિચારવું જરૂરી છે. સરકારી તંત્ર અને રાજકારણની ગરીબોના તરફેણમાં ન્યાયી પગલાંની તાતી જરૂરિયાત છે.

## સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

- સ્થાનિક મહિલા મંડળો તથા ગ્રામ પંચાયત દ્વારા અન્ન અસુરક્ષા ધરાવતાં કુટુંબોની યાદી તૈયાર કરવી.
- ગ્રામ પંચાયત તથા મહિલા મંડળ યોજનાકીય જાણકારી આપવી તેમ જ લોકોને પોતાના હક્ક મેળવતા થાય તે માટે જાગૃત કરવા. જ્યાં અવરોધ આવે ત્યાં ટેકો આપી અને હિંમતપૂર્વક સામનો કરે તેવા પ્રયાસ જરૂરી છે.
- વિસ્તારનો અભ્યાસ કરવો. તેથી સમગ્ર રાજ્યનો અવાજ વધી શકે.
- અન્નની અસુરક્ષાના પ્રશ્નો ઉકેલવા લોકો તૈયાર થાય તેવા પ્રયાસો કરવા.
- નીતિવિષયક બાબતો માટે સ્થાનિક સંગઠનો સાથે રહીને હિમાયત કરીએ. આ ઝુંબેશમાં માધ્યમ તંત્ર, પંચાયત સંગઠન, કર્મશીલોને, સરકારને વધુમાં વધુ લોકોને જોડીએ.
- સારી ગ્રામ પંચાયત અને સરપંચોને લોકોની જાણમાં લાવવા.

## મહિલા મંડળ કે સંગઠનની ભૂમિકા

- ગ્રામ સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવું.
- એ.પી.એલ., બી.પી.એલ.ની હકીકત તરફ પ્રશ્નો પૂછવા. ખોટા બી.પી.એલ.નું નામ કમી કરાવવા હિંમત દાખવવી.
- ગરીબ કુટુંબો શોધવાં અને તેમનો અંત્યોદય અને અન્નપૂર્ણામાં સમાવેશ થાય તે માટે પંચાયતને જાણ કરવી.

## ગ્રામ પંચાયતની ભૂમિકા

- પંચાયતમાં ચૂંટાયેલા સરપંચ, સભ્યો સ્થાનિક સ્તરે સાચા ગરીબો ના છૂટી જાય તેના માટે ઠરાવ દ્વારા તમામનો સમાવેશ કરે.
- ગરીબ લોકોની અન્ન સુરક્ષા ઊભી થાય તેવાં યોજનાકીય કામો લાવવા પ્રયત્નશીલ રહે.
- પંચાયત પોતાની સત્તાનો ઉપયોગ કરીને ગામની દરેક યોજના કાયદેસર રીતે ચાલે તે માટે પ્રયાસ કરે.

## જનસુનાવણીમાં આવેલા કેસોની ઝલક

આ બન્ને જનસુનવાઈમાં કુલ ૧૧૧૯ ફરિયાદ અભિયાનને અરજીઓ આવેલી. બારિયા ખાતે જનસુનાવણીમાં રાજ્ય સ્તરના સામાજિક કર્મશીલ ચિંતકો, અભ્યાસુઓ અને અન્ન સુરક્ષા સંલગ્ન વિભાગના તાલુકા અને જિલ્લા સ્તરના અધિકારીગણ, ગુજરાત રાજ્યના સી.એ.જી. ઉપસ્થિત રહ્યા. માળિયા ખાતે જનસુનાવણીમાં ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠાના અગ્રસચિવશ્રી, નાગરિક પુરવઠા નિગમના ડાયરેક્ટરશ્રી, જિલ્લા અને તાલુકા સ્તરના અધિકારીગણ તથા ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત જજ અને સિનિયર એડવોકેટ હાજર રહ્યા હતા. આ બે જનસુનાવણીઓ દરમ્યાન જે પ્રતિનિધિરૂપ કિસ્સાઓ રજૂ થયા તેમની વિગતો તેમના શબ્દોમાં અહીં આપી છે:

### સસ્તી ખાંડ મોંઘી કરી

- ઘોઘંબા તાલુકાના ગજાપુરાના દમાભાઈ મગનભાઈ. તેમના પરિવારમાં તેમની પત્ની અને ૪ બાળકોનો સમાવેશ થાય છે. બાળકોની ઉંમર ૮થી ૧૫ વચ્ચે છે. તેમનાં પત્ની શારીરિક રીતે અશક્ત છે અને ચાલી શકતાં નથી. અને મોટી દીકરી અંધ છે. તે પોતે છૂટક મજૂરી કરે છે. અને મજૂરી ન મળે તો વર્ષના ઘણા દિવસ ભૂખ્યા રહેવું પડે છે. બી.પી.એલ. કાર્ડ માટે અરજી કરી છે.
- શહેરા તાલુકાના ખોજલવાસ ગામના ગલીબેન કાળુભાઈ બારીઆ વિધવા અને નિરાધાર છે. ત્રણ દીકરીઓ પરણી ગઈ છે. વિધવા સહાયની અરજી કરી છે, પરંતુ હજુ સુધી સહાય મળતી નથી. તેમનું એ.પી.એલ. કાર્ડ છે.

### ૩૫ કિલો અનાજ મળશે?

- નવલખી ગામના એમણા સલેમાન બુરાડ ગોદડા બનાવીને તો

ક્યારેક માછલી મળે તો વેચીને માંડ માંડ ગુજરાન ચલાવે છે. રહેવા માટે છાપરું છે. જમીન નથી છતાંય એ.પી.એલ. કાર્ડ આપેલ છે. તેના પતિને બી.પી.એલ. કાર્ડમાં સમાવેશ કરેલ છે. માત્ર ૯ લિટર કેરોસિન મળે છે. અંત્યોદય યોજના અને વિધવા પેન્શન માટેની અરજી કરેલ છે. સરકારમાંથી વિધવા પેન્શનમાં અઢી વર્ષમાં એક વાર રૂ. ૬૬૦/- મળેલા છે. તે સિવાય ક્યારેય મને સરકારમાંથી પૈસા મળ્યા નથી.

- હરિપર ગામના જેડા જરીનાબહેન તથા ફતેમામદ જેડા વિધવા મહિલા છે. જમીન નથી, ભૂકંપ સહાયમાં મકાન બનાવેલું છે. સરકારમાંથી ગામના સૌથી વધારે ગરીબ કુટુંબનું કાર્ડ (શ્રમયોગી) આપેલ છે. છતાંય રેશનકાર્ડ એ.પી.એલ. આપવામાં આવેલ છે. તેથી માત્ર કેરોસિન ૯ લિ. મળે છે. બાકીનું અનાજ મોંઘા ભાવે બજારમાંથી ખરીદવું પડે છે. તેમની અરજી કાર્ડ બી.પી.એલ. કરી આપવા તેમ જ અંત્યોદય યોજનામાં સમાવેશ કરવા માટે છે.
- ઘોંઘબા તાલુકાના ખરખડી ગામના શારદાબહેન નાયર તેમના પતિ શારીરિક ખોડ ખાંપણવાળા હતા. તેમની પેટની બીમારી થઈ દવાના પૈસા ન હોવાથી મૃત્યુ પામ્યા. તેમને ૩ છોકરા અને ૧ છોકરી છે. છૂટક મજૂરી કરી જીવન ગુજારે છે. અને બી.પી.એલ. કાર્ડ ધરાવે છે. કાર્ડ ૫ લી. કેરોસિન મળે છે. અને ૧૦ લિટરની ખોટી નોંધ કરવામાં આવે છે. ઘઉં, ચોખા પૈસા ન હોવાથી ખરીદતા નથી. પણ કાર્ડમાં દરેક મહિનામાં નોંધ કરેલી છે. પાવતી માંગે તો પણ આપવામાં આવતી નથી. અંત્યોદય યોજના માટે અરજી કરેલી છે.
- ઘોઘંબા તાલુકાના બારિયાફળી ગામના અલીબહેન મંગળસિંહ બારીઆ. આ બહેન વિધવા છે. તેમને નવું એ.પી.એલ. કાર્ડ મળેલ છે. પણ અનાજ મળતું નથી. વિધવા સહાય મળતી નથી. તેઓને એક બાળક હોવાથી તેમ જ નિરાધાર અને જમીન ન હોવાથી મજૂરી કરી જીવે છે. ઘણા દિવસો મજૂરી ના મળે. અંત્યોદય યોજના માટે અરજી કરેલી છે.
- શહેરા તાલુકાના નવા મહેલાણ ગામના ભૂરાભાઈ મોતીભાઈ પટેલિયા તેમની ઉંમર ૬૮ વર્ષની છે. ફળિયાના લોકો રોટલો આપે ત્યારે ખાય છે. અડધો એકર જમીન છે. પણ વૃદ્ધ થઈ ગયા હોવાથી કામ નથી કરી શકતા, તેઓ એ.પી.એલ. કાર્ડ ધરાવે છે. અંત્યોદય યોજના અને અન્નપૂર્ણા યોજના માટે અરજી કરેલ છે.

### આપે ઓછું, લખે વધુ

- માળિયા તાલુકાના કુંભારિયા ગામના મોરતરિયા પોલાભાઈ ચનાભાઈ. તેમનું રેશન કાર્ડ અંત્યોદયનું છે. પણ યોજના મુજબ રાશન મળતું નથી. કયારેક ૫ કિલો તો ક્યારેક ૧૦, તો ક્યારેક ૨૦ કિલો આપે છે અને દર મહિને કાર્ડમાં ૨૦ કિલો ઘઉં લખેલા હોય છે.
- માળિયા તાલુકાના વર્ષામેડી ગામના દિવાળીબહેન મેસુરભાઈ. તેઓ અંત્યોદય યોજનાની લાભાર્થી છે. પરંતુ છેલ્લાં ૩ વર્ષથી તેમને દર મહિને અંત્યોદય યોજનામાં ૯ કિલો ઘઉં અને ૩.૫ કિલો ચોખા આપે છે. અને તેમના રેશન કાર્ડમાં ત્રણ મહિના પહેલાં ૨૦ કિલો ઘઉં અને ૫ કિલો ચોખા લખેલા છે. અને છેલ્લા ત્રણ મહિનાથી ૨૮ કિલો ઘઉં અને ૭ કિલો ચોખા લખે છે. ૩ વર્ષથી મળવાપાત્ર ઘઉં અને ચોખા મળતા નથી. રેશનિંગની દુકાનમાં માત્ર ૩થી ૪ દિવસમાં જ આપવામાં આવે છે. અને પછીથી લેવા જાય તો દુકાનદાર એમ કહે છે કે અનાજ પૂરું થઈ ગયું છે, આવતા મહિને આવજો.
- દેવગઢ બારિયા તાલુરાના સાગટાળા ગામના ભીમાભાઈ કલાભાઈ નાયક અને મગનભાઈ ભીમાભાઈ નાયક. તેમણે ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૦૪માં ફક્ત ૫ લિટર કેરોસિન લીધેલું છે. પણ કાર્ડમાં ૯ કિલો ઘઉં, ૩.૫ કિલો ચોખા, ૧ કિ. તેલ અને ૩ કિલો ખાંડ, ૧૦ લિટર કેરોસિનની ખોટી નોંધ કરેલી છે.
- માળિયા તાલુકાના ખીરઈ ગામના નાગલબહેન તળશીભાઈ, કેશરબહેન રસૂલભાઈ, કંકુબહેન રામજીભાઈ, ગલાલબહેન ભલાભાઈ, પૂરીબહેન મનજીભાઈની અરજી કાર્ડમાં ખોટી એન્ટ્રી કરે છે તેવી હતી. તેમાં કેરોસિન ૧૦ લિટર લખે અને આપે ૯ લિટર, તેલનો જથ્થો ૫ કિલો લખે છે પણ મળતો નથી. અને પૂછ્યું તો કહે ૩ ડબ્બા જ તેલ આવ્યું છે તો કોને હું આપું?
- શહેરા તાલુકાના સુરેલી ગામના કાળુભાઈ બારીઆ - તેમનો પગ ભાંગી ગયો છે, ચાલી શકતા નથી. તેમની પત્ની તેઓની સાર-સંભાળ રાખે છે. તે પણ વૃદ્ધ છે. મજૂરી નથી થઈ શકતી તો પણ મજૂરી કરીને ખવરાવે છે. કામ ન કરી શકવાના લીધે અડધો એકર જમીન છે પણ ખેડી શકતા નથી. રેશનમાં તેઓને ૫ કિલો ઘઉં, ૨.૫ કિલો ચોખા, ૫ લિટર કેરોસિન મળે છે. અને કાર્ડમાં ૯ કિલો ઘઉં, ૫ કિલો ચોખા, ૭ લિટર કેરોસિનની ખોટી નોંધ કરેલી છે. તેમને અંત્યોદય યોજનાની જાણ નથી અને વૃદ્ધત્વ પેન્શન મળતું નથી.
- પંચમહાલ-દાહોદ અને રાજકોટ જિલ્લાનાં ૯૦ ગામોના સર્વેક્ષણમાંથી ૪૯૦ ગેરરીતિની અરજીઓ આવેલી હતી.

### વધારાના પૈસા પાછા આપો

- માળિયા તાલુકાના સુલતાનપુર ગામના જય વરૂડીમાં મહિલા મંડળ, જય ચામુંડામા મહિલા મંડળ સભ્યની અરજીમાં જણાવાયું છે ગામથી રેશન દુકાન ૧૫ કિ.મી. દૂર ખાખરેચી ગામમાં આવેલી છે. દર મહિને કેરોસિન આપવા માટે આવે છે. ૯ લિટર કેરોસિન રૂ.૧૦/-ના ભાવે આપે છે. "અમે તેને કહ્યું નિયત ભાવ જ લો.

| યોજનાનું નામ | સુપ્રિમ કોર્ટનો આદેશ | રાજ્ય સરકારના નિયમો | ખોજ |
|---|---|---|---|
| **લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા** | લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટી.ડી.પી.એસ.) અન્વયે ગરીબી રેખા હેઠળ આવરી લેવાયેલાં કુટુંબોની ચકાસણી પૂર્ણ કરવી (તા.૧.૧.૦૨ સુધી). કાર્ડની ફાળવણી કરવી અને દરેક બી.પી.એલ. કુટુંબને દર માસે ૨૫ કિ.ગ્રા. અનાજ વહેંચણીનું કામકાજ શરૂ કરવું. | કુલ ૨૦ કિ.ગ્રા. અનાજની વહેંચણી.<br>કાર્ડદીઠ ૯ કિ. ઘઉં રૂ. ૨ લેખે અને ૩.૫ કિ. ચોખા રૂ. ૩ લેખે.<br>નવા ઠરાવ મુજબ વધારાનું ૭.૫ કિ. અનાજ, જેમાં ૫ કિ ઘઉં રૂ. ૫ લેખે ૨.૫ કિ. ચોખા રૂ. ૩ લેખે.<br>વધુમાં વધુ ૬ વ્યક્તિ સુધી વ્યક્તિદીઠ ૧.૫ કિ. ઘઉં, ૧ કિ. ચોખા. ત્યાર બાદ અડધો કિ. ચોખા. | - અલગ અલગ ભાવ હોવાથી કેટલો જથ્થો મળે છે તે લોકોને સમજાતું નથી. તેમાં મોંઘા ભાવનો વધારાનો જથ્થો ઘણાં કાર્ડમાં મળતો ન હતો.<br>- કાર્ડધારકને તેના મળવાપાત્ર અનાજ, કેરોસિનનો જથ્થો મળતો નથી.<br>- નિયત ભાવ કરતાં વધારે ભાવ લેવામાં આવે છે. ખરીદી પર બિલ આપવામાં આવતું નથી. દુકાનની બહાર નોટિસ બોર્ડમાં ભાવ લખેલા નથી, છે ત્યાં નોંધ થતી નથી.<br>- અનાજ-કેરોસિન ઓછું આપી કાર્ડમાં નિયમ પ્રમાણે નોંધ કરવામાં આવે છે.<br>- સસ્તા અનાજની દુકાનનો જથ્થો ખુલ્લા બજારમાં વેચાય છે.<br>- કોમી રમખાણોમાં બળી ગયેલા રેશન કાર્ડ નવેસરથી કાઢી આપતા નથી. કેટલાંક તો દુકાનદાર પાસે પડ્યાં છે. પણ તે કાર્ડદીઠ રૂ. ૫૦ માંગે છે.<br>- ગ્રાહકોની અજાણતા અને નિરક્ષરતાનો ગેરલાભ ઉઠાવી દુકાનદારો મનસ્વી વર્તન કરે છે.<br>- દુકાનદાર રેશન કાર્ડ પોતાની પાસે રાખે છે.<br>- માળિયામાં વાજબી ભાવની અનાજની દુકાન દૂર છે તેવી ઘણી ફરિયાદો આવી હતી. વધુમાં વધુ ૨૩ કિ.મી. દૂર થાય. ૩થી ૪ દિવસ ખૂલે, દિવસ નિશ્ચિત ના હોય. તેના લીધે ભાડું બે-ત્રણ વાર ખર્ચવું પડે ને તે દિવસની મજૂરી પડે. જેટલું લખે તેટલું અનાજ ન આપવું. તેમ જ પહોંચ ન આપે,<br>નિયત દર કરતાં વધુ ભાવ વસૂલ લેવા, નક્કી ધોરણથી ઓછું રેશન આપવું. ઓછું વજન આપવું. રેશન આપ્યા બાદ કે રેશન આપ્યા પહેલાં ગ્રાહકોનાં કાર્ડ મૂકી રાખવાં.<br>- લોકો તેમના હક્કો શું છે તેમ જ હક્કની વસ્તુઓ ના મળે તો તેના માટે કેવી રીતે અને ક્યાં ફરિયાદ કરવી તે જાણતા નથી. |
| **અંત્યોદય અન્ન યોજના** | રાજ્ય સરકારને એ નિર્દેશ કરવામાં આવે છે કે ૨૦૦૨ | કાર્ડદીઠ ૨૮ કિ. ઘઉં - કિલોના રૂ. ૨/-. | - કોઈ પણ ગામમાં બી.પી.એલ., અંત્યોદય કે અન્નપૂર્ણા યોજનાના કાર્ડધારકોની યાદી જાહેર સ્થળ અને |

| યોજનાનું નામ | સુપ્રિમ કોર્ટનો આદેશ | રાજ્ય સરકારના નિયમો | ખોજ |
|---|---|---|---|
| બી.પી.એલ. કુટુંબોના ૧૫ ટકા હોય છે. આ યાદી ગ્રામ સભામાં બહાલી બાદ તૈયાર થઈ હોય.<br>ખાસ કરીને નિરાધાર, અસહાય, વિધવા, શારીરિક, તથા માનસિક ક્ષતિ ધરાવતી વ્યક્તિ, વિચરતી જાતિ અને સામાજિક રીતે વંચિત કુટુંબોનો સમાવેશ થાય. | સુધી બી.પી.એલ. પરિવારની ઓળખ કરીને તેવાં કાર્ડ આપવાં તથા દર મહિને દરેક પરિવારને ૩૫ કિ.ગ્રા. અનાજ આપવું. અંત્યોદય અન્ન યોજના અંતર્ગત લાભાર્થીઓની ઓળખ-પરખ તથા તેઓને કાર્ડ આપવાનું કામ તથા અનાજની વહેંચણી તા. તા.૧.૧.૨૦૦૨ સુધીમાં પૂર્ણ કરવી. | ૭ કિ. ચોખા રૂ. ૩/- લેખે.<br>અંત્યોદય અન્ન યોજનાની યાદી જાહેર સ્થળ પર તથા રેશનિંગ દુકાનના નોટિસ બોર્ડ પર મૂકવી. | દુકાનના નોટિસ બોર્ડ પર મુકાઈ નથી. યાદી માંગવાથી આપતા નથી.<br>- આ પસંદગી પ્રક્રિયામાં ગ્રામ પંચાયતની શુષ્ક ભૂમિકા છે. ઘણાં કુટુંબો જે અંત્યોદયમાં આવરી લેવાય છે તે પણ સમાવિષ્ટ. અનાજ મેળવવામાં ઘણી વધારે ગેરરીતિ જોવા મળી.<br>- અંત્યોદય માટે ઉપરથી ક્વોટા ફાળવવામાં આવે છે એટલો જ ક્વોટા આપે. તેમાં પણ સ્થાનિક તલાટી-સરપંચનું કહેવું કે સંખ્યા ઉપરથી નક્કી હોય તેથી ગામમાં ગરીબો રહી પણ જતા હોય ને ગ્રામ સભામાં આ મુદ્દો મૂકે તો ઝઘડા થાય.<br>- કોઈ ગામમાં બી.પી.એલ.ના ૧૫ ટકા વધારે ગરીબોનો અંત્યોદયમાં સમાવેશ થતો હોય તો તેમનો સમાવેશ કરવામાં મુસીબત.<br>- ગરીબ હોવા છતાં એ.પી.એલ. કાર્ડ છે અને બી.પી.એલ.માં સમાવેશ નથી થતો, તેથી અંત્યોદયમાંથી બાકાત રહી જાય છે.<br>- માપદંડો પ્રમાણે પસંદગીમાં ઘણી ક્ષતિ છે, જનસુનાવણીમાં મહિલા મંડળોએ આ યોજનાના સાચા હક્કદારોને શોધ્યા. તેમની ૮૭ વ્યકિતઓની અરજી આવેલી છે. |
| **અન્નપૂર્ણા યોજના** | | | |
| ૬૦ વર્ષ કે વધુ વયના વૃદ્ધ અને નિરાધાર, પેન્શનના હક્કદાર | અંત્યોદય યોજના અન્વયે કેટલાક લાભાર્થીઓ ગરીબીને કારણે અનાજનો જથ્થો ઉઠાવી શકે તેમ નથી તેવા કિસ્સામાં કેન્દ્ર અને રાજ્ય સરકારે લાભાર્થીઓને વિનામૂલ્યે જથ્થો મળી રહે તે માટે યોગ્ય કરવું.<br>અન્નપૂર્ણા યોજનાના તમામ લાભાર્થીઓની તા. ૧.૧.૦૨ સુધીમાં ઓળખ પૂરી કરવી અને અનાજ વિતરણ કરવું. | જેને રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન ન મળતું હોય તેવા લાભાર્થીની ઓળખ કરી ૧૦ કિલો અનાજ મફત આપવું. તા.૪.૨.૨૦૦૪ જિલ્લાવાર લક્ષ્યાંક ફાળવેલ છે અને અનાજ વિતરણ માટે ખાસ કૂપન વ્યવસ્થા કરી છે. | - આ યોજના વિશે ઘણા બધા સહભાગીઓ અજાણ હતા. સમાજ સુરક્ષા વિભાગમાં વૃદ્ધ/નિરાધાર પેન્શન યોજનાની જૂની અરજીઓનો આજ સુધી કોઈ જવાબ મળેલો નથી.<br>- મોટા ભાગે અન્નપૂર્ણા યોજનાના લાભાર્થી ક્યાંય શોધાયા નથી. ઘણી વાર એવું કહેવામાં આવે કે સર્વે ચાલે છે. ક્યાંય પણ સ્પષ્ટતા નથી.<br>- મહિલા મંડળોએ આ યોજનાના સાચા હક્કદારોનો શોધ્યા. ૨૫ વ્યક્તિઓની અરજી આવેલી છે. |
| **રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના** | | | |
| વૃદ્ધ કે જેમને કોઈ પુખ્ત કમાનાર પુત્ર નથી. | રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના (એન.ઓ.એ.પી.એસ.) અન્વયે દરેક રાજ્યે દરેક | ૬૦ અને તેથી વધુ વયના વૃદ્ધ જેઓ ગરીબી રેખા હેઠળ જીવતા નિરાધાર વૃદ્ધને કોઈ કમાનાર પુત્ર નથી તેને માસિક રૂ.૨૦૦ મળે. | |

| યોજનાનું નામ | સુપ્રિમ કોર્ટનો આદેશ | રાજ્ય સરકારના નિયમો | ખોજ |
|---|---|---|---|
| આવકનું કોઈ જ સાધન નથી. | લાભાર્થીઓની ઓળખ ૧.૧.૨૦૦૨ સુધીમાં પૂરી કરવી અને ચુકવણું શરૂ કરવું તેમ જ દર માસની સાત તારીખ સુધીમાં આ યોજનાના લાભાર્થીઓને અચૂક ચુકવણી કરવી. | | |
| **મધ્યાહ્ન ભોજન** | | | |
| સરકારી પ્રાથમિક શાળામાં ભણતાં બધાં જ બાળકો માટે મફત અને તાજું રાંધેલું ભોજન<br><br>કુપોષિત બાળકોને વધુ પોષણક્ષમ આહાર તેમના શારિરીક તથા માનસિક સ્વાસ્થ્ય અને વિકાસ માટે અગત્યનો છે. | મધ્યાહ્ન ભોજન યોજનાનો તમામ રાજ્યોએ અમલ કરવો તેમ જ સરકારી તેમ જ સરકારની સહાયથી ચાલતી તમામ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા દરેક બાળકને દરરોજ ઓછામાં ઓછી ૩૦૦ કેલરી અને ૮થી ૧૨ ગ્રામ પ્રોટીન ધરાવતું તૈયાર રાંધેલું ભોજન ઓછામાં ઓછું ૧૦૦ દિવસ સુધી પૂરું પાડવું. એફ.સી.આઈ.ને આદેશ આપેલો છે કે તેણે સમયસર સારી ગુણવત્તાવાળું અનાજ આ યોજના માટે ઉપલબ્ધ થાય તેની ખાતરી કરવી અને અનાજની ગુણવત્તા સારી ન હોય તો અનાજનો જથ્થો ઉઠાવતાં પહેલાં બદલી આપવો.<br><br>શાળાદીઠ યોજના માટે અલગ રસોઈ ઘર અથવા શેડ હોવો જોઈએ.<br>તમામ બાળકો નાતજાતના ભેદભાવ વગર સાથે જમવા બેસવા જોઈએ. | પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૭માં ભણતાં બધાં બાળકોને મફત અને તાજું રાંધેલું ભોજન મળે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા દરેક બાળકને વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ મળવું જોઈએ. | - ૩ ગામમાં તાલુકામાંથી રાંધ્યું અનાજ મળે છે, જેથી ગુણવત્તા ખરાબ અને જથ્થો અપૂરતો હોય છે.<br>- ઘણી સ્કૂલોમાં પ્રમાણે રાંધવામાં આવતું નથી. દરરોજ એકને એક અનાજ આપે, શાકભાજી ન આપવામાં આવે.<br>- જસદણ પાંચ સીમશાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાની ગામથી ૪ કિ.મી. દૂર ચાલતી હોવાથી તેનો લાભ લેવો સંભવ નહોતો. તેથી સ્થાનિક સ્તર માટેની માગણી આવેલી.<br>- આ બંને યોજનાઓથી બધા જ સહભાગીઓ વાકેફ હતા. છતાં તેનો કેટલો જથ્થો, કેટલા દિવસ, કેવી ગુણવત્તા અને યાદી જાણતા ન હતા.<br>- આ બધી જ બાબતોમાં સહભાગી સમજ કેળવવી જરૂરી હતી. અનિયમિતતા, અપૂરતો ખોરાક, ગુણવત્તા વિનાનું ભોજન, ખોટા રિપોર્ટ, બારોબાર વેચાણ, ઢોરોને ખવડાવવું જેવી બાબતો ઉપસી આવી. સાથે સાથે આંગણવાડીમાં છેલ્લા ૬ માસથી નાસ્તો નથી. સાથે આંગણવાડી કાર્યકરો તથા તેડાગરનાં અનિયમિત ચુકવણાં, સંચાલકો દ્વારા મનસ્વી વર્તન, શાળામાં રસોઈ માટે અપૂરતાં સાધનો હતાં. વસ્તીનાં પ્રમાણમાં આંગણવાડીની સુવિધા, બાળકો માટે આવવા-જવાનું અંતર વધુ, બાળકોની સ્વાસ્થ્ય તપાસમાં અનિયમિતતા અને કેટલીક નિશાળોમાં આદિવાસી તથા દલિત બાળકો સાથે ભેદભાવની નીતિ. |
| **સંકલિત બાળ વિકાસ યોજના** | સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.) આ યોજના અન્વયેના તમામ વિતરણ | - ૦થી ૬ વર્ષનાં બાળકો<br>- ગર્ભવતી અને ધાત્રી મહિલાઓ<br>- રજાના દિવસો સિવાય ત્રણ | માળિયામાં આંગણવાડીઓ સારી ચાલે છે. પણ સાત વાંઢ વિસ્તારમાં આંગણવાડી માટેની માંગ છે. ત્યાં કુપોષિત બાળકોની સંખ્યા વધારે છે. આંગણવાડી |

| યોજનાનું નામ | સુપ્રિમ કોર્ટનો આદેશ | રાજ્ય સરકારના નિયમો | ખોજ |
|---|---|---|---|
| | કેન્દ્રોએ નીચેની જોગવાઈનો અમલ કરવો:<br>(૧) છ વર્ષ સુધીની ઉંમરના દરેક બાળકને ૩૦૦ કેલેરી અને ૮થી ૧૦ ગ્રામ પ્રોટીન ધરાવતું અન્ન મળી રહે.<br>(૨) દરેક કિશોરી, બાળાને ૫૦૦ કેલેરી અને ૨૦થી ૨૫ ગ્રામ પ્રોટીન ધરાવતું અન્ન મળી રહે.<br>(૩) ગર્ભવતી મહિલાને અને સ્તનપાન કરાવતી માતાને ૫૦૦ કેલેરી અને ૨૦થી ૨૫ ગ્રામ પ્રોટીન ધરાવતું અન્ન મળી રહે.<br>(૪) કુપોષિત બાળકને ૬૦૦ કેલેરી અને ૧૬થી ૨૦ ગ્રામ પ્રોટીન ધરાવતું અન્ન મળી રહે.<br>(૫) દરેક વિસ્તારમાં વિસ્તરણ કેન્દ્ર ઉપલબ્ધ થાય. | કલાક આ સેવાઓ પૂરી પાડવી.<br>- બાળકોને પોષક આહાર ૮૦ ગ્રામ અને મહિલાઓને ૧૬૦ ગ્રામ દેવામાં આવે છે.<br>- ૦થી ૬ વર્ષના બધા બાળકોને સુખડી, મૂઠિયાં, થેપલાં, લાપસી (કોઈ એક વસ્તુ વાર મુજબ). આદિવાસી વિસ્તારમાં તૈયાર નાસ્તો. | થવાથી મોટાં બાળકોને તેમના નાના ભાઈ-બહેનને સાચવવાને બદલે અભ્યાસ કરી શકે તેવી માગણી છે. ચણાનો સ્ટોક એક વર્ષ જૂનો છે અને તેની ગુણવત્તા સારી નથી. |
| **રાષ્ટ્રીય માતૃત્વ કલ્યાણ યોજના** | રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના અન્વયે બીપીએલ હેઠળની તમામ ગર્ભવતી મહિલાઓને સરપંચ મારફતે રૂ. ૫૦૦ આપવા અને આ રકમ પ્રથમ બે બાળકોના જન્મ માટે પ્રસૂતિના ૮થી ૧૨ સપ્તાહ પહેલાં ચૂકવવી. | - બીપીએલ પરિવારની મહિલાઓને પહેલાં બે જીવિત બાળકો સુધી દરેક પ્રસૂતિ રૂ. ૫૦૦ મળવાપાત્ર છે.<br>- જેની ઉંમર ૧૯ વર્ષ અથવા તેનાથી વધારે હોય તેમને માતૃત્વ લાભ સુવાવડ પહેલાં બેથી ત્રણ મહિના પહેલાં મળી શકે. પ્રસૂતિ પછી પણ મળી શકે.<br>- બાળકના જન્મ સમયે ઓરલ પોલિયો તથા બીસીજીના ટીકાનો ડોઝ આપવો તથા છઠ્ઠા અઠવાડિયામાં ધનૂરનું ઈન્જેક્શન દેવું જોઈએ. પણ તેના અભાવથી આવેદકને લાભોથી વંચિત ન કરવું જોઈએ. | - મોટા ભાગના લોકોને આ યોજનાની જાણકારી નથી.<br>- ૧૦ કેસો બાકી છે અને તેમનાં બાળકો મોટાં થયાં છે. |

| યોજનાનું નામ | સુપ્રિમ કોર્ટનો આદેશ | રાજ્ય સરકારના નિયમો | ખોજ |
|---|---|---|---|
| | | - આ ફોર્મ ગ્રામ પંચાયતમાં નિશુલ્ક મળે છે, તે ભરીને પંચાયતમાં પ્રસ્તુત કરવું જોઈએ. | |
| રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ યોજના | રાષ્ટ્રીય કૌટુંબિક લાભ યોજના અંતર્ગત બીપીએલ કુટુંબના રોજીરોટી રળનાર પ્રાથમિક વ્યક્તિના અવસાન પ્રસંગે સ્થાનિક સરપંચ મારફતે કુટુંબને રૂ. ૧૦૦૦૦ ચૂકવવા. | કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિના અકસ્માતમાં મૃત્યુ બાદ કુટુંબને આર્થિક સહાય આપવામાં આવે છે. રૂ. ૧૦૦૦૦ની આર્થિક સહાય, ચાર હપતામાં મળવાપાત્ર છે. | - મોટા ભાગના લોકોને આ યોજનાની જાણકારી નથી. |

તો કહે છે કે આવવાનું ભાડું થાય મફત થોડો અમે આપવા આવીએ". દુકાનદાર કેરોસિન નિયત ભાવે આવે તેવી અમારી માગણી છે.

**ગરીબો ધક્કા ખાય અને વચેટિયા પૈસા ખાય**

- માળિયા તાલુકાના દેવગઢ ગામના તળશીભાઈ સવાભાઈ કોળી ૬૫ વર્ષની વયોવૃદ્ધ વિધુર પુરુષ છે. તેઓને દીકરા-દીકરી કોઈ નથી. તેઓ પાસે રેશન કાર્ડ હતું. પરંતુ પત્નીનું અવસાન થયા પછી નામ કમી કરાવવા માટે તાલુકામાં ગયા અને ત્યારે તેમને નામ કમી કરવા માટે આપેલું કાર્ડ હજુ સુધી પાછું મળ્યું નથી. આજ સુધીમાં છેલ્લાં ૧૨થી ૧૩ વર્ષમાં ૧૨ વખત તાલુકામાં મામલતદાર કચેરીએ અને તાલુકા પંચાયતમાં ગયા પરંતુ કોઈ વાત સાંભળતા નથી. ગામના સરપંચ પણ સાથે ગયેલા. પરંતુ રેશન કાર્ડ અત્યાર સુધી મળતું નથી. તેઓ નિરાધાર છે. જમીન નથી, ઘર સંસ્થાએ બનાવી આપેલું છે. અત્યારે અનાજ કે લોટ આજુબાજુના પાડોશી પાસે માંગીને રાંધીને ખાય છે. ન મળે તે દિવસ ભૂખ્યા સૂઈ રહેવું પડે. વૃદ્ધત્વ પેન્શન આવતું પરંતુ ૪ વર્ષથી બંધ થયું છે.

- માળિયા તાલુકા હાજીસર ગામના જનતબહેન અને સકીનાબહેન તેમનું કાર્ડ નથી. ૨૦ વર્ષથી તાલુકે ધક્કા ખાય છે. વચેટિયા અને થૂલિયાઓ કેટલી વાર પૈસા લઈ ગયા છે. આ ગામનાં ૪૧ કુટુંબનો નવા કાર્ડ કઢાવવા કે કાર્ડ વિભાજિત કરવા માટેની અરજી આવેલી.

**શું ઈયળ અને કાંકરા પૌષ્ટિક છે?**

- ઘોઘંબા તાલુકાના જીતપુરા ગામના સુથાબેન ચંદુભાઈ. બાળકો માટે મધ્યાહ્ન ભોજનની રસોઈ સારી નથી હોતી. થુલ્લું મોળું બનાવે છે. ખીચડીમાં દાળ ઓછી નાખે છે. રસોઈયાને સંચાલક પૂરતો સામાન નથી આપતા, તેમના ઘેર રાખે છે. ભોજનમાં ઈયળ, કાંકરા, જીવડાં નીકળે છે. તેઓ અનાજની સફાઈ નથી કરતા. તેઓ જો ભોજનમાં ભાત બનાવે તો થોડા થોડા આપે છે. થુલ્લુમાં ઈયળ આવે તો છોકરા ના ખાય તો સાહેબ તેને મારે છે. આદિવાસીનાં બાળકો ૪ કિ.મી. દૂરથી આવે છે અને આખો દિવસ ભૂખ્યા રહે છે. સંચાલકને મીટિંગમાં બોલાવ્યા તો મીટિંગમાં આવ્યા નહીં.

**આ કોની જવાબદારી?**

ઝાપટિયાની ગુલીબહેન ગોરધનભાઈ નજીકના જંગલમાંથી લાકડાં કાપી પોતાનું ગુજરાન ચલાવે છે. હાલ પોતે ટી.બી.ના દર્દી છે. પતિને પણ લાંબી બીમારી બાદ ટી.બી. છે, હવે થોડું કામ કરી શકે છે. ગુલીબહેનની વાત સાંભળીને કોઈને પણ આંખમાં પાણી આવી જાય. તેમના પતિ બહુ બીમાર પડી ગયા તેથી તેમની ત્રણ દિવસ સારવાર કરવી પડી. તેથી તે કામે જઈ શક્યા નહીં, અને ઘરમાં કાંઈ ખાવાનું નહીં અને પૈસા પણ નહીં, એક વર્ષની દીકરીને કઈ ખાવાનું આપી શક્યા નહીં, ૪ દિવસે કામે જઈને તેને ખાવાનું આપ્યું પણ ૩ દિવસની ભૂખી છોકરી આ ખાવાનું પચાવી શકી નહીં. અંતે તેણે શ્વાસ છોડ્યો. તેમને અત્યારે એ.પી.એલ. કાર્ડ છે. તેમને અંત્યોદય યોજના કેવી રીતે અપાવીએ?

# હિંદુ વારસા ધારામાં સૂચિત સુધારોઃ સ્ત્રી-પુરુષ સમાનતા હજી દૂર છે

હિંદુ વારસા ધારામાં સુધારો કરતો એક ખરડો સંસદમાં થોડા સમય અગાઉ રજૂ કરવામાં આવ્યો છે. આ ખરડો સ્ત્રી-પુરુષ સમાનતા તરફ આગળ વધે છે કે નહિ તે વિશેની ચર્ચા અહીં કેટલાક વિદ્વાનોએ કરી છે. તેઓ મૂળ કાયદાની કેટલીક જોગવાઈઓ સાથે કઈ જોગવાઈઓ થવી જોઈએ તેને વિશે વિશદ ચર્ચા કરે છે. આ લેખમાં **સુશ્રી બીના અગ્રવાલ**, **સુશ્રી ઈન્દિરા જયસિંહ** અને **સુશ્રી બેતવા શર્મા**એ કરેલી રજૂઆતોને સરળ ભાષામાં રજૂ કરવામાં આવી છે. ઉપરાંત, પાંચ મહિલા સંસ્થાઓએ ભારત સરકારને આપેલા આવેદનપત્રની વિગતો પણ આપવામાં આવી છે.

## પાંચ મહિલા સંસ્થાઓનું આવેદનપત્ર

કેન્દ્રના કાયદા અને ન્યાય પ્રધાન શ્રી હંસરાજ ભારદ્વાજને જાન્યુઆરી-૨૦૦૫માં જે પાંચ મહિલા સંગઠનોએ હિંદુ વારસા સુધારા ખરડા - ૨૦૦૪ના સંદર્ભમાં એક આવેદનપત્ર સુપરત કર્યું તેમાં આ સંગઠનોનો સમાવેશ થાય છેઃ (૧) ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક વિમેન્સ એસોસિએશન. (૨) નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વિમેન. (૩) સેન્ટર ફોર વિમેન્સ ડેવલપમેન્ટ સ્ટડીઝ. (૪) યંગ વિમેન્સ ક્રિશ્ચિયન એસોસિએશન ઓફ ઈન્ડિયા. (૫) જોઈન્ટ વિમેન્સ પ્રોગ્રામ. આ આવેદનપત્રમાં જણાવાયેલા મુદ્દાઓ નીચે મુજબ છેઃ

(૧) મિતાક્ષર વ્યવસ્થા સંપૂર્ણપણે નાબૂદ કરવી જોઈએ. કારણ કે સંયુક્ત કુટુંબની આ વ્યવસ્થા પુત્રો અને પુત્રીઓ, મોટા પુત્રો અને નાના પુત્રો વગેરે જેવાં વિવિધ સ્તરો વચ્ચે અસમાનતા દર્શાવે છે. તેથી હિંદુ વારસા ધારામાં મિતાક્ષર વ્યવસ્થા ધરાવતી કલમ રદ કરવી જોઈએ.

(૨) કલમ-૨૩ રદ કરવા માટેનો સુધારો આવકારદાયક છે કારણ કે તેમાં કુટુંબના પુરુષ સભ્યો સંમત ના થાય ત્યાં સુધી સ્ત્રી ઘરમાં પોતાનો હિસ્સો માંગી શકતી નહોતી.

(૩) આ સુધારામાં કાયદો પસાર થાય ત્યારે સ્ત્રી પરણેલી ના હોય તો જ તેને કોપારસિનર બનાવે છે. આ બાબત અન્યાયી છે કારણ કે ઘણી સ્ત્રીઓને લગ્નના સમયે મિલકતમાં ભાગ મળ્યો હોતો નથી અથવા તો, તેને જે ખર્ચ અથવા રકમ મળી હોય છે તે મિલકતમાં સમાન અધિકાર જેટલી મળી હોતી નથી.

(૪) ખેતીની જમીનમાં સ્ત્રીના સમાન અધિકારોની વાત આ સુધારામાં કરવામાં આવી નથી. હિંદુ વારસા ધારાની કલમ-૪(એ) ખેતીની જમીનોના ટુકડા કરવાના, ટોચ મર્યાદા નક્કી કરવાના અને ગણોતના અધિકારોની વહેંચણી કરવાના કાયદા બનાવવાની રાજ્યોની છૂટ આપે છે. તેથી ઘણાં રાજ્યોમાં મહિલાઓને સમાન અધિકારો મળે તેવા કાયદા નથી. તેને પરિણામે હિંદુ વારસા ધારામાં ખેતીની જમીનમાં પણ સમાન વારસાનો અધિકાર સ્ત્રીઓને પ્રાપ્ત થાય તેવી જોગવાઈ થવી જોઈએ. આ માટે કલમ-૪(૨) રદ થવી જોઈએ.

(૫) હિંદુ વારસા ધારાની કલમ-૧૫માં હિંદુ સ્ત્રીની મિલકત કેવી રીતે ઊભી થાય તેની જોગવાઈઓ આપવામાં આવી છે. આ જોગવાઈઓ પણ ભેદભાવ ઊભો કરનારી છે. આ જોગવાઈઓ એમ જણાવે છે કે પુત્રો, પુત્રીઓ અને પતિ જેવા વર્ગ-૧ના વારસદારો જો ગેરહાજર હોય તો હિંદુ સ્ત્રીની મિલકત તેના પતિના વારસદારોને મળે. અને જો આ વારસદારો ન હોય તો જ તેની મિલકત તેની માતા અને પિતાને મળે. જો તેના માતા અને પિતા પણ ન હોય તો તેની મિલકત પિતાના વારસદારોને મળે અને જો પિતાના વારસદારો ન હોય તો તેની મિલકત માતાના વારસદારોને મળે. ખરેખર તો મિલકતની વહેંચણીના નિયમો સ્ત્રીઓ અને પુરુષો માટે સમાન હોવા જોઈએ.

(૬) મૃત્યુ પામેલી વ્યક્તિના વારસાના નિયમો પણ સ્ત્રીઓ સામે ભેદભાવ કરે છે. હિંદુ વારસા ધારાની કલમ-૮ની અનુસૂચિમાં એ જોઈ શકાય છે. જો માતા, વિધવા, પુત્ર અને પુત્રી જેવા પ્રાથમિક વારસદારોમાંથી કોઈ એક મૃત્યુ પામેલ હોય તો તેના વારસદારોને વારસો મળે છે. દા.ત. જો પુત્ર કે પુત્રી મૃત્યુ પામ્યાં હોય તો તેમનાં બાળકોને દાદા-દાદીની મિલકતનો વારસો મળી શકે છે. પણ પુરુષ વારસામાં બે પેઢી સુધી તે લાગુ પડે છે અને સ્ત્રીઓના વારસામાં તે એક જ પેઢી સુધી લાગુ પડે છે. આ ભેદભાવ પણ દૂર થવો જોઈએ.

## સુશ્રી બીના અગ્રવાલ

**અર્થશાસ્ત્રનાં અધ્યાપક, 'ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇકોનોમિક ગ્રોથ' - દિલ્લી**

હિંદુ વારસા ધારો - ૧૯૫૬માં સુધારો કરવાનો સરકારનો ઈરાદો સ્ત્રી-પુરુષ સમાનતાની દૃષ્ટિએ ઇચ્છનીય છે. પરંતુ જે સુધારા આ કાયદામાં સૂચવવામાં આવ્યા છે તે અપૂરતા અને આંશિક છે. ૨૦મી ડિસેમ્બર, ૨૦૦૪ના રોજ રાજ્યસભામાં હિંદુ વારસા સુધારા ધારો - ૨૦૦૪ દાખલ કરવામાં આવ્યો છે. જો તે એમ જ પસાર થશે તો

અસમાનતાનું મુખ્ય સ્રોત અસ્પૃશ્ય જ રહી જશે. અને તે સ્રોત છે ખેતીની જમીન ઉપરના અધિકારો. પુરુષની સંયુક્ત કુટુંબની મિલકતમાં પુત્રીનો હિસ્સો તેમાં વધારવામાં આવ્યો છે, પણ તે પુરુષની વિધવા પત્ની અને માતા જેવા વર્ગ-૧ના અન્ય વારસદારોના હિસ્સામાં ઘટાડો કરશે. તે પોતાનો હિસ્સો બીજાને વસિયતનામાથી આપવાના અને સ્ત્રી વારસદારોને વારસો નહીં આપવાના પુરુષના અધિકારને યથાવત્ રાખે છે. એનો અર્થ એ થાય કે સર્વગ્રાહી સુધારા માટેની તક આપણે ગુમાવી દઈશું. સ્ત્રી-પુરુષ સમાનતા સિદ્ધ કરવા માટે ખેતીની જમીનને આપણે અન્ય મિલકતોની સમકક્ષ ગણવાની જરૂર છે. એ જ રીતે સંયુક્ત કુટુંબની મિલકત દૂર કરવાની અને ટેસ્ટેશનને આંશિક રીતે નિયંત્રિત કરવાની જરૂર છે.

**વારસા ધારો - ૧૯૫૬: પ્રવર્તમાન અસમાનતાઓ**

૧૯૫૬ના હાલના વારસા ધારામાં બે દેખીતી અને એક ગર્ભિત એવી જોગવાઈઓ છે કે જે સ્ત્રી-પુરુષ અસમાનતા ઊભી કરે છે. સૌ પ્રથમ તો આ ધારાની કલમ-૪(૨) ખેતીની જમીન અંગેનાં કેટલાંક મહત્ત્વનાં હિતોને માફી આપે છેઃ ટોચ મર્યાદા સંબંધી ગણોત કાનૂનોની જોગવાઈઓને, ખેત જમીનના ધારણના વિભાજનને અથવા આવા ધારણના ગણોત અધિકારોની સોંપણીને આ કાયદો સ્પર્શતો નથી. આથી ગણોતની જમીનનાં હિતોની વહેંચણી ગણોતના કાનૂનોમાં દર્શાવવામાં આવેલા વહેંચણીના ક્રમ અનુસાર થાય છે. આ કાનૂનો દરેક રાજ્યમાં જુદા જુદા છે.

ઉપરાંત, એક સ્ત્રીને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં સ્થાવર મિલકત પ્રાપ્ત થાય છે અને જો તે વિધવા તરીકે ફરીથી લગ્ન કરે તો અથવા એક કે બે વર્ષ સુધી જમીન ખેડે નહિ તો તે જમીન તે ગુમાવે છે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશ અને દિલ્લીમાં ગણોતની વ્યાખ્યા કાયદામાં એટલી વ્યાપક કરવામાં આવી છે કે સ્ત્રી-પુરુષ વચ્ચેની વહેંચણીની આ અસમાન વ્યવસ્થા લગભગ ખેતીની તમામ જમીનોને અસરકારક રીતે આવરી લે છે.

બીજું, સ્ત્રીઓને પુરુષો કરતાં મિલકતના નાના હિસ્સાનો અધિકાર આપવામાં આવ્યો છે. હિંદુ વારસા ધારા હેઠળ એક જ પરિવારના હિંદુ સમુદાય સિવાય જો કોઈ હિંદુ પુરુષ વસિયત કર્યા વિના મૃત્યુ પામે તો તેની અલગ મિલકત સૌ પ્રથમ તેના પુત્રો, પુત્રીઓ, વિધવા પત્ની અને માતા ઉપરાંત અગાઉ મૃત્યુ પામેલા પુત્રો કે પુત્રીઓના નિશ્ચિત વારસદારોને સમાન રીતે મિલકત મળે. 'દયાભાગ' હેઠળ જો તેનું અગાઉ સંચાલન થતું હોય તો આ નિયમ પૂર્વજોની મિલકતને પણ લાગુ પડે છે. પરંતુ જો તેનું 'મિતાક્ષર' અનુસાર સંચાલન થતું હોય તો સંયુક્ત કુટુંબની મિલકતનો ખ્યાલ લાગુ પડે છે.

'મિતાક્ષર'માં જો મૃત્યુ પામેલા પુરુષને 'સામાન્ય' (નોશનલ) હિસ્સો હોય તો પુત્રો, પુત્રીઓ, વિધવા પત્ની અને માતા તથા વર્ગ-૧ના અન્ય વારસદારોને સમાન હિસ્સો મેળવવાનો અધિકાર મળે છે. પરંતુ પુત્રોને જન્મના લીધે સંયુક્ત કુટુંબની મિલકતમાં સીધો અધિકાર પણ મળે છે. આ હિસ્સો તેના પિતાના ભાગમાંથી મળતા હિસ્સા ઉપરાંત સ્વતંત્રપણે પ્રાપ્ત થતો હોય છે. જો કે, મૃત્યુ પામેલા પુરુષના આ 'સામાન્ય' હિસ્સામાંથી જ સ્ત્રી વારસદારોને એટલે કે પુત્રીઓ, વિધવા પત્ની અને માતાને વારસાનો હક્ક મળે છે. ઉપરાંત, પુત્રો 'મિતાક્ષર'ના કોપારસિનરીના ભાગ પાડવાની માગણી કરી શકે છે. પરંતુ સ્ત્રીઓ તેવી માગણી કરી શકતી નથી. એટલે 'સામાન્ય' હિસ્સામાંથી પોતાનો ભાગ મેળવવા માટે પણ સ્ત્રીઓએ પુરુષો દ્વારા ભાગ પડાય તેની રાહ જોવી પડે છે. વધુમાં, પુરુષ તેની કોઈ પણ અલગ મિલકતના કોઈ પણ ભાગનું રૂપાંતર કોપારસિનરી મિલકતમાં કરી શકે છે. અને તેનાથી સ્ત્રીઓનો વારસો વધુ પ્રમાણમાં ઘટી શકે છે.

ત્રીજું, આ કાયદો વ્યક્તિને તેની મિલકત ઉપર અનિયંત્રિત પુરાવાલક્ષી અધિકાર આપે છે. સૈદ્ધાંતિક રીત જોઈએ તો આ જોગવાઈ સ્ત્રી-પુરુષ વચ્ચે કોઈ તફાવત ઊભો કરતી નથી પરંતુ વ્યવહારમાં આ જોગવાઈનો ઉપયોગ મહિલા વારસદારોને વારસો ના મળે તે માટે કરી શકાય છે. ૧૯૫૬ પછી હિંદુ વારસા ધારામાં પાંચ રાજ્યોએ સુધારા કર્યા છે.

મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં સંયુક્ત કુટુંબની મિલકતમાં પુત્રીઓનો સમાવેશ કોપારસિનર તરીકે કરવામાં આવ્યો છે. ૨૦૦૪ના સુધારા ખરડામાં પણ આ જ પ્રકારની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે કેરળમાં સંયુક્ત કુટુંબની મિલકત સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવી છે. અન્ય રાજ્યોમાં મૂળ કાયદો જ લાગુ પડે છે અને કોઈ રાજ્યે ખેતીની જમીન અંગેની જોગવાઈઓમાં સુધારો કર્યો નથી.

**૨૦૦૪ના સુધારા ખરડાની ખામીઓ**

મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોએ જે સુધારા કર્યા છે તેવા જ પ્રકારના સુધારા કરવાનું ૨૦૦૪ના ખરડામાં દર્શાવવામાં આવ્યું છે. હિંદુ વારસા ધારામાં સ્ત્રી-પુરુષો વચ્ચેની અસમાનતાને દૂર કરવાનો કોઈ સર્વગ્રાહી પ્રયાસ કરવામાં આવ્યો નથી. સૌ પ્રથમ તો ખેતીની જમીનની બાબતમાં જે અસમાનતા પ્રવર્તે છે તેને દૂર કરવાનો પ્રયાસ કરાયો નથી. ખેતીની જમીન તો ગ્રામ વિસ્તારોની મિલકતમાં સૌથી મહત્ત્વનું સ્વરૂપ છે. ખેતીની જમીનમાં જો સ્ત્રી-પુરુષ સમાનતા ઊભી થાય તો તેનાથી માત્ર સ્ત્રીનું જ નહિ પણ સમગ્ર કુટુંબનું ગરીબીનું જોખમ ઘટી શકે છે, સ્ત્રીના જીવન નિર્વાહ માટેના વિકલ્પો વધી શકે છે, બાળકો જીવી જવાની તકો વધી શકે છે, શિક્ષણ અને આરોગ્ય વધી શકે છે,

ઘરેલૂ હિંસા ઘટી શકે છે અને સ્ત્રીઓ સક્ષમ બની શકે છે. આથી એ મહત્ત્વનું છે કે હિંદુ વારસા ધારામાં સુધારો કરતી વખતે ખેતીની જમીનનાં તમામ ધારણોને કાયદાના કાર્યક્ષેત્ર હેઠળ આવરી લેવાં જોઈએ. ઉપરાંત, રાજ્ય સ્તરે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની ભેદભાવજનક વહેંચણી દૂર કરવા માટે ગણોત કાયદાઓમાં સુધારાઓ કરવાનું પણ એટલું જ મહત્ત્વનું છે.

બીજું, ૨૦૦૪નો સુધારા ખરડો કેટલીક સ્ત્રીઓની બીજી કેટલીક સ્ત્રીઓની સામે તરફદારી કરે છે. વિધાયક બાબત એ છે કે આ સુધારો અમલમાં આવશે ત્યારે સુધારાને પરિણામે અપરણિત પુત્રીઓના હિસ્સામાં વધારો થશે અને લાંબે ગાળે તમામ પુત્રીઓના હિસ્સામાં વધારો થશે. તે પિતા જે મિલકત વસિયતનામાંથી બીજા કોઈને આપી ના શકે તેવી કેટલીક મિલકતમાં સીધો અધિકાર પુત્રીઓને આપશે. પરંતુ આ સુધારાઓ વર્ગ-૧ના અન્ય મહિલા વારસદારોના હિસ્સામાં ઘટાડો કરશે. તેમાં પુરુષની વિધવા પત્ની અને માતા જેવી સ્ત્રીઓનો સમાવેશ થઈ જાય છે. તેનું કારણ એ છે કે તેઓ જે પુરુષનો વારસો મેળવે છે તે મૃત્યુ પામેલા પુરુષના કોપારસિનરી હિસ્સામાં ઘટાડો કરશે. બીજા શબ્દોમાં કહીએ તો, આ સુધારા કેટલીક બાબતોમાં પુત્રીઓ અને પુત્રો વચ્ચેની અસમાનતામાં ઘટાડો કરશે. પરંતુ આ સુધારા કેટલીક બાબતોમાં પુત્રીઓ અને અન્ય સ્ત્રીઓ વચ્ચેની અસમાનતામાં વધારો કરશે. આ અર્થમાં જોઈએ તો આ સુધારા ખરડો ખામીયુક્ત છે. કેરળમાં કરવામાં આવ્યું છે તેમ સંયુક્ત પરિવારની મિલકત સદંતર નાબૂદ કરવાનું વધારે સમતાવાદી પગલું લઈ શકાયું હોત. ત્રીજું, ૨૦૦૪નો ખરડો ટેસ્ટેશન માટેના અનિયંત્રિત અધિકારોને ચાલુ રાખે છે. અડધી અથવા ૨/૩ મિલકત ઉપરના પુરાવાલક્ષી અધિકારો નિયંત્રિત કરવાની પદ્ધતિ યુરોપમાં અને ભારતમાં અમુક પદ્ધતિઓમાં દેખાય છે. તેની જોગવાઈ આ સુધારા ખરડામાં કરવામાં આવી હોત તો તે એક સાચી દિશાનું પગલું ગણાત.

કાયદા પંચે હિંદુ વારસા ધારામાં કરાનારા સુધારા અંગે પ્રતિભાવો મંગાવ્યા હતા. એ અંગે આવેલા પ્રતિભાવોમાંથી ૮૧ ટકાએ ખેતીની જમીનના વારસામાં સ્ત્રી-પુરુષ સમાનતા લાવવાની તરફેણ કરી હતી. એ ઉપરાંત, સંયુક્ત કુટુંબની મિલકત નાબૂદ કરવાની ભલામણ પણ ઘણા ખાસ્સા લોકોએ કરી હતી. પરંતુ આ બન્ને મુદ્દાઓ અંગે પંચે રૂઢિચુસ્ત વલણ અપનાવ્યું છે. તેણે ખેતીની જમીનને સ્પર્શ સુદ્ધાં કર્યો નથી અને પુત્રીઓને કોપારસિનર બનાવવાની જ ભલામણ કરી છે.

## સુશ્રી ઇન્દિરા જયસિંહ

**વરિષ્ઠ વકીલ, સર્વોચ્ચ અદાલત**

આ કાયદામાં જે સુધારો સૂચવવામાં આવ્યો છે તેમાં દીકરીને પૂર્વજોની મિલકતમાં જન્મથી જ કોપારસિનર બનાવવાનો પ્રયાસ કરાયો છે. પરંતુ આ સુધારાથી માત્ર એવી સ્ત્રીઓને જ લાભ થશે કે જેઓ પૂર્વજોની મિલકત ધરાવતાં પરિવારોમાં જન્મી છે. પૂર્વજોની મિલકતની કોઈ નિશ્ચિત વ્યાખ્યા નથી. સંયુક્ત કુટુંબ પ્રથા ઘણા લાંબા સમયથી ઘટી રહી છે તેથી આ કાયદાથી કોને લાભ થશે તે સ્પષ્ટ નથી. ઉપરાંત, જાતે પ્રાપ્ત કરેલી મિલકતને આ સુધારો લાગુ પડતો નથી. આજે મોટા ભાગની મિલકત જાતે પ્રાપ્ત કરેલી હોય છે. આ સુધારામાં કોઈ હિંદુ પુરુષ વસિયતનામા દ્વારા પોતાની પત્ની અથવા પુત્રીને પોતે પ્રાપ્ત કરેલી મિલકત ના આપે એવું બની શકે છે. જે સ્ત્રીઓ સંયુક્ત કુટુંબમાં પરણી છે તેમની પરિસ્થિતિ વાસ્તવમાં વધારે ખરાબ થશે. પુત્રીઓને પુત્રોની સાથે જ જન્મથી જ અધિકાર પ્રાપ્ત થાય છે પણ આ અધિકાર તેઓ ગમે તે સમયે છોડી શકે છે. અને તેથી સંયુક્ત કુટુંબના અન્ય સભ્યોના અધિકારો પણ તેટલા જ પ્રમાણમાં ઘટે છે. ૧૯૫૦ના દાયકામાં કરવામાં આવેલા સુધારાઓથી છૂટાછેડા લીધેલી પત્નીને ગેરલાભ થતો હતો. હવે આ સુધારાથી પરણિત સ્ત્રીને પણ ગેરલાભ થશે. એ જ રીતે વિધવા સ્ત્રીઓને પણ મુસીબત ઊભી થશે. હિંદુ કાયદા પ્રમાણે પત્નીઓને લગ્ન સંબંધની મિલકતમાં કોઈ અધિકાર પ્રાપ્ત થતો નથી. તેથી તેમને પતિ મૃત્યુ પામે તો પુત્રો અને પુત્રીઓ સાથે સમાન હિસ્સો વારસામાં પ્રાપ્ત થાય છે. પણ જો છૂટાછેડા લીધેલા હોય તો વારસાનો આ અધિકાર પણ જતો રહે છે.

## સુશ્રી બેતવા શર્મા

**વિદ્યાર્થી, નેશનલ લો ઈન્સ્ટિટ્યુટ, ભોપાલ**

સૂચિત સુધારો પહેલી જ વાર પુત્રીને તેના પરિવારમાં કોપારસિનરી બનાવે છે. તેનો અર્થ એ છે કે પૂર્વજોની મિલકતમાં તેને સમાન હિસ્સો મેળવવાનો અધિકાર મળે છે. પરિવારમાં જન્મ થવાને કારણે જ તે કોપારસિનર બને છે. સર્વોચ્ચ અદાલતે લગભગ એક વર્ષ અગાઉ એવો ચુકાદો આપ્યો હતો કે પિતા તેની પુત્રીને તેના લગ્ન સમયે અથવા લગ્ન બાદ પોતાના પૂર્વજોની સ્થાવર મિલકતનો કોઈ ભાગ આપી શકે છે.

પરંતુ આ સુધારાનો અર્થ એ થાય છે કે પુત્રીને સ્વતંત્ર અધિકાર છે અને તેણે પિતાની ઉદારતા ઉપર આધાર રાખવો પડશે નહિ. સ્ત્રી સંયુક્ત હિંદુ પરિવારમાં કર્તા બની શકે છે. મિલકતમાં પોતાના ભાગની માગણી કરવાની પરવાનગી સ્ત્રીને અત્યાર સુધી નહોતી. કલમ-૨૩ હવે રદ થતાં તેને આ છૂટ મળશે. મિલકતમાં સ્ત્રીનો અધિકાર હવે પ્રસ્થાપિત થવાથી દહેજ જેવાં સામાજિક દૂષણો ઘટવાની શક્યતાઓ રહે છે. જો સંયુક્ત કુટુંબોમાં સ્ત્રી પરણી જાય પછી પણ મિલકતમાં તેનું હિત જળવાય તે માટે કેટલીક જોગવાઈઓ હોવી જોઈએ.

# ગુજરાતનું અંદાજપત્ર: કેટલાંક સામાજિક પાસાં

ગુજરાત સરકારનું ૨૦૦૫-૦૬ના વર્ષ માટેનું અંદાજપત્ર નાણાં પ્રધાને વિધાનસભામાં રજૂ કર્યું. આ અંદાજપત્રમાનાં કેટલાંક સામાજિક પાસાં વિશેનું વિશ્લેષણ અહીં **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. આ વિશ્લેષણ રાજ્ય સરકારના અંદાજપત્રના મૂળ દસ્તાવેજો પર આધારિત છે.

**પ્રસ્તાવના**

દર વર્ષે રાજ્ય સરકાર આગામી નાણાકીય વર્ષ માટે પોતાનું અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કરે છે. અંદાજપત્ર રાજ્યના સામાજિક-આર્થિક વિકાસની દૃષ્ટિએ ખૂબ જ અગત્યનું છે, કારણ કે તે વિકાસની દિશા અને તરાહ દર્શાવે છે. ગુજરાત સરકારના સમગ્ર અંદાજપત્રમાંથી સામાજિક વિકાસની દૃષ્ટિએ અગત્યનાં એવાં કેટલાંક પાસાંનું અહીં વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**પંચાયતોને કુલ ખર્ચના ૧૦ ટકાથી પણ ઓછું અનુદાન**

ગુજરાત રાજ્ય સરકાર પંચાયતોને અનુદાન આપે છે. જેમ કેન્દ્ર સરકાર પાસેથી રાજ્ય સરકાર અનુદાન મેળવે છે, એ જ રીતે તે પંચાયતોને અનુદાન આપે છે. ગુજરાત સરકારના ૨૫ વિભાગોમાંથી જે વિભાગો આ અનુદાન આપે છે તે વિભાગો આ મુજબ છે:

(૧) કૃષિ અને સહકાર.
(૨) શિક્ષણ.
(૩) નાણાં.
(૪) સામાન્ય વહીવટ.
(૫) રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ.
(૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ.
(૭) મહિલા અને બાળ વિકાસ.
(૮) ઉદ્યોગ અને ખાણ.
(૯) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ.
(૧૦) મહેસૂલ.
(૧૧) માર્ગ અને મકાન.
(૧૨) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠો.
(૧૩) સામાજિક ન્યાય અને અધિકારિતા.

આ વિભાગો દ્વારા જે અનુદાન પૂરું પાડવામાં આવે છે તેની વિગતો જોતાં એમ લાગે છે કે પંચાયતોને ખૂબ જ ઓછું અનુદાન પૂરું પાડવામાં આવે છે. તમામ સ્તરની પંચાયતોને જે અનુદાન મળે છે તે રાજ્ય સરકારના કુલ ખર્ચના ૧૦ ટકા કરતાં પણ ઓછી રકમ છે. વળી, આ રકમમાં પંચાયતોના તમામ કર્મચારીઓનાં પગાર-ભથ્થાં અને પેન્શન વગેરેનો સમાવેશ થઈ જાય છે. એ જોતાં પંચાયતોને ગ્રામ વિસ્તારોના સામાજિક-આર્થિક વિકાસ માટે જે અનુદાન મળે છે તે ખૂબ જ ઓછું છે એમ કહી શકાય. પંચાયતોને આપવામાં આવનારા અનુદાનમાં વધારો કરવાના બદલે ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૦૫-૦૬માં સરકાર તેના કુલ ખર્ચમાંથી માત્ર ૯.૧૫ ટકા રકમ જ પંચાયતોને અનુદાન તરીકે આપશે. પણ આ રકમ ૨૦૦૪-૦૫માં ૯.૩૮ ટકા જેટલી હતી.

૨૦૦૩-૦૪માં પંચાયતોને આપવામાં આવેલી રકમ ખૂબ ઓછી છે. જો કે, સરકારના અંદાજપત્ર અંગેના દસ્તાવેજમાં સામાન્ય શિક્ષણ માટે જે રકમ પંચાયતોને આપવામાં આવે છે તેનો સમાવેશ આ અનુદાનની રકમમાં કરવામાં આવ્યો નહોતો. જો એનો સમાવેશ કરાય તો એ રકમનું ટકાવારી પ્રમાણ લગભગ એટલું જ થાય તેમ છે.

રાજ્ય સરકારના જે ૧૩ વિભાગોમાંથી પંચાયતોને અનુદાન આપવામાં આવે છે એમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ પણ છે. આ વિભાગમાંથી ખાસ અંગભૂત યોજના (સ્પેશ્યલ કમ્પોનન્ટ પ્લાન - એસસીપી) અન્વયે અનુસૂચિત જાતિઓના વિકાસ માટે પંચાયતોને અનુદાન આપવામાં આવે છે. ૨૦૦૩-૦૪માં આ રકમ રૂ. ૨૧૫૨ લાખ હતી. ૨૦૦૪-૦૫માં તે વધીને ૨૩૫૬ લાખ રૂપિયા થઈ હતી અને ૨૦૦૫-૦૬ માટે ૨૮૮૪ લાખ રૂપિયાનો અંદાજ થયો છે. આમ, આ રકમમાં છેલ્લાં ત્રણ વર્ષના દરમિયાન વધારો થયો છે.

આ જ વિભાગ દ્વારા આદિવાસી વિસ્તાર પેટા યોજનાનો અમલ આદિવાસી વિસ્તારોના વિકાસ માટે કરવામાં આવે છે. ૨૦૦૩-૦૪માં આ યોજના હેઠળ પંચાયતોને જે અનુદાન આપવામાં આવ્યું હતું તે રકમ ૧૬૭ કરોડ રૂપિયા હતી. ૨૦૦૪-૦૫માં એ રકમ ૬૯૧ કરોડ રૂપિયા થઈ. આટલો જંગી વધારો દેખાય છે તેનું કારણ એ છે કે આ વર્ષે ૫૦૫ કરોડ રૂપિયા જેટલી રકમ તો માત્ર માર્ગો અને પુલો માટે આપવામાં આવી હતી. ૨૦૦૫-૦૬ માટે અનુદાન ૩૨૭ કરોડ રૂપિયાનું અંદાજવામાં આવ્યું છે. જો કે, ૨૦૦૩-૦૪ કરતાં આ રકમ લગભગ બમણી છે. એટલે કે આદિવાસી વિસ્તાર પેટા યોજના

(ટ્રાયબલ એરિયા સબપ્લાન-ટીએએસપી) માટે પંચાયતોને અપાતા અનુદાનમાં વધારો થયો છે.

## પાલિકાઓને ખર્ચના બે ટકા રકમનું અનુદાન

પાલિકાઓ માટે આવકનું અગત્યનું સાધન અનુદાન અને લોન છે. ગુજરાત સરકાર દર વર્ષે પાલિકાઓને અનુદાન અને લોન આપે છે. રાજ્ય સરકાર તેના છ વિભાગો મારફતે એ આપે છે. જો કે, સૌથી વધુ અનુદાન અને લોન તો શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ તરફથી જ પાલિકાઓને પ્રાપ્ત થાય છે. પાલિકાઓને પ્રાપ્ત થતું અનુદાન રાજ્ય સરકારના કુલ ખર્ચના બે ટકાથી પણ ઓછું ૨૦૦૫-૦૬ના વર્ષ માટે અંદાજવામાં આવ્યું છે. તે ગયા વર્ષના સંદર્ભમાં સાધારણ વધારો દર્શાવે છે.

બીજી તરફ, ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૩૫ ટકાથી વધારે છે પણ રાજ્ય સરકાર પાલિકાઓને ૨ ટકાથી પણ ઓછું અનુદાન આપે છે તે એમ દર્શાવે છે કે યોગ્ય પ્રમાણમાં નગરોની કાળજી લેવાતી નથી. નગરોમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાનું એક અગત્યનું કારણ આ પણ છે એમ કહી શકાય.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના અંદાજપત્રમાં ૨૦૦૫-૦૬ના વર્ષ માટે ઘટાડો કરાયો છે. ૨૦૦૩-૦૪માં વિભાગનું કુલ ખર્ચ ૬૨૦.૨૬ કરોડ રૂ. હતું. ૨૦૦૪-૦૫ માટે તેનો સુધારેલો અંદાજ ૯૦૫.૪૬ કરોડ રૂ.નો હતો. હવે ૨૦૦૫-૦૬ માટે રૂ. ૬૩૫.૪૩ કરોડનો જ અંદાજ મુકાયો છે. આ ઘટાડો શહેરી વિકાસ માટેની યોજનાઓ માટેના ખર્ચમાં કરવામાં આવ્યો હોવાને પરિણામે થયો છે.

નાણાં પ્રધાને ૨૦૦૫-૦૬નું બજેટ રજૂ કરતા પ્રવચનમાં ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે એમ જાહેર કર્યું હતું. શહેરી વિસ્તારોના ભાવિ આયોજનમાં ઉપયોગી થાય તેવા સુધારા મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર રચના આયોજનને લગતા કાયદાઓમાં કરવામાં આવશે એવી જાહેરાત પણ નાણાં પ્રધાને કરી છે. આ ઉપરાંત, ગુજરાત શહેરી આંતર માળખા ભંડોળ (જીયુઇએફ)ની રચના કરવાની પણ જાહેરાત તેમણે પોતાના અંદાજપત્રીય પ્રવચનમાં કરી હતી. આ બાબતો આવકારદાયક છે.

## ગુજરાત સરકારની પ્રાથમિકતા પ્રાથમિક શિક્ષણ નથી!

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ખર્ચની વિગતો આ સાથેના કોઠા નં.૨માં આપવામાં આવી છે. છેલ્લાં ૧૦ વર્ષમાં શિક્ષણ વિભાગના કુલ ખર્ચમાં ૯૭.૫૪ ટકાનો વધારો થયો છે. તે એમ બતાવે છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં પણ આ ખર્ચ બમણું થયું નથી. છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન દર વર્ષે સરેરાશ ૭.૬૨ ટકાનો વધારો શિક્ષણ વિભાગના અંદાજપત્રમાં થયો છે.

તાજેતરમાં સરકાર સતત એમ કહેતી સંભળાઈ છે કે ઉચ્ચ શિક્ષણની પાછળ સરકાર ઓછું ધ્યાન આપવા માગે છે પણ પ્રાથમિક શિક્ષણ ઉપર વધુ ધ્યાન આપવા માંગે છે. પણ શિક્ષણ વિભાગનું અંદાજપત્ર જોતાં આ બાબત સાચી ઠરતી નથી. શિક્ષણ વિભાગમાં પ્રાથમિક શિક્ષણ પાછળનું ખર્ચ ૧૯૯૬-૦૬ દરમિયાન ૯૪.૭૬ ટકા જેટલું વધ્યું છે અને ઉચ્ચ શિક્ષણ પાછળનું ખર્ચ ૯૯.૬૪ ટકા જેટલું વધ્યું છે.

### કોઠા નં. ૧

### ગુજરાત સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ તથા અર્ધ–સરકારી સંસ્થાઓને અનુદાન અને લોન

| વર્ષ | અનુદાન અને લોનની રકમ કરોડ રૂ. | સરકારનું કુલ ખર્ચ કરોડ રૂ. | (૨)નું (૩) ના સંદર્ભમાં ટકાવારી પ્રમાણ કરોડ રૂ. |
|---|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૧૮૮૯.૨૧ | ૪૨૫૦૮.૩૭ | ૪.૪૪ |
| ૨૦૦૩-૦૪ | ૮૨૮.૨૮ | ૪૦૧૪૬.૮૭ | ૨.૦૬ |
| ૨૦૦૪-૦૫ (સુ.અં.) | ૬૨૦.૭૩ | ૩૭૯૧૪.૪૯ | ૧.૬૪ |
| ૨૦૦૫-૦૬ (બ.અં.) | ૭૧૧.૩૦ | ૩૫૭૦૨.૧૯ | ૧.૯૯ |

સ્રોતઃ (૧) અંદાજપત્ર પરિશિષ્ટો, ગુજરાત સરકાર. (૨) સંક્ષિપ્ત અંદાજપત્રો, ગુજરાત સરકાર.

નોંધઃ અનુદાન અને લોનની રકમ બધાં વર્ષો માટે બજેટ અંદાજ છે.

પ્રાથમિક શિક્ષણ માટેનું શિક્ષણ વિભાગનું ખર્ચ ૧૯૯૬-૯૭માં ૧૦૧૭.૩૦ કરોડ રૂપિયા હતું અને તે ૨૦૦૫-૦૬માં ૧૯૮૧.૩૩ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યું છે. વળી, ૧૯૯૯-૨૦૦૦ના વર્ષમાં પ્રાથમિક શિક્ષણ પાછળના ખર્ચમાં ૧૪.૦૮ ટકાનો ઘટાડો તેના આગલા વર્ષની તુલનાએ નોંધાયો હતો. એ જ રીતે, ૨૦૦૩-૦૪માં ૦.૬૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

શિક્ષણ વિભાગના ખર્ચમાં ૨૦૦૫-૦૬ના અંદાજપત્રમાં ૦.૦૭ ટકાનો નજીવો ઘટાડો અંદાજવામાં આવ્યો છે. ૨૦૦૪-૦૫માં શિક્ષણ વિભાગનું કુલ ખર્ચ સુધારેલા અંદાજ મુજબ ૪૨૯૦.૪૮ કરોડ રૂ. છે. જ્યારે આગામી વર્ષે તે રૂ. ૪૨૮૨.૬૮ કરોડ અંદાજાયું છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ માટેના ખર્ચમાં ૫.૨૯ ટકાનો ઘટાડો અંદાજવામાં આવ્યો છે. ૨૦૦૪-૦૫ માટે પ્રાથમિક શિક્ષણના ખર્ચનો સુધારેલો અંદાજ ૨૦૯૨.૬૩ કરોડ રૂપિયાનો છે. જ્યારે ૨૦૦૫-૦૬ના વર્ષ માટેનો બજેટ અંદાજ રૂ. ૧૯૮૧.૮૩ કરોડનો છે. આમ તેમાં લગભગ ૧૦૦ કરોડ રૂપિયાથી પણ વધુ રકમનો ઘટાડો અંદાજાયો છે. શું પ્રાથમિક શિક્ષણ માટે વધુ ખર્ચની જરૂર ગુજરાતમાં નથી રહી એમ સરકાર માને છે?

વળી, નોંધવા જેવી બાબત એ છે કે ૨૦૦૫-૦૬ માટે શિક્ષણ વિભાગના અંદાજપત્રમાં ઘટાડો કરાયો છે, તેમાં પણ સૌથી વધુ ઘટાડો તો પ્રાથમિક શિક્ષણ પાછળના ખર્ચમાં જ અંદાજવામાં આવ્યો છે. માધ્યમિક શિક્ષણ પાછળનું ખર્ચ ૨૦૦૫-૦૬માં ૨.૦૩ ટકા જેટલું ઘટશે અને ઉચ્ચ શિક્ષણ પાછળનું ખર્ચ ૧.૫૮ ટકા જેટલું ઘટશે, જ્યારે પ્રાથમિક શિક્ષણ પાછળનું ખર્ચ ૫.૨૯ ટકા જેટલું ઘટવાનું છે. તો પછી સરકાર પ્રાથમિક શિક્ષણને ખૂબ મહત્ત્વ આપે છે એવું કેવી રીતે કહી શકાય?

૨૦૦૨-૦૩માં પ્રાથમિક શિક્ષણમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨.૬૪ લાખ હતી અને તેના પછીના વર્ષે તે ૮૨.૬૫ લાખ થઈ. આમ, તેમાં માત્ર ૧૦૦૦નો વધારો થયો હતો. ધોરણ-૧થી ૭માં શાળા છોડી જવાનું પ્રમાણ ૨૦૦૨-૦૩માં ૩૭.૮૦ ટકા હતું અને ૨૦૦૩-૦૪માં તે ૩૬.૫૯ ટકા હતું. આમ, તેમાં સાવ નજીવો ઘટાડો નોંધાયો હતો. આ પ્રકારના સંજોગોમાં પ્રાથમિક શિક્ષણ પાછળનો ખર્ચ ઘટાડવાની જરૂર છે કે વધારવાની જરૂર છે?

શાળામાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે કે જેથી બાળકો પ્રાથમિક શિક્ષણમાં દાખલ થાય. તેથી આગામી પાંચ વર્ષના ગાળા દરમિયાન વધુ ૭૦ લાખ બાળકો પ્રાથમિક શાળાઓમાં દાખલ થાય તેવો અંદાજ છે. એટલે વધુ શિક્ષકોની જરૂર તો પડે જ. પણ સરકાર એ બાબતે

**કોઠા નં. ૨**

**ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું અંદાજપત્ર**

| વર્ષ | રૂ.કરોડ | ટકાવારી ફેરફાર |
|---|---|---|
| ૧૯૯૬-૯૭ | ૨૧૭૦.૫૨ | ----- |
| ૧૯૯૭-૯૮ | ૨૪૬૨.૮૬ | ૧૩.૪૭ |
| ૧૯૯૮-૯૯ | ૩૩૩૬.૬૪ | ૩૫.૪૮ |
| ૧૯૯૯-૦૦ | ૩૪૦૮.૧૯ | ૨.૧૪ |
| ૨૦૦૦-૦૧ | ૩૯૬૮.૪૮ | ૧૬.૪૪ |
| ૨૦૦૧-૦૨ | ૩૬૩૨.૪૯ | -૮.૪૭ |
| ૨૦૦૨-૦૩ | ૩૯૭૫.૧૫ | ૯.૪૩ |
| ૨૦૦૩-૦૪ | ૪૦૬૫.૧૯ | ૨.૨૬ |
| ૨૦૦૪-૦૫ (સુ.અં.) | ૪૨૯૦.૪૮ | ૫.૫૪ |
| ૨૦૦૫-૦૬ (બ.અં.) | ૪૨૮૭.૬૮ | -૦.૦૭ |

સ્રોતઃ જુદાં જુદાં વર્ષોનાં શિક્ષણ વિભાગનાં અંદાજપત્રો, ગુજરાત સરકાર.

બહુ ચિંતિત હોય એવું લાગતું નથી. ૨૦૦૩-૦૪માં પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે રૂ. ૩.૯૦ કરોડના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો હતો પણ એક પણ પૈસાનું ખર્ચ તે માટે થયું નહોતું, એટલે કે એક પણ નવા પ્રાથમિક શિક્ષકની ભરતી એ વર્ષ દરમિયાન થઈ નહોતી. ૨૦૦૪-૦૫માં રૂ. ૧.૭૨ કરોડનો ખર્ચ શિક્ષકોની ભરતી માટે અંદાજાયો હતો. પણ સુધારેલા અંદાજપત્રમાં માત્ર રૂ. ૮૮.૫૦ લાખનો છે. હવે ૨૦૦૫-૦૬માં કુલ ૧૨૦૦ પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ૫.૫૫ કરોડના ખર્ચનો અંદાજ મૂકવામાં આવ્યો છે. શું આ ખર્ચ પૂરતો છે?

વાસ્તવમાં, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે લગભગ ૩૦,૦૦૦થી વધુ શિક્ષકોની ભરતી કરવાની જરૂર છે. ત્યારે પ્રાથમિક શિક્ષણ પાછળનું ખર્ચ ઘટાડવાથી પરિસ્થિતિ સુધરશે કે બગડશે? પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવાની બાબતનો સમાવેશ મૂળભૂત અધિકારોમાં કરવાની હિલચાલ થઈ છે ત્યારે ગુજરાત સરકાર જે વલણ દર્શાવે છે તે કેટલું યોગ્ય છે?

## મહિલા અને બાળ વિકાસ વિભાગ

મહિલા અને બાળ વિકાસ વિભાગનું અંદાજપત્ર ૨૦૦૫-૦૬ માટે રૂ. ૨૦૧.૨૯ કરોડનું અંદાજવામાં આવ્યું છે. જ્યારે ૨૦૦૪-૦૫નો સુધારેલો અંદાજ ૨૩૧.૫૦ કરોડ રૂ.નો છે. આ ૧૩.૦૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. જો કે, ૨૦૦૩-૦૪માં આ વિભાગનું કુલ ખર્ચ રૂ. ૧૯૦.૬૨ કરોડનું હતું. આ વિભાગમાં મુખ્ય સદર નં. ૨૨૩૫ હેઠળ સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે ખર્ચ થાય છે. તેમાં બાળ કલ્યાણ અને મહિલા કલ્યાણ માટે ખર્ચ થાય છે. બાળ કલ્યાણ માટેનું ખર્ચ

૨૦૦૪-૦૫ના સુધારેલા અંદાજ મુજબ ૨.૪૦ કરોડ રૂ. છે. પણ હવે તેમાં ૨૦૦૫-૦૬ માટે ઘટાડો કરાયો છે અને તે ૨.૧૦ કરોડ રૂ. અંદાજવામાં આવ્યું છે. એ જ રીતે મહિલા કલ્યાણ માટે ૨૦૦૪-૦૫નો સુધારેલો અંદાજ ૯૦.૭૪ કરોડ રૂ.નો છે પણ ૨૦૦૫-૦૬ માટે તેનું ખર્ચ માત્ર ૪૭.૭૫ કરોડ રૂ. અંદાજવામાં આવ્યું છે. આમ, તેમાં ૪૭.૩૨ ટકા જેટલો ઘટાડો થયો છે.

મહિલા કલ્યાણ માટેના અંદાજપત્ર વિશેની કેટલીક વિગતો નોંધનીય છે:

(૧) મહિલા મંડળોને ૨૦૦૦૩-૦૪માં રૂ. ૩૦ હજારનું અનુદાન અપાયું હતું. ૨૦૦૪-૦૫માં બજેટ અંદાજ રૂ. ૪૦ હજારનો મૂકવામાં આવ્યો હતો, પણ તેનો સુધારેલો અંદાજ બિલકુલ નથી. ૨૦૦૫-૦૬માં પણ તેને માટે એક રૂપિયાનો પણ ખર્ચ કરવામાં આવનાર નથી.

(૨) નૈતિક અને સામાજિક આરોગ્ય સેવાઓ માટે રૂ. ૪૯ લાખનું અનુદાન ૨૦૦૪-૦૫માં સ્વૈચ્છિક સંસ્થાઓને આપવામાં આવતું હતું. પણ તે ૨૦૦૫-૦૬માં ઘટાડીને રૂ. ૧૪.૬૭ લાખનું જ અંદાજવામાં આવ્યું છે.

(૩) નિરાધાર વિધવાઓના પુનર્સ્થાપન માટે નાણાકીય સહાય આપવા માટે રૂ. ૮૪ કરોડનો ખર્ચ ૨૦૦૪-૦૫માં સુધારેલા અંદાજ મુજબ થવાનો છે. હવે આ રકમ ૨૦૦૫-૦૬માં રૂ. ૩૨.૭૪ કરોડ જ અંદાજવામાં આવી છે. વાસ્તવમાં, મહિલા કલ્યાણ માટેના કુલ અંદાજપત્રમાં જે ઘટાડો થયો છે તેમાં સૌથી મોટો ઘટાડો આ સહાયમાં કરવામાં આવ્યો છે.

(૪) શાકભાજી વેચનારી મહિલાઓના સંગઠન માટે ૨૦૦૪-૦૫ના સુધારેલા અંદાજમાં ૨.૭૦ લાખ રૂ.ની નાણાકીય સહાય અંદાજાઈ હતી. પણ ૨૦૦૫-૦૬માં તેને માટે કોઈ જ રકમ અંદાજવામાં આવી નથી.

(૫) નિરાધાર વિધવાઓ, ત્યક્તાઓ અને છૂટાછેડા લીધેલી મહિલાઓને નાણાકીય રીતે આત્મનિર્ભર બનાવવા માટેની નાણાકીય સહાય ૨૦૦૫-૦૬ માટે રૂ. ૮.૨૦ કરોડ અંદાજવામાં આવી છે. આ રકમ ૨૦૦૪-૦૫ માટે માત્ર રૂ. ૧૦ કરોડ સુધારેલા અંદાજ મુજબ હતી. આમ, તેમાં મોટો ઘટાડો કરાયો છે. ૧૮થી ૪૦ના વયજૂથની લાભાર્થી બહેનોને ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા બિન-સરકારી સંગઠનો મારફતે તાલીમ આપવામાં આવશે અને તાલીમ પૂરી થયા બાદ પ્રમાણપત્ર અને રૂ. ૩૦૦૦ની કિંમતનાં સાધનોની સહાય આપવામાં આવશે. લગભગ ૪૦,૦૦૦ મહિલાઓમાંથી ૧૦,૦૦૦ મહિલાઓને પ્રથમ તબક્કામાં આવરી લેવાશે એમ બજેટમાં જણાવવામાં આવ્યું છે.

(૬) સ્વયંસિદ્ધા મહિલા સશક્તિકરણ કાર્યક્રમ એ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. તેને માટે ૨૦૦૩-૦૪માં રૂ. ૮૬.૮૦ લાખનો ખર્ચ થયો છે અને હવે ૨૦૦૫-૦૬માં માત્ર ૨૯ લાખ રૂ.નો જ અંદાજ મૂકવામાં આવ્યો છે. આમ, આ યોજના હેઠળના ખર્ચમાં પણ જોરદાર ઘટાડો કરાયો છે.

આ વિભાગમાં મુખ્ય સદર નં.૨૨૩૬ હેઠળ પોષણ માટે ખર્ચ થાય છે. ૨૦૦૩-૦૪માં આ માટે રૂ. ૧૩૧.૫૭ કરોડનું ખર્ચ થયું હતું. ૨૦૦૪-૦૫નો બજેટ અંદાજ રૂ. ૧૪૯.૦૧ કરોડ રૂ.નો હતો પણ સુધારેલો અંદાજ રૂ. ૧૩૬.૪૫ કરોડનો છે. આમ, બજેટ અંદાજ કરતાં ઓછું ખર્ચ ગયે વર્ષે થયું છે. હવે ૨૦૦૫-૦૬ માટે રૂ. ૧૪૩.૫૦ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે. બજેટ અંદાજ કરતાં આ માટે આ વર્ષે ઓછું ખર્ચ નહિ થાય તેની શી ખાતરી? પોષણ હેઠળ થતા ખર્ચની કેટલીક વિગતો નીચે મુજબ છે:

(૧) સંકલિત બાળ વિકાસ યોજના માટે ૨૦૦૩-૦૪માં રૂ. ૨૯.૫૮ કરોડનું ખર્ચ થયું હતું. ૨૦૦૪-૦૫ માટે તેનો બજેટ અંદાજ રૂ. ૪૦ કરોડનો હતો પણ સુધારેલો અંદાજ રૂ. ૩૮.૫૨ કરોડનો છે. આમ, તેમાં થોડો ઘટાડો થયો. પછી ૨૦૦૫-૦૬માં તેમાં રૂ. ૩૬.૧૧ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે. આમ, ગયા વર્ષે કરતાં ચાલુ વર્ષે ઓછું ખર્ચ થવાનો અંદાજ છે.

(૨) બાલિકા સમૃદ્ધિ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. ૨૦૦૩-૦૪માં તેને માટે ૨ કરોડ રૂ.નું ખર્ચ થયું હતું. ૨૦૦૪-૦૫માં તેનો બજેટ અંદાજ અને સુધારેલો અંદાજ રૂ. ૧૦ કરોડનો છે. ૨૦૦૫-૦૬માં પણ તેને માટે આ જ અંદાજ મૂકવામાં આવ્યો છે.

(૩) પાંડુ રોગ નિયંત્રણ કાર્યક્રમ માટે ૨૦૦૪-૦૫માં બજેટ અંદાજ રૂ. ૧ કરોડનો મૂકવામાં આવ્યો હતો. પણ તેનો સુધારેલો અંદાજ માત્ર રૂ. ૨૮.૭૯ લાખનો જ છે. હવે ૨૦૦૫-૦૬માં ફરી વાર રૂ. ૧ કરોડનો અંદાજ મૂકવામાં આવ્યો છે. શું ખરેખર તેટલો ખર્ચ થશે?

સ્ત્રી-પુરુષ સમાનતા માટે ગુજરાતની રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે એમ વારંવાર કહેવામાં આવે છે. પણ મહિલાઓના વિકાસ માટેની યોજનાઓ માટે જ્યારે ઓછી અને અપૂરતી અંદાજપત્રીય જોગવાઈઓ કરવામાં આવે ત્યારે આ પ્રતિબદ્ધતા ખરેખર કેટલી છે તેવો સવાલ ઊભો થાય છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી: સામાજિક ભેદભાવ વિશે જાગૃતિ કાર્યક્રમ

દર વર્ષે ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં અને રાજસ્થાનમાં પણ 'ઉન્નતિ' દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજીને મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ સામાજિક ભેદભાવ વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો હતો. તેમ જ સ્વશાસનની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી અને તેમનો સમાવેશ વધે તે પણ આ કાર્યક્રમોનો હેતુ હતો. આ કાર્યક્રમો વિશે વિગતવાર ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે.

### પ્રસ્તાવના

આપણા દેશમાં યુગોથી સ્વશાસન અને પંચાયતોની ભાવના પ્રવર્તમાન રહી છે, પરંતુ ૧૯૯૩માં ૭૩મા બંધારણ સુધારાએ સ્થાનિક સ્તરની વિકેન્દ્રિત લોકશાહીનો નવો જ અર્થ આપ્યો. કદાચ સામાજિક ન્યાય ઊભો કરવો માટે સૌથી મહત્ત્વની જોગવાઈ એ કરવામાં આવી કે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ તથા મહિલાઓ જેવાં જે જૂથો ઐતિહાસિક રીતે વિકાસની પ્રક્રિયામાં અને નિર્ણયની પ્રક્રિયામાં છેવાડે ફેંકાઈ ગયેલાં છે તેમને માટે અનામત રાખવામાં આવી.

તે પછીના વર્ષથી 'ઉન્નતિ' ગુજરાત અને રાજસ્થાનમાં સામાજિક ન્યાય સાથે સ્થાનિક સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ માટેના સાધન તરીકે પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત કરવા માટેનો બહુપાંખિયો પ્રયાસ કરી રહી છે. મહિલાઓ, દલિતો અને આદિવાસીઓનો સમાવેશ સ્થાનિક સ્વશાસનની નિર્ણય પ્રક્રિયામાં થાય તે અમારી દરમ્યાનગીરીનો એક મહત્ત્વનો મુદ્દો રહ્યો છે. વાસ્તવમાં, મહિલાઓ માટેનો અવકાશ હજુ પણ એક એવું પાસું બની રહે છે કે જેમાં આજે પણ સામાજિક પ્રતિકારની પરિસ્થિતિ ખૂબ જ રહે છે અમારી વિવિધ દરમ્યાનગીરીઓ દરમ્યાન અમને દરેક તબક્કે સમાજમાં ઊંડે સુધી ઘૂસી ગયેલા આ સીમાંતીકરણનો સામનો કરવાની નોબત આવી છે. બિલકુલ રસ ન લેતા હોય, તદ્દન નિરુત્સાહી હોય અને બિલ્કુલ આત્મવિશ્વાસ ન ધરાવતા હોય તેવા ડમી ઉમેદવારોના સ્વરૂપે તે સીમાંતીકરણ દેખાયું છે.

અમારી તમામ દરમ્યાનગીરીઓમાં મુખ્ય પ્રવાહમાં મહિલાઓને લાવવાનો મુદ્દો અંતર્નિહિત હોય છે. પરંતુ અમે પંચાયતી રાજના પ્રતિનિધિઓમાં અને બીજી તરફ વ્યાપક ગ્રામીણ સમુદાયોમાં મહિલાઓ પ્રત્યેના સામાજિક ભેદભાવ વિશેનો દૃષ્ટિકોણ વિકસાવવા માટેના વિશિષ્ટ પ્રયાસો કર્યા છે. દર વર્ષે મહિલા દિનની ઉજવણી આ પ્રયાસોના ભાગરૂપે કરવામાં આવે છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના સામાજિક ભેદભાવ વિશે સંવેદનશીલતા ઊભી કરવા માટેની પ્રક્રિયા અને સ્વશાસનમાં આ અંગેનો દૃષ્ટિકોણ લાંબા ગાળાના અમારા પ્રયાસોને પરિણામે ઊભાં થયાં છે. અમે દરેક ઉજવણીને તેથી જ વધુ અર્થપૂર્ણ અને ફળદાયી બનાવવા માટે ભૂતકાળના અનુભવોનો ઉપયોગ એક માર્ગરેખા તરીકે કરતા હોઈએ છીએ.

### ગુજરાતમાં મહિલા દિનની ઉજવણીમાં વરસોવરસ થયેલા ફેરફારો

#### ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૦૨

ડિસેમ્બર - ૨૦૦૧માં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓએ ૭૩મા બંધારણ સુધારા અને ગુજરાત પંચાયત ધારા - ૧૯૯૩ પછી બીજી વખત મહિલા નેતાઓ ઊભાં કર્યાં. મોટા ભાગની મહિલાઓ અનામત બેઠકો ઉપર ચૂંટાઈ આવી હતી અને પહેલી જ વખત હોદ્દો ધારણ કરતી હતી. આવે સમયે તેમની નવી ઓળખને માત્ર પુરુષો, ગ્રામવાસીઓ કે સરકાર જ માન્ય રાખે તે જરૂરી નહોતું પણ તેઓ પોતે પણ તેને પિછાણે તે આવશ્યક હતું. તેથી અમે મોટી સભાઓમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને સત્કારવાનું નક્કી કર્યું હતું કે જેથી તેમના પોતાના મગજમાં તેમ જ અન્ય લોકોના દિમાગમાં પણ તેમના હોદ્દાઓ વિશેનું મહત્ત્વ ઊભું થાય.

#### ૨૦૦૩માં ઉજવણી

૧૨મી અને ૧૩મી માર્ચ, ૨૦૦૩ દરમ્યાન બે દિવસનો એક રાજ્ય સ્તરીય પંચાયત મહિલા મહોત્સવ અમદાવાદમાં યોજવામાં આવ્યો. તેમાં ૩૦૦ સરપંચ, ૬૩ પંચાયત સભ્યો, ૫ ભૂતપૂર્વ સરપંચો, ૧૯ ઉપ-સરપંચો અને સ્વસહાય જૂથોના ૪૦ નેતાઓ સહિત ૭૫૦ મહિલાઓએ આ મહોત્સવમાં હાજરી આપી હતી. તેઓ ૧૯ જિલ્લાનાં ૪૭૮ ગામોમાંથી આવ્યાં હતાં. અનેક બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓએ પણ આ મહોત્સવમાં હાજરી આપી હતી. મહિલા નેતાઓએ પોતાની સામૂહિક તાકાત તેમાં બતાવી અને આનંદપ્રમોદ કર્યો. પણ સાથે સાથે તેમના હોદ્દાને એક વર્ષ પૂરું થતું હોઈ પરિસ્થિતિની સમીક્ષા કરવાનો અને આગામી વર્ષો માટે ઊર્જા એકત્ર કરવાનો એ

એક યોગ્ય પ્રસંગ હતો. મહિલા સરંપચોના વિવિધ અનુભવોનું દસ્તાવેજીકરણ અને વિકાસનાં વિવિધ પાસાંઓ વિશે અનૌપચારિક પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. સાથે સાથે તેમને પ્રેરણા મળે તેવાં પ્રવચનો પણ ગોઠવાયાં હતાં, સક્રિય મહિલા સરપંચોએ તેમના અનુભવોની વાત જણાવી, સરકારી સત્તાવાળાઓ અને પંચાયતી રાજના નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી પણ થઈ, રમતો રમાઈ અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ ગોઠવાયા. ચૂંટાયેલા પ્રતિનિધિઓ તરીકે નિર્ણય પ્રક્રિયામાં તેમની ભૂમિકા વિશે તથા મહિલાઓના પ્રશ્નો ઉપર વિશેષ ધ્યાન આપવાનું તેમાં કેન્દ્રમાં રહ્યું.

**૨૦૦૪ની ઉજવણી**

આગલા વર્ષનો અનુભવ અને ક્ષેત્રીય વિસ્તારોમાં થયેલી વાતચીતથી એ અનુભવાયું કે ૫થી ૧૦ ગામોમાં અનેક નાનાં નાનાં જૂથોમાં સઘન કાર્યક્રમો કરવાની જરૂર છે. પરિણામે અમદાવાદ જિલ્લામાં દસક્રોઈ, ધોળકા અને વિરમગામ તાલુકાઓમાં લગભગ ૧ મહિના સુધી આ ઉજવણી ચલાવવામાં આવી. સાબરકાંઠામાં મોડાસા અને ઇડર તાલુકાઓમાં તથા અમદાવાદ જિલ્લામાં ધોળકા અને સાણંદ નગરોમાં આ જ પ્રકારની ઉજવણીઓ કરવામાં આવી. દરેક કાર્યક્રમમાં દરેક જૂથમાં પંચાયતોમાં ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓ અને સ્વસહાય જૂથોના સભ્યો હાજર રહ્યા હતા. અનુભવ એવો રહ્યો છે કે સ્વસહાય જૂથોમાંથી  જે મહિલા પ્રતિનિધિઓ આવે છે તેઓ અને ઘરેલૂ કામકાજની બહાર મહિલાઓનાં જે જૂથો સક્રિય હોય છે તેઓ ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિઓને મજબૂત ટેકો પૂરો પાડે છે. તેઓ નિર્ણય પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લઈ શકે છે અને પાયાની સેવાઓ મહિલાઓને પ્રાપ્ત થાય તથા તેમની જરૂરિયાતો સાથે તે વધારે અનુકૂળ બને તે માટે ગ્રામ સભાના સભ્યોની ભૂમિકા ઉપર દેખરેખ રાખી શકે છે. તેઓ પરિવર્તનકારો તરીકે પણ કામ કરે છે અને ગામની અંદરની અન્ય મહિલાઓ સાથેની રોજેરોજની વાતચીતમાં તેમની વિચાર પ્રક્રિયા ઉપર પ્રભાવ પાડે છે અને એ રીતે સામાજિક પર્યાવરણ ઉપર પણ પ્રભાવ પાડે છે. દરેક સ્થળે લગભગ ૬૦થી ૯૦ મહિલાઓએ તેમાં હાજરી આપી હતી અને એ રીતે લગભગ ૨૦૦૦ મહિલા નેતાઓને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવાઈ હતી.

આ પ્રયાસમાં મહિલાઓના અનુભવો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વધુ સમતાપૂર્ણ સમાજ ઊભો કરવા માટે તેમના પોતાનામાં અને તેમની આસપાસના વાતાવરણમાં ફેરફાર કરવા માટે તેમને પ્રેરણા આપવા સહભાગી પ્રયાસ આ કાર્યક્રમોમાં કરવામાં આવ્યો હતો. ઉજવણીનો હેતુ એ હતો કે મહિલાઓએ વર્ષમાં કમ-સે-કમ એક દિવસ પોતાની રીતે ગાળવાની જરૂર છે એવું તેમણે અનુભવવું જોઈએ કારણ કે આમ તો તેઓ તેમના પુરુષો માટે અને પરિવારના કલ્યાણ માટે અનેક કામો કરતી હોય છે અને અનેક ઉપવાસો કરતી હોય છે. બીજો એક હેતુ એ હતો કે મહિલા નેતાઓએ છોકરીઓ કે સ્ત્રીઓની સાથે સારો વ્યવહાર કરવા માટે મક્કમ નિર્ણય લેવો જોઈએ. આ ઉપરાંત, આવા સમારંભો મહિલા નેતાઓને વધારે હિંમતપૂર્વક નેતૃત્વની ભૂમિકા અદા કરવા માટે તૈયાર કરવામાં અને તેમને સૌને એક થવામાં મદદ કરે છે.

દરેક દિવસના કાર્યક્રમ દરમ્યાન આ ઉજવણી ઉપરાંત મહિલા સહભાગીઓને થોડોક એવો સમય અને એવો અવકાશ મળ્યા કે જેમાં તેઓ તેમની સ્થિતિ વિશે વિચાર કરી શકે અને એ સ્થિતિ પાછળનાં કારણો વિશે વિચારી શકે. તેમણે તેમના પોતાના અનુભવો યાદ કર્યા અને પોતાની સાથે ભેદભાવ વિશેના પ્રસંગોને પણ યાદ કર્યા. પછી તેમણે પોતે જે રીતે કરી શકે તે રીતે પરિવર્તન લાવવાનો અને ખાસ કરીને પોતાનું માનસ બદલવાનો તથા પોતાની છોકરીઓને વધારે સ્વતંત્રતા અને તકો પૂરી પાડવાનો અને અન્ય મહિલાઓ સાથે ગ્રામ સભાઓમાં ભાગીદાર થવા માટે તેમને પ્રેરણા આપવા મક્કમ નિર્ધાર કર્યો. કાર્યક્રમના અંતે સહભાગીઓના ચહેરા ઉપર આત્મવિશ્વાસ અને પરસ્પર સહાનુભૂતિની લાગણી સ્પષ્ટપણે દેખાતાં હતાં.

૧૫મી માર્ચે ગ્રામ પંચાયતના મહિલા પ્રતિનિધિઓના તાલુકા સ્તરનાં મંડળોની કારોબારીના સભ્યોની બેઠક મળી હતી અને તેમાં અનુભવોની આપ-લે કરવામાં આવી હતી.

**વિશ્વ ગ્રામીણ મહિલા દિનઃ સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૨૦૦૪**

૧૫મી ઓક્ટોબર વિશ્વ ગ્રામીણ મહિલા દિન તરીકે ઉજવાય છે. ૬ માસ અગાઉ જે પ્રક્રિયા શરૂ થઈ હતી તેને ચાલુ રાખવાની અને સઘન કાર્યક્રમોની અસર ઊભી કરવાની તક આ નિમિત્તે અમારે માટે ઊભી થઈ. સહભાગીઓએ તેમના કામના કલાકો, કામનો પ્રકાર અને તેમનાં બહુવિધ કામોનું વિશ્લેષણ કર્યું અને તે દરમ્યાન પુરુષોની કામ કરવાની આદતો તથા કામના કલાકોની તુલના પણ કરી. પછી સામૂહિક વાચન અને પોતાની કહાણીઓની આપ-લે ફ્લેશ કાર્ડ દ્વારા કરવામાં આવી અને મહિલા નેતાઓના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. આ ઉજવણીઓમાં અમદાવાદ જિલ્લાના દસક્રોઈ, ધોળકા અને વિરમગામ તાલુકાના તથા સાબરકાંઠા જિલ્લાના ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, મોડાસા અને હિંમતનગર તાલુકાનાં લગભગ ૮૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.

**૨૦૦૫ની ઉજવણી**

અગાઉના કાર્યક્રમોથી આગળ વધીને આ વર્ષે ઉજવણીઓમાં પુરુષોને પણ સામેલ કરવામાં આવ્યા. સ્ત્રી-પુરુષ સમાનતા ઊભી કરવા માટે

પુરુષોને પણ સંવેદનશીલ બનાવવાનું એટલું જ જરૂરી લાગ્યું છે. આ રીતે આ ઉજવણીઓમાં લગભગ ૩૦૦૦થી વધુ સ્ત્રી-પુરુષોએ ભાગ લીધો હતો. જે કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા હતા તેમની વિગતો આ સાથેના કોઠામાં આપવામાં આવી છે.



**કાર્યક્રમની પ્રવૃત્તિઓઃ**

**ભવાઈઃ**

કાર્યક્રમનું એક મહત્ત્વનું અંગ ભવાઈ હતું. તેમાં સ્ત્રીઓ પર આચરાતી હિંસા અને તેનાં પરિણામો અંગે વ્યંગાત્મક રીતે ખૂબ જ અસરકારક રજૂઆત કરવામાં આવી હતી.

**ક્વિઝઃ**

ખાસ આ કાર્યક્રમ માટે ક્વિઝ તૈયાર કરવામાં આવી હતી. તેનો હેતુ નાટ્યાત્મક રીતે માહિતી પૂરી પાડવાનો અને તેની આપ-લે કરવાનો તથા તેમની અંદર વિચાર પ્રક્રિયા આરંભવાનો હતો. આ ક્વિઝમાં વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર મહિલાઓ, મહિલાઓની ખરાબ અને વણસતી જતી સામાજિક પરિસ્થિતિ, મહિલાઓના ઉત્થાન માટે કામ કરનારા સામાજિક કાર્યકરો, મહિલાઓ દ્વારા થતું બેનમૂન અથવા બિન-પરંપરાગત કાર્ય, મહિલાઓના રક્ષણ માટેના કાયદાઓ અને મહિલાઓ માટેની સામાજિક સલામતીની યોજનાઓ વગેરે જેવી બાબતોને સાંકળી લેવામાં આવી હતી.

| ક્રમ | તારીખ | ગામ/નગર | તાલુકો | જિલ્લો |
|---|---|---|---|---|
| ૧ | ૪.૨.૦૫ | ખેડબ્રહ્મા | | સાબરકાંઠા |
| ૨ | ૨.૩.૦૫ | અ. રાજપુર<br>બ. ભાટ | અ. ધોળકા<br>બ. દસક્રોઈ | અમદાવાદ |
| ૩ | ૪.૩.૦૫ | કુમારખામ<br>વિરમગામ | વિરમગામ | અમદાવાદ |
| ૪ | ૫.૩.૦૫ | ઈડર | ઈડર | સાબરકાંઠા |
| ૫ | ૮.૩.૦૫ | અ. ધોળકા<br>બ. ઓડ | અ. ધોળકા<br>બ. દસક્રોઈ | અમદાવાદ |
| ૬ | ૧૦.૩.૦૫ | મોડાસા | મોડાસા | સાબરકાંઠા |
| ૭ | ૧૨.૩.૦૫ | અ. રનોડા<br>બ. કુહા | અ. ધોળકા<br>બ. દસક્રોઈ | અમદાવાદ |
| ૮ | ૭.૩.૦૫ | વિજયનગર | | સાબરકાંઠા |
| ૯ | ૧૪.૩.૦૫ | લાંબડિયા<br>મટોડા | ખેડબ્રહ્મા | સાબરકાંઠા |
| ૧૦ | ૨૨.૩.૦૫ | પ્રાંતિજ | પ્રાંતિજ | સાબરકાંઠા |
| ૧૧ | ૧૧.૩.૦૫ | જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત | | ગાંધીનગર |



**પંચાયત ક્વિઝઃ**

પંચાયતી રાજ સંબંધી અને ખાસ કરીને પંચાયતી રાજમાં મહિલાઓની ભૂમિકા સંબંધી માહિતી પૂરી પાડવાના હેતુ સાથે આ ક્વિઝ રમવામાં આવી હતી. પુરુષો અને મહિલાઓ માટે અલગ અલગ જૂથોમાં આ ક્વિઝ રમવામાં આવી હતી અને તેમાં સહભાગીઓનો રસ જળવાઈ રહ્યો હતો.

**સાપસીડીઃ**

આ રમત દ્વારા સ્થાનિક સ્વશાસન વિશે સંદેશાઓ આપવામાં આવ્યા હતા. તેના આકર્ષક સ્વરૂપને કારણે તેણે મુખ્યત્વે આરંભિક રમત તરીકે અને જોશ ઊભો કરનાર રમત તરીકે ભૂમિકા ભજવી હતી.

**પંચાયતની બેઠક વિશેની ફિલ્મઃ**

પંચાયતની બેઠક વિશે ૧૦ મિનિટની એક નાની ફિલ્મ દર્શાવવામાં આવી. ઉજવણીમાં અને તેની વ્યવસ્થાઓમાં પંચાયતના સભ્યોને સક્રિયપણે ભાગ લેતા તેમાં દર્શાવવામાં આવ્યા હતા. આ ફિલ્મ નવી હતી તેથી આ એક પ્રાયોગિક પ્રદર્શન હતું. ફિલ્મ વિશે સારો પ્રતિભાવ સાંપડ્યો હતો.

**દોરડાખેંચઃ**

ઉત્સાહ પ્રેરવા માટે અને ઊજવણીનો આનંદ માણવા માટે આ રમત ખૂબ જ સફળતાપૂર્વક રમવામાં આવી હતી. તેણે સમગ્ર વાતાવરણમાં ઉત્સાહ પ્રેર્યો હતો અને સૌને તેમાં આનંદ આવ્યો હતો. જો કે, તેમાં માત્ર મહિલાઓ જ ભાગ લીધો હતો અને પુરુષો દર્શક બન્યા હતા.

**સંકલ્પઃ**

તમામ સહભાગીઓએ મહિલાઓ પ્રત્યે રાખવામાં આવતા ભેદભાવ અંગે સંવેદનશીલ બનવા માટેનો સંકલ્પ કાર્યક્રમના અંતે લેવામાં આવ્યો હતો.

તમામ ગામોમાં પંચાયતે મંડપ, માઈક, ભવાઈના કલાકારો તથા અન્ય ગામોમાંથી આવેલા લોકો માટે ચા-નાસ્તો વગેરેની વ્યવસ્થા કરી હતી. પંચાયતોને આ કાર્યક્રમના એક આયોજક તરીકે નિમંત્રણ પત્રમાં દર્શાવવામાં આવી હતી. અમદાવાદ જિલ્લાની વિરમગામ તાલુકા પંચાયતે તાલુકાના તમામ કાર્યક્રમો પાછળનો ખર્ચ સમાન રીતે ઉઠાવ્યો હતો. તમામ સંબંધિત પક્ષકારો આ કાર્યક્રમની ઉપયોગિતાને સમજતા હતા તેમ આ બાબત દર્શાવે છે.

## વર્ષોના અનુભવનો પદાર્થપાઠ

આ વર્ષો દરમ્યાન મહિલા દિનની ઊજવણીના કાર્યક્રમોનું કેન્દ્રબિંદુ બદલાતું ગયું છે. આરંભમાં ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ કેન્દ્રસ્થાને હતી, પછી ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ ગામના સમુદાયની મહિલાઓ સાથે અગ્રણી ભૂમિકા ભજવતી હતી અને સામાજિક ભેદભાવ અંગેની સંવેદનશીલતા ઊભી કરવાની પ્રક્રિયામાં મહિલાઓની સાથે સાથે પુરુષોનો સમાવેશ કરવાની ભૂમિકા તેઓ ભજવતી હતી. અમારા અનુભવોમાંથી અમને નીચે મુજબના મહત્ત્વના પદાર્થપાઠ મળ્યા છેઃ

(૧) અનેક પાસાંઓ વિશે ટૂંકા ગાળામાં અને અસરકારક રીતે સંદેશો આપવામાં ભવાઈ જેવાં લોક કલાનાં સ્વરૂપો મદદરૂપ થાય છે. જ્યારે કોઈ પ્રશ્ન વિશેની સમજ સાથે તે રજૂ કરવામાં આવે છે ત્યારે ખૂબ સારી રીતે સંદેશો પહોંચાડી શકે છે. ઉપરાંત, લોકો માટે પણ એ મુદ્દાઓને સમજવાનું વધારે આસાન બની શકે છે. સહભાગીઓએ જે પ્રતિભાવ આપ્યો તેનાથી આ બાબત વધારે સ્પષ્ટ થાય છે. મહિલાઓને જ્યારે તેઓ સારી સરપંચ બની શકે તેમ છે અને પુરુષો કરતાં તેઓ વધારે કામ કરે છે પણ તેમના કામનું કદી પણ સાચું મૂલ્યાંકન કરવામાં આવતું નથી વગેરે જેવાં મુદ્દાઓ દર્શાવતાં દૃશ્યો આવે છે ત્યારે મહિલાઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક તાળીઓ પાડે છે. અમુક સ્થળોએ તો તેમણે એમ પણ કહ્યું કે "હા, ખરેખર તો આવું જ બનતું હોય છે." ભવાઈમાં જ્યારે એમ કહેવામાં આવે કે મહિલાઓ ડમી ઉમેદવારો હોય તો તેમાં કશું ખોટું નથી ત્યારે પુરુષો પણ હકારમાં માથુ ધુણાવે છે. પ્રતિભાવમાં મહિલાઓએ એમ પણ કહ્યું કે આવા કાર્યક્રમો વધુ ને વધુ યોજાવા જોઈએ કારણ કે તેનાથી સ્ત્રીઓ તેમ જ પુરુષોમાં પણ જાગૃતિ આવે છે.

(૨) કોઈ કેન્દ્રિત કાર્યક્રમ મોટા પાયા પર ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ જેવા નિશ્ચિત જૂથની જરૂરિયાતો સંતોષી શકે છે પરંતુ વિકેન્દ્રિત કાર્યક્રમ મોટા ગ્રામીણ સમુદાયમાં જાગૃતિ ફેલાવવાના સંદર્ભમાં વધારે અસરકારક બને છે કારણ કે અમે તેમના ગામમાં આ

મુદ્દાઓ વિશે વાતચીત કરતા હોઈએ છીએ. આવો કાર્યક્રમ પુરુષો, સ્ત્રીઓ, પરંપરાગત નેતાઓ, વરિષ્ઠ નાગરિકો, સ્વસહાય જૂથો અને સમુદાય-આધારિત સંગઠનોના સભ્યો સહિત નાગરિક સમાજને મોટા પાયા પર સામેલ કરવામાં સફળ થાય છે.'

## રાજસ્થાનમાં ઉજવણી

આંતરરાષ્ટ્રીય મહિલા દિનના સંદર્ભમાં 'ઉન્નતિ' દ્વારા ૧૫-૩-૨૦૦૫ના રોજ એક મહિલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જોધપુરમાં અગ્રસેન વાટિકા પર આયોજિત આ કાર્યક્રમમાં જોધપુર જિલ્લાની લગભગ ૪૦૦ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. તેમાં જિલ્લાના તમામ ૯ તાલુકાના સરપંચો, સભ્યો, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો અને પ્રમુખો વગેરેએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ કાર્યક્રમના મુખ્યત્વે નિમ્નલિખિત ઉદ્દેશો હતા:

(૧) મહિલા દિનની ભૂમિકા અને મહત્ત્વ વિશે જાણકારી ઊભી થાય અને જાગૃતિ વધે.

(૨) મહિલાઓના પ્રશ્નોની ગંભીર પરિસ્થિતિ પ્રત્યે પંચાયતોની મહિલા સભ્યોને સંવેદનશીલ બનાવવી.

(૩) પંચાયતોની મહિલા સભ્યોની જાહેર પ્રશ્નો અને ખાસ કરીને મહિલાઓના પ્રશ્નો વિશેની ભૂમિકા સ્પષ્ટ કરવી.

આ ઉત્સવમાં આવનારી મહિલાઓનું કાર્યક્રમના સ્થળે ઢોલ-નગારાં સાથે સ્વાગત કરવામાં આવ્યું. તેમને તિલક લગાવાયું અને હારતોરા કરાયા પછી સભા સ્થળે પહોંચાડાઈ. તેથી તેમને આત્મગૌરવનો અહેસાસ થયો. અનેક સંગઠનોએ અનેક સંગઠનોએ ગોઠવેલાં પ્રદર્શનો તેમણે નિહાળ્યાં. તે તેમને માટે જ્ઞાનવર્ધક બન્યાં. કાર્યક્રમના આરંભમાં શ્રીમતી રેખા વૈષ્ણવ દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું અને કાર્યક્રમના ઉદ્દેશ વિશે જણાવવામાં આવ્યું. જયપુરથી આવેલાં નિષ્ણાત શ્રીમતી અનિતા માથુરે પોતાના સંબોધનમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ અને સામાજિક માન્યતાઓની ચિંતાજનક પરિસ્થિતિ વિશે વાત કરી.

શ્રીમતી કમલા રંગાએ જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભૂમિકા અને પડકારો વિશે સવિસ્તર ચર્ચા કરી. ત્યાર પછી સુશ્રી બરુણા દત્તાએ મહિલાઓ સંબંધી કાયદા અને ઘરેલૂ હિંસા વિશે વાત કરી. એ ઉપરાંત, બીજા ઘણા વક્તાઓએ મહિલાઓને પોતાની સ્થિતિ સુધારવા માટે આગળ આવવા આહ્વાન કર્યું.

ઉપરાંત, પંચાયતોના ૯ સભ્યોએ પોતાના અનુભવો રજૂ કર્યા. તેમણે પોતે જ પંચાયત સભ્યોની સાક્ષરતા વધે તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહ્યું. વળી, કોઈ પણ કાગળ ઉપર વગર વિચાર્યે સહી ન કરવા કે અંગૂઠો ન મારવા પણ તેમણે આહ્વાન કર્યુ. જો પોતે વાંચી શકતી ના હોય તો પોતાના ઘરમાં કે ગામમાંની બીજી કોઈ વ્યક્તિ પાસે કાગળ વંચાવીને પછી જ સહી કરવા માટે જણાવ્યું. જો એમ નહિ થાય તો પોતે કોઈ ષડયંત્રનો શિકાર બનશે એવી ચેતવણી પણ તેમણે આપી.

શ્રીમતી કમલા રંગાએ એમ પણ કહ્યું કે પંચાયતમાં તેમને પોતાને સમગ્ર દેશમાં ૩૩ ટકાની અનામત મહિલાઓ માટે હોવા છતાં ઓછી સંખ્યામાં હોવાનું જણાય છે પણ આ કાર્યક્રમમાં આટલી મોટી સંખ્યામાં પંચાયત સભ્યોને મળીને તેમનો આત્મવિશ્વાસ મજબૂત થયો છે. તેમણે કહ્યું કે આજે તેમને લાગે છે કે પંચાયતી રાજમાં મહિલાઓની સંખ્યા ઓછી નથી, આપણે સૌ મળીને વિકાસ માટે અને ખાસ કરીને મહિલાઓના પ્રશ્નો અંગે આગળ વધી શકીએ છીએ.





# 'એકલ નારી શક્તિ મંચ'ની ઝુંબેશ

ગુજરાત સરકારે થોડા સમય અગાઉ વિધવા, નિરાધાર અને ત્યક્તા બહેનો જેવી એકાકી નારીઓ માટે નાણાકીય સહાય માટેની જે યોજના ચાલતી હતી તેમાં ધરખમ ફેરફારો કર્યા હતા. આ ફેરફારોથી લાભાર્થી બહેનોને ખૂબ જ વિપરીત અસર થતી હતી. તેની સામે 'એકલ નારી શક્તિ મંચ' દ્વારા જે ઝુંબેશ ચલાવાઈ તેની સમગ્ર પ્રક્રિયાનું આલેખન આ લેખમાં કરવામાં આવ્યું છે. સરકારે આ દબાણને વશ થઈને યોજનામાં થોડા ફેરફારો કર્યા છે ખરા, પરંતુ હજુ મંચ સરકાર પોતાના નિર્ણયો સંપૂર્ણપણે પાછા ખેંચે તેનો આગ્રહ રાખી રહ્યું છે.

## અમદાવાદ ખાતે મહાસંમેલન

અમદાવાદમાં ૦૫-૦૩-૨૦૦૫ના રોજ એક મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. તેમાં લગભગ ૨૦૦૦ જેટલી એકાકી નારીઓએ ભાગ લીધો હતો અને ગુજરાત સરકારની હિલચાલ સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. આ વિરોધ ઝુંબેશને વેગ આપવા માટે તેનું આયોજન કરાયું હતું. એકાકી નારીઓમાં એકતા ઊભી થાય અને તેઓ પોતાના પ્રશ્નોને વાચા આપી શકે છે એવો વિશ્વાસ ઊભો થાય તે પણ તેનો હેતુ હતો.

કચ્છ, અમદાવાદ, પંચમહાલ, બનાસકાંઠા, આણંદ અને સાબરકાંઠા જિલ્લાની એકાકી નારીઓ આ સંમેલનમાં ભાગ લેવા માટે આવી હતી. આ સહભાગીઓએ એમ જણાવ્યું હતું કે ૧૯૯૧થી નવી આર્થિક નીતિઓનો અમલ થયો ત્યારથી સમાજના છેવાડે ફેંકાયેલા વર્ગોને માટે આ જ પ્રકારની નીતિઓ અપનાવવામાં આવી રહી છે. આ વર્ગોને તેમનું દર્દ વ્યક્ત કરવાની તક પણ પૂરી પાડવામાં આવતી નથી.

ગુજરાત સરકારની ગરીબો-વિરોધી નીતિઓની સખત ટીકા આ મહાસંમેલનમાં કરવામાં આવી હતી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે મૂડી વિસર્જનથી જે નાણાં પ્રાપ્ત થશે તે સામાજિક વિકાસ માટે વાપરવામાં આવશે એવી વાતો બધી જ સરકારો કરે છે પણ વાસ્તવમાં એવું બનતું નથી. સરકાર તેનાં કલ્યાણલક્ષી કાર્યોમાંથી પાછી હટી રહી છે એમ આ ઉદાહરણ પરથી સ્પષ્ટપણે દેખાય છે. સરકારે મહિલાઓ માટેની આ યોજનામાંથી આંશિક રીતે પાછા હટવાનો જે નિર્ણય કર્યો છે તે ભારતના બંધારણની કલમ-૧૫ અન્વયે જે મહિલાઓ માટે વિશેષ પગલાં લેવાની જે ફરજ રાજ્ય પર લાદવામાં આવી છે તેનો ભંગ કરે છે. આ ઉપરાંત, ભારતના બંધારણની કલમ-૨૧ ગૌરવપૂર્ણ જીવન જીવવાનો સ્ત્રીઓનો અધિકાર માન્ય રાખે છે, અને તેથી રાજ્ય સરકારના આ નિર્ણયથી તેનો પણ ભંગ થાય છે.

રાજ્ય સરકારે આ યોજનામાં ફેરફાર કરવાનો જે નિર્ણય કર્યો છે તે નિર્ણય પોતે જ બિન-લોકશાહી છે. તેનું કારણ એ છે કે આ નિર્ણય કરતાં અગાઉ સરકારે તેના વિશે કોઈની સાથે કશી જ ચર્ચા કરી નહોતી. એટલું જ નહિ, આ નિર્ણયથી જેમને અસર થવાની હતી તે મહિલાઓને તેની જાણ પણ કરી નહોતી. આ મહાસંમેલનમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે સરકારનો આ અંગેનો તેનું પોતાનું ખર્ચ બચાવતો ઠરાવ ભારતના બંધારણમાં આપવામાં આવેલા રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો પણ ભંગ કરે છે. આ સિદ્ધાંતોમાં એકાકી સ્ત્રીઓ જેવાં અસહાય જૂથોની કાળજી લેવાની જવાબદારી રાજ્યની છે એમ જણાવવામાં આવ્યું છે. મહાસંમેલનમાં સરકારના ઠરાવથી યોજનાની લાભાર્થી સ્ત્રીઓ પર શું અસર થશે તેને વિશે રજૂઆતો કરવામાં આવી હતી.

## ઝુંબેશનો ઘટનાક્રમ

સમગ્ર ઝુંબેશની શરૂઆત કચ્છ જિલ્લાથી થઈ હતી. 'એકલ નારી શક્તિ મંચ' દ્વારા કચ્છમાં અનેક ગામો અને નગરોમાં સંખ્યાબંધ બેઠકો યોજાઈ હતી અને એકાકી નારીઓને સહાય આપતી યોજનામાં કરવામાં આવેલા સુધારાની એકાકી નારીઓ સાથે જ ચર્ચા કરવામાં આવી હતી અને તેમને તેમનાં મંતવ્યો જણાવવા માટે મંચ પૂરો પાડવામાં આવ્યો હતો. એકાકી નારીઓએ નવા સરકારી ઠરાવની સખત ટીકા કરી હતી અને તેની સામે આંદોલન છેડવાનું નક્કી કર્યું હતું.

પછી કચ્છના જિલ્લા કલેક્ટર અને સમાજ સુરક્ષા ખાતાને ૧૮મી માર્ચ, ૨૦૦૪ના રોજ મંચના પ્રતિનિધિઓએ આવેદનપત્ર સુપરત કર્યાં હતાં. આ લડતમાં તે સમયે લોક અધિકાર મંચ અને વિકલાંગ અધિકાર સંગઠનો પણ જોડાયાં હતાં. ઉપરાંત, ૧૩-૮-૨૦૦૪ના રોજ રાજ્ય સરકારના સમાજ સુરક્ષા વિભાગના સચિવ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ અને જન સંપર્ક અધિકારીની

ગાંધીનગર ખાતે મુલાકાત લેવાઈ હતી. તે ઉપરાંત, ગુજરાતના મુખ્ય પ્રધાન, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પ્રધાન અને મહિલા તથા બાળ વિકાસ પ્રધાનને આવેદનપત્ર અપાયું હતું. તેમાં 'એકલ નારી શક્તિ મંચ' અને 'અમન સમુદાય'ના સભ્યો જોડાયા હતા.

તા.૧૬-૮-૨૦૦૪ના રોજ કચ્છ જિલ્લામાં ભુજ ખાતે જિલ્લા સ્તરની એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને સરકારી ઠરાવની હોળી કરવામાં આવી હતી. એક આવેદનપત્ર કલેક્ટરને સુપરત કરવામાં આવ્યું હતું. આ રેલીમાં લગભગ ૩૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો.

એકલ નારીઓના અધિકારોને વાચા આપવા માટેના આ સમગ્ર આંદોલનને પછીથી રાજ્યવ્યાપી બનાવવામાં આવ્યું. સૌ પ્રથમ તો ૨૪-૧૧-૨૦૦૪ના રોજ મહિલાઓના પ્રશ્ને કામ કરતાં સંગઠનોની એક બેઠક બોલાવવામાં આવી હતી. એમાં સમગ્ર ગુજરાતમાંથી ૩૫ સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો અને તેમણે આ ઝુંબેશને સક્રિય ટેકો આપવાનું સ્વીકાર્યું હતું.

આ ઉપરાંત, બીજાં અનેક બિન-સરકારી સંગઠનોએ એક યા બીજી રીતે આ આંદોલનને ટેકો આપ્યો હતો. આ બેઠકમાં રાજ્ય સ્તરની સમિતિની રચના કરવામાં આવી અને ઝુંબેશને વેગ આપવા માટેની વ્યૂહરચના ઘડવામાં આવી. અને 'એકલ નારી શક્તિ મંચ'ના નેજા હેઠળ જ આ ઝુંબેશને આગળ ધપાવવાનું સ્વીકારવામાં આવ્યું હતું.

ત્યાર બાદ તા.૧૬-૧૨-૨૦૦૪ના રોજ અમદાવાદ, ગોધરા, પાટણ, સુરેન્દ્રનગર, રાજકોટ, બનાસકાંઠા, સાબરકાંઠા અને આણંદ જિલ્લામાં કલેક્ટરોને આવેદનપત્રો આપવામાં આવ્યાં હતાં. દરેક સ્થળે નીકળેલી રેલીઓમાં મોટી સંખ્યામાં એકલ નારીઓ ઉપસ્થિત રહી હતી. તેમને અખબારો અને ટીવી ચેનલોમાં સારી એવી પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ હતી. પછી તા.૨૭-૧૨-૨૦૦૪ના રોજ 'એકલ નારી શક્તિ મંચ'નું એક પ્રતિનિધિમંડળ મહિલા અને બાળ વિકાસ પ્રધાન સુશ્રી આનંદીબહેન પટેલને મળ્યું હતું અને સરકારી ઠરાવ પાછો ખેંચવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

સુશ્રી આનંદીબહેનનું વલણ આ સમગ્ર પ્રશ્ન પ્રત્યે જડ હતું અને તેમણે તમામ માંગણીઓ સદંતર નકારી કાઢી હતી. પ્રતિનિધિઓને તેમની વાત રજૂ કરવાની તક આપ્યા વિના જ તેમણે સરકારના ઠરાવનો બચાવ રજૂ કર્યો હતો. તેમણે એક તબક્કે એમ પણ કહ્યું હતું કે, "આખી જિંદગી માટે સહાય પૂરી પાડવાની જવાબદારી કંઈ સરકારની નથી."

### સરકારે યોજનામાં કરેલા ફેરફાર

'એકલ નારી શક્તિ મંચ' અને અન્ય બિન-સરકારી સંગઠનોએ આરંભેલી ઝુંબેશને પરિણામે સરકાર પર ભારે દબાણ આવતાં સરકારે છેવટે આ યોજનામાં થોડા સુધારાની જાહેરાત કરી છે. આ સુધારા નીચે મુજબ છેઃ

(૧) વ્યક્તિ માટેની આવક મર્યાદા રૂ. ૧૨૦૦થી વધારીને રૂ. ૨૪૦૦ અને કુટુંબ માટેની આવક મર્યાદા રૂ. ૩૬૦૦થી વધારીને રૂ. ૪૫૦૦ કરવામાં આવી છે. ૧૯૭૯માં આ યોજના શરૂ થઈ ત્યારથી આ મર્યાદામાં કોઈ વધારો કરવામાં આવ્યો નહોતો.

(૨) અગાઉ જે સરકારી ઠરાવ ઓગસ્ટ-૨૦૦૩માં બહાર પાડવામાં આવ્યો હતો તેમાં એમ જણાવાયું હતું કે નવી યોજના બે વર્ષમાં અમલમાં આવશે. હવે આ સમય વધુ બે વર્ષ લંબાવાયો છે. એટલે કે નવી યોજના ૨૦૦૭માં અમલમાં આવશે. એટલે કે બે વર્ષ સુધી યોજના હાલ જે છે તે મુજબ જ ચાલુ રહેશે.

(૩) પતિના મૃત્યુ પછી તમામ પ્રમાણપત્રો સાથે અરજી કરવાની મુદત એક વર્ષની હતી અને હવે તે બે વર્ષની કરવામાં આવી છે. એટલે કે હવે વિધવા પત્ની પતિના મૃત્યુનાં બે વર્ષ સુધીમાં અરજી કરી શકે છે.

(૪) શહેરી વિસ્તારોમાં એકાકી સ્ત્રીઓ માટે પાંચ વૃક્ષો વાવવાનું ફરજિયાત નહિ રહે, પણ મરજિયાત રહેશે.

(૫) ત્યક્તાઓ અને પતિ કે સાસરા પક્ષ તરફથી કોઈ મદદ ન મેળવતી છૂટાછેડા લીધેલી સ્ત્રીઓને સહાય મળવાનું ચાલુ રહેશે.

### ભાવિ પગલાં

'એકલ નારી શક્તિ મંચ' એકાકી નારીઓનું એક રાજ્ય સ્તરીય નેટવર્ક છે અને તેમાં જોડાયેલાં ૩૫ સંગઠનો જો ગુજરાત સરકાર તેનો એકલ નારીઓને ઓછી સહાય આપવાનું નક્કી કરતો મૂળ ઠરાવ પાછો ના ખેંચે તો મંચની આ લડતને ઉગ્ર સ્વરૂપ આપવા માટે કટિબદ્ધ છે.

# સાંપ્રત પ્રવાહ

## 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્ન્મેન્ટ'ને સ્ટોકહોમ વોટર પ્રાઈઝ એનાયત

દિલ્લીના 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્ન્મેન્ટ'ને ૧.૫૦ લાખ ડોલરનું સ્ટોકહોમ વોટર પ્રાઈઝ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ સંસ્થાને માનવ અધિકારો, લોકશાહી અને આરોગ્યની વધારે સારી વ્યવસ્થા સાથે અસરકારક જળ સંચાલનને પ્રોત્સાહન આપવાના તેના કાર્ય બદલ આ પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ સંસ્થાના વડા તરીકે સુશ્રી સુનિતા નારાયણ કામ કરે છે.

પારિતોષિક આપનારી સમિતિએ તેના પ્રશસ્તિપત્રમાં જણાવ્યું છે કે જળ સંચાલન વિશેના જૂના અને નવા જ્ઞાનને સફળતાપૂર્વક એકત્ર કરવાના, સ્ત્રી-પુરુષ સમાનતા સાથે ચિરંતન, સમુદાય-આધારિત, સંકલિત, સંસાધન સંચાલન, બિન-લોકશાહી તથા ઉપરથી નીચે તરફ જતા નોકરશાહી નિયંત્રણ સામેના હિંમતપૂર્વકના વલણ અને આ લક્ષ્યાંકો પાર પાડવા માટે મુક્ત અને સ્વતંત્ર અખબારોના તથા સ્વતંત્ર ન્યાયતંત્રના કાર્યક્ષમ ઉપયોગ માટે આ ઇનામ આપવામાં આવ્યું છે.

સ્વીડનના રાજા કાર્લ ૧૬મા ગુસ્તાફ દ્વારા આ પારિતોષિક એનાયત કરવામાં આવશે. દર વર્ષે વિશ્વનાં જળ સંસાધનોનાં જતન, વૃદ્ધિ અને પ્રાપ્તિ વધારવા માટે આપવામાં આવેલા ફાળા બદલ સંસ્થાઓને અથવા વ્યક્તિઓને આ પારિતોષિક આપવામાં આવે છે. 'સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ જળ દિન' નિમિત્તે આ પારિતોષિકની જાહેરાત કરવામાં આવી હતી.

## ગ્રામ સંગઠન પારિતોષિક અપાશે

'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'એ ગ્રામ વિકાસ પારિતોષિક માટે ભંડોળ ઊભું કર્યું છે અને એ ભંડોળમાંથી છેલ્લાં ત્રણ વર્ષથી ગુજરાતમાં કુદરતી સંસાધનોના ઉપયોગથી ગ્રામ વિકાસમાં પાંચ વર્ષથી કામ કરતી પરંતુ બહુ જાણીતી ન હોય તેવી નવોદિત સંસ્થાઓ અથવા સંનિષ્ઠ કાર્યકરો જેમની ઉંમર લગભગ ૪૫ વર્ષ કરતાં વધારે ન હોય એટલે કે જેમનામાં હજુ પછી ૧૫ વર્ષ વધુ કામગીરી કરી ગ્રામ વિકાસમાં પોતાનો ફાળો આપવાની ક્ષમતા છે, તેમને આ પારિતોષિક અપાય છે. અત્યાર સુધી એક સંસ્થા અને બે કાર્યકરો - પ્રત્યેકને રૂપિયા ૫૦ હજારનું પારિતોષિક આપવામાં આવે છે. છેલ્લા પારિતોષિક વખતે રૂપિયા ૫૦ હજારના પારિતોષિક ઉપરાંત સંનિષ્ઠ કાર્યકરને રૂપિયા ૨૦ હજારની ફેલોશિપ આપવાનું પણ નક્કી કર્યું છે. આ રકમનો ઉપયોગ કરી આશાસ્પદ વિકાસ કાર્યકર પોતાની ક્ષમતા વધારે તેવો અભ્યાસ સંસ્થાઓની મુલાકાત દ્વારા કરશે તેવી ગણતરી છે.

તારીખ ૧૫ જાન્યુઆરી-૨૦૦૫ના દિવસે જ્યારે ગ્રામ વિકાસ પારિતોષિકનો સમારંભ યોજાયો ત્યારે એક એવો વિચાર રજૂ થયો કે ગ્રામ વિકાસનું કામ કરતી નવોદિત સંસ્થાઓ આશાસ્પદ કાર્યકરને પારિતોષિક આપવા ઉપરાંત ગ્રામ વિકાસની સીધી જવાબદારી લે છે તેવાં ગ્રામ સંગઠનોમાંથી જેણે નમૂનેદાર કામ કર્યું હોય તેવા પણ બહુ જાણીતા ન હોય તેવા ગ્રામ સંગઠનને પણ અલગથી પારિતોષિક આપવું જોઈએ. આ વિશે 'ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર'ના સંચાલક મંડળની તારીખ ૧૪ માર્ચ ૨૦૦૫ની બેઠકમાં વિચારણા થઈ ત્યારે 'ગ્રામ સંગઠન પારિતોષિક'ની યોજનાની મંજૂરી આપવામાં આવી હતી.

ગ્રામ વિકાસ પારિતોષિક માટે હાલ જે નિર્ણય સમિતિ છે તેમાં ડૉ. સુદર્શન આયંગર (ડિરેક્ટર, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત), શ્રી કુલીનચંદ્ર પી. યાજ્ઞિક (નિવૃત્ત વાઈસ ચાન્સેલર - ઉત્તર યુનિવર્સિટી અને ભૂતપૂર્વ સચિવ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર), ડૉ. ઈન્દિરાબહેન હિરવે, શ્રી દીપક બાબરિયા અને શ્રી સચિન ઓઝા સભ્ય છે. એવું સૂચન કરવામાં આવ્યું હતું કે નિર્ણય સમિતિમાં થોડા સભ્યો ઉમેરવા કે જેમને કુદરતી સંસાધનોના વિકાસનો પ્રત્યક્ષ અનુભવ હોય. આ સમિતિ જેમ ગ્રામ વિકાસ પારિતોષિક માટે કર્યું છે તેમ ગ્રામ સંગઠન પારિતોષિક માટે પણ ધોરણો અને નિયમો નક્કી કરશે.

ગ્રામ સંગઠન પારિતોષિકના ભંડોળ માટે ડીએસસીના સભ્ય શ્રી દીપક બાબરિયાએ રૂપિયા ૧ લાખનો ફાળો આપવાની જાહેરાત કરી હતી. ડીએસસીના તરફથી બીજા રૂપિયા ૧ લાખ તેમાં ઉમેરવાનો નિર્ણય લીધો છે. ભંડોળની રકમ રૂ. ૫ લાખ થાય ત્યાર પછી આ પારિતોષિક એનાયત કરવાની શરૂઆત કરવી તેમ નક્કી થયું હતું. ૮ ટકા વ્યાજ લેખે રૂપિયા ૫ લાખ પર વાર્ષિક રૂપિયા ૪૦ હજાર જેવી વ્યાજની આવક થાય. તેમાંથી પ્રથમ પારિતોષિક રૂ. ૨૦ હજાર અને દ્વિતીય પારિતોષિક રૂ. ૧૦ હજાર અને જે રકમ વધે તે

ઉમેદવાર ગ્રામ સંગઠનોની ચકાસણી માટે જે મુલાકાત યોજવાની હોય તેમાં વાપરવી તેમ નક્કી થયું. એવો પણ નિર્ણય લેવાયો કે હાલ ગ્રામ વિકાસ પારિતોષિક એનાયત કરવાનો જે વાર્ષિક સમારોહ યોજાય છે તેની સાથે ગ્રામ સંગઠન પારિતોષિકના એનાયતનો સમારંભ જોડવો. ગ્રામ સંગઠન પારિતોષિકનું ભંડોળ શરૂ કરવા સાથે એવી અપેક્ષા રાખવામાં આવી છે કે કુદરતી સંસાધનોના વિકાસ મારફત ગ્રામ વિકાસનો ઉત્કર્ષ થાય એ ક્ષેત્રે જે સ્વૈચ્છિક સંસ્થાઓ ગુજરાત રાજ્યમાં સંગીન કામગીરી કરી રહી છે તે સંસ્થાઓ આ ભંડોળમાં પોતાનાથી શક્ય એટલો ફાળો આપશે.

સંપર્ક: ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, સરકારી ટ્યુબવેલ પાસે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. ફોનઃ ૦૨૭૧૭-૨૩૫૯૯૪, ૨૩૫૯૯૫. ઈમેલઃ dsc@satyam.net.in

## અંતરિયાળ ગામોનાં બાળકો માટે રંગમેળો યોજાયો

અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોનાં બાળકોને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવાની તક પૂરી પાડવા તેમ જ જુદી જુદી પ્રવૃત્તિઓ યોજીને તેમનામાં સર્જનશીલતા અને આત્મવિશ્વાસ જગાવવાના હેતુથી રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ઢેઢુકી ગામે એક રંગમેળો યોજાઈ ગયો. 'લોકમિત્રા' સંસ્થા અને ઢેઢુકીના ગ્રામજનોએ સાથે મળીને યોજેલા આ મેળામાં જસદણ તાલુકા તેમ જ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટિલા અને સાયલા તાલુકાની ૬૦ પ્રાથમિક શાળાનાં ૧૫૦૦થી વધુ બાળકો, શિક્ષકો, ગ્રામજનો અને સામાજિક કાર્યકરોએ ભાગ લીધો હતો.

'લોકમિત્રા'ના ઉપક્રમે આ વિસ્તારમાં યોજાતો આ આઠમો રંગમેળો હતો. આ વર્ષના મેળાનો વિષય 'ગુજરાત સર્જન' રાખવામાં આવ્યો હતો. તેથી મેળા દરમ્યાન ગુજરાતના દરેક જિલ્લાની ખાસિયતો, જિલ્લા વિશેની પ્રાથમિક માહિતી અને મહાન વિભૂતિઓ વિશેના પોસ્ટર, ભીંતચિત્રો વગેરે ત્રીસેક શાળાનાં બાળકો અને શિક્ષકોએ તૈયાર કર્યાં હતાં.

મેળામાં રજૂ થયેલા પ્રદર્શનમાં ગાંધીજી, સરદાર પટેલ, ડૉ. વિક્રમ સારાભાઈ, રૂખડ રબારી, આદિવાસી યુવક વગેરેની મોટા કદની બાળકોએ બનાવેલી માટીની પ્રતિમાઓ મુકાઈ હતી. સીદી સૈયદની જાળી, મોઢેરાનું સૂર્ય મંદિર, દાંડી સ્મારક, વિધાનસભા ગૃહ, નર્મદા ડેમ અને ગુજરાતના નકશા જેવાં ગ્રામીણ બાળકોએ બનાવેલાં માટીનાં સ્થાપત્યો જોઈને સૌ બાળકો ખૂબ અભિભૂત થયાં હતાં. લોખંડની મોટી પ્લેટો અને જાડા દોરડાથી બનાવાયેલો ઝૂલતો પુલ બાળકો, ગ્રામજનો અને શિક્ષકો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. પ્રદર્શનના માધ્યમથી બાળકોએ ગુજરાતના પ્રત્યેક જિલ્લાની ઉપયોગી માહિતી મેળવી હતી અને સાથે સાથે ગણિત અને વિજ્ઞાનનું જ્ઞાન પણ સહજ રીતે મેળવ્યું હતું.

પ્રદર્શનની સાથે સાથે અલગ અલગ ગામની શાળાનાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી પોતાનામાં રહેલી કલા અને કૌશલ્યની ઝાંખી કરાવી હતી. સમગ્ર રંગમેળાનું આયોજન, સંચાલન અને મૂલ્યાંકન ઢેઢુકી ગામની પ્રાથમિક શાળાનાં ૨૪ બાળકોની સંચાલન સમિતિએ કર્યું હતું તે આ રંગમેળાની નોંધપાત્ર વિશેષતા હતી. મેળામાં ભાગ લેનારાં બાળકોએ નકામી ચીજવસ્તુઓમાંથી કાગળનો દોડતો ઉંદર, નાળિયેરની કાચલીનું ઝુમ્મર, કાગળની ભૂંગળીની ટ્રે, બાંધણી, વાંસની સળીઓનું પેન સ્ટેન્ડ, બ્લોક પ્રિન્ટ, ટકટકીયું તથા પંખો જેવી વસ્તુઓ મેળા દરમ્યાન જ બનાવી હતી.

નોંધપાત્ર વાત એ હતી કે ઉપરોક્ત સાતેય પ્રવૃત્તિઓ ઢેઢુકી ગામનાં નાનાં બાળકોએ મેળામાં ભાગ લેનારાં તમામ બાળકોને શીખવી હતી. 'ગુજરાત સર્જન' વિષય ધરાવતા આ મેળામાં ગુજરાતના ડુંગર, નદી, કવિ અને લેખકના નામની જુદી જુદી ટુકડીઓમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. તેથી બાળકોએ ગુજરાત વિશેનું પ્રાથમિક જ્ઞાન પણ મેળવ્યું હતું.

## 'ચરખા'નું વાર્ષિક સંમેલન

ગુજરાતમાં વિકાસ સંચાર ક્ષેત્રે કાર્યરત 'ચરખા'નું આ દસમું વર્ષ ચાલી રહ્યું છે. 'ચરખા' દ્વારા દર વર્ષે જુદા જુદા વિકાસલક્ષી મુદ્દાઓ અંગે સામાજિક કાર્યકરો માટે લેખન સ્પર્ધા યોજવામાં આવે છે. ૨૦૦૪ દરમ્યાન બે મુદ્દાઓ અંગે બે અલગ અલગ લેખનસ્પર્ધા યોજવામાં આવી હતીઃ (૧) જમીન માલિકી અને મહિલાઓ, અને (૨) આદિવાસીઓ અને સ્થાનિક સ્વશાસન.



આ સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કાર એનાયત કરવા અને છેલ્લાં પાંચેક વર્ષમાં 'ચરખા' સાથે મળીને વિકાસલક્ષી મુદ્દાઓ વિશે હકારાત્મક આલેખન કરનારા પત્રકારોને નવાજવાનો એક કાર્યક્રમ વાર્ષિક સંમેલન રૂપે તા. ૧૧ માર્ચ, ૨૦૦૫ના રોજ અમદાવાદ ખાતે યોજાઈ ગયો. કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે સુશ્રી ઉષા રાય (વરિષ્ઠ પત્રકાર અને ડે. ડાયરેક્ટર, પ્રેસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઇન્ડિયા, નવી દિલ્લી) તેમ જ અતિથિવિશેષ તરીકે શ્રી શંકર ઘોષ (પ્રમુખ, ચરખા-નવી દિલ્લી) ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનમાં સામાજિક કાર્યકરો, પત્રકારત્વના વિદ્યાર્થીઓ, પત્રકારો, શિક્ષણકારો અને ગ્રામજનો મળીને ૧૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. સંમેલન દરમ્યાન સ્પર્ધાના નિર્ણાયકો અને 'ચરખા'ના ટ્રસ્ટીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. 'આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ' - સુરતથી પધારેલા શ્રી સુરજીભાઈ વસાવા અને સાથી મિત્રો દ્વારા આદિવાસી નૃત્ય અને ગીત પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ 'ચરખા'નાં સુશ્રી ઝીલ પંચાલે કાર્યક્રમનો હેતુ જણાવતાં કહ્યું હતું કે, "વિકાસલક્ષી મુદ્દાઓ ઉપર થઈ રહેલાં કાર્યો વિશે વ્યાપક જનસમાજ વાકેફ થાય તે હેતુથી 'ચરખા' દ્વારા લેખનસ્પર્ધા યોજવામાં આવે છે.

વળી, છેલ્લાં પાંચેક વર્ષથી હકારાત્મક વિકાસલક્ષી આલેખન કરી રહેલા યુવાન પત્રકારોને નવાજવામાં આવશે." 'ચરખા'ના સંયોજક-ટ્રસ્ટી શ્રી સંજય દવેએ 'ચરખા'ની પ્રવૃત્તિઓ વિશે ટૂંકમાં માહિતી આપી હતી. ત્યાર પછી બંને સ્પર્ધાના નિર્ણાયકગણ વતી શ્રી દર્શનભાઈ અને શ્રી રાજેશભાઈ ભટ્ટે લેખો તપાસવાના પોતાના અનુભવો વિશે રજૂઆત કરી હતી. તેમણે સામાજિક કાર્યકરોને વાસ્તવિક દૃષ્ટાંતો વિશે લખવા આહ્‌વાન કર્યું હતું. નિર્ણાયકગણની રજૂઆત પછી વિજેતા સામાજિક કાર્યકરોનાં નામો રજૂ થયાં હતાં અને તેમને મુખ્ય મહેમાનશ્રીના વરદ્ હસ્તે પુરસ્કારો એનાયત થયા હતા. તેમાં રોકડ પુરસ્કાર, સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.

**૧. 'જમીન માલિકી અને મહિલાઓ' સ્પર્ધાના વિજેતાઓઃ**
**પ્રથમ વિજેતાઃ** શ્રી રમેશભાઈ પટેલ (વિક્સત ફિલ્ડ ઑફિસ, સાબરકાંઠા) **દ્વિતીય વિજેતાઃ** શ્રી તેજલબહેન અધ્વર્યુ (કર્મ સંઘ, અમદાવાદ) **તૃતીય વિજેતાઃ** શ્રી યોગેશભાઈ દવે (ગ્રામ સ્વરાજ સંઘ, કચ્છ) **પ્રોત્સાહન પુરસ્કારઃ** ૧. શ્રી કાશ્મીરાબહેન સવંટ, (સંસ્થાઃ સર્વ શિક્ષા અભિયાન, અમરેલી) ૨. શ્રી પ્રકાશભાઈ વસાવા, (સંસ્થાઃ આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ, સુરત)

**૨. 'આદિવાસીઓ અને સ્થાનિક સ્વશાસન' સ્પર્ધાના વિજેતાઓઃ**
**પ્રથમ વિજેતાઃ** શ્રી રમીલાબહેન રાઠવા (આનંદી, દાહોદ) **દ્વિતીય વિજેતાઃ** શ્રી સુરાભાઈ વસાવા (આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ, સુરત) **તૃતીય વિજેતાઃ** શ્રી સવિતાબહેન ચૌધરી (વેડછી પ્રદેશ સેવા સમિતિ, સુરત) **પ્રોત્સાહન પુરસ્કારઃ** ૧. શ્રી રાકેશકુમાર ચૌધરી, (આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ, સુરત) ૨. શ્રી લાલસિંગભાઈ વસાવા, (આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ, સુરત) ૩. શ્રી વિજય કુમાર વસાવા, (આદિવાસી સર્વાંગી વિકાસ સંઘ, સુરત).

કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી શંકર ઘોષે 'ચરખા'ના ઉદ્‌ભવ અને વિકાસની વાત કરી હતી. તેમણે 'ચરખા'ના સ્થાપક અને તેમના પુત્ર શ્રી સંજોય ઘોષને આ પ્રસંગે યાદ કર્યા હતા. શ્રી સંજોય ઘોષનું ૧૯૯૭માં આસામ રાજ્યના માજુલી ટાપુ ખાતેથી ઉલ્ફા દ્વારા અપહરણ થયું હતું. આજ સુધી તેમની કોઈ ભાળ મળી નથી.

શ્રી ઘોષના ઉદ્‌બોધન પછી 'માનવતાનો મારગ'ના અંગ્રેજી તરજુમા વિશે શ્રી અપૂર્વભાઈ ઓઝાએ માહિતી આપી હતી. ગુજરાતનાં કોમી રમખાણો પછી કોમી એખલાસ જાળવવા માટે સ્થાનિક સમુદાયો દ્વારા થયેલા નોંધપાત્ર પ્રયાસોનું દસ્તાવેજીકરણ આ પુસ્તકમાં ખૂબ રસપ્રદ રીતે કરવામાં આવ્યું છે. તેનો ગુજરાતી દસ્તાવેજ અગાઉ પ્રગટ થઈ ચૂક્યો છે અને તેને પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.

કોમી એખલાસ જાળવવાના દૃષ્ટાંતરૂપી લોકપ્રયાસોના આ પુસ્તક 'માનવતાનો મારગ'ના અંગ્રેજી તરજુમાનું મહેમાન શ્રી ઉષા રાયના વરદ્ હસ્તે વિમોચન થયું હતું. ત્યાર બાદ તેમણે ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે વિકાસલક્ષી પત્રકારત્વ કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે સાંપ્રત સમયમાં મુખ્ય પ્રવાહનાં અખબારોનાં વલણ અને તેની સમાજ ઉપર થઈ રહેલી અસરો વિશે વિસ્તૃત રજૂઆત કરી હતી. 'ચરખા-ગુજરાત'ના વિકાસ સંચારના પ્રયાસોની સરાહના કરીને આવા પ્રયાસો જાળવી રાખવાની તેમણે અપીલ કરી હતી.

મુખ્ય મહેમાનશ્રીના ઉદ્‌બોધન પછી મુખ્ય પ્રવાહના કેટલાક યુવાન પત્રકારોનો પરિચય કરાવીને તેમનું સ્મૃતિચિહ્ન, સન્માનપત્ર અને ભેટ અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. પુરસ્કૃત પત્રકારોનાં નામ નીચે મુજબ છે:

(૧) શ્રી અજયભાઈ રામી ('સંદેશ' દૈનિક).
(૨) શ્રી ઉર્વીશભાઈ કોઠારી ('ગુજરાત સમાચાર' અને 'સંદેશ' દૈનિકમાં લખવા બદલ).
(૩) શ્રી પરેશભાઈ દવે ('દિવ્ય ભાસ્કર' દૈનિક).
(૪) શ્રી રાધાબહેન શર્મા ('ટાઇમ્સ ઑફ ઇન્ડિયા').
(૫) શ્રી અનીતાબહેન જતકર (મુક્ત પત્રકાર)
(૬) શ્રી રમેશ તન્ના ('ગુજરાત ટાઈમ્સ' ).

(૭) શ્રી મહેશભાઈ શાહ ('ચિત્રલેખા' સાપ્તાહિક)
(૮) શ્રી મૌલીનભાઈ મુનશી (ઑલ ઇન્ડિયા રેડિયો).

પુરસ્કૃત પત્રકારોએ પોતાના અનુભવો અને લાગણી વ્યક્ત કરી હતી. ત્યાર પછી 'ચરખા ફેલોશિપ ફૉર ડેવલપમેન્ટ' મેળવનારા પત્રકારત્વના ફેલૉ વિદ્યાર્થીઓનો પરિચય આપીને તેમનું પ્રમાણપત્ર અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે સૌ પ્રથમ વાર શરૂ કરવામાં આવેલી આ ફેલોશિપનો વિષય 'સ્થળાંતર અને સ્થળાંતરિત સમુદાયો' રાખવામાં આવ્યો હતો. ફેલોશિપ માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓનાં નામ નીચે મુજબ છે:

(૧) શ્રી પ્રજ્ઞાબહેન બાલસરા (પત્રકારત્વ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ)
(૨) શ્રી સંજ્ઞાબહેન સોની (પત્રકારત્વ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)
(૩) શ્રી પ્રવીણભાઈ ચૌધરી (પત્રકારત્વ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)
(૪) શ્રી મિત્તલબહેન પટેલ (પત્રકારત્વ વિભાગ, ગુજ.યુનિ.)

## રાજસ્થાનમાં ચૂંટણી પૂર્વેની મતદાતા જાગૃતિ ઝુંબેશ

રાજસ્થાનમાં 'ઉન્નતિ' દ્વારા પંચાયતોની ચૂંટણીઓના સંદર્ભમાં એક મતદાતા જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. તે માટેની એક રાજ્ય સ્તરીય સંચાલન સમિતિની બેઠક ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૦૪ના રોજ જયપુર ખાતે મળી હતી. તેમાં એકસમાન વ્યૂહરચના ઊભી કરવામાં આવી હતી. આ રાજ્ય સ્તરીય મંચના સભ્યોમાં ૮ બિન-સરકારી સંગઠનોનો સમાવેશ થાય છે.

આ ઝુંબેશ ચલાવવા માટે રાજસ્થાન રાજ્યને સાત પ્રદેશોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. તે પહેલાં રાજ્યના ચૂંટણી કમિશનર સાથે





ઓગસ્ટ ૨૦૦૪માં એક બેઠક યોજવામાં આવી હતી અને ફોર્મ નં.૧ છાપવા માટેના પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ પ્રયાસોને જિલ્લા સત્તાવાળાઓ તેમ જ ચૂંટણી પંચે બિરદાવ્યા હતા. ઓક્ટોબર અને નવેમ્બરમાં જોધપુર ખાતે બે બેઠકો યોજવામાં આવી હતી અને તેમાં ૫ જિલ્લાઓમાંથી ૨૭ બિન-સરકારી સંગઠનોએ ભાગ લીધો હતો. બિન-સરકારી સંગઠનોએ પોતે પણ ચૂંટણીની મતદાતા જાગૃતિ ઝુંબેશ માટે એક આચારસંહિતા ઘડી કાઢી હતી અને સહુ તેનું સ્વેચ્છાએ પાલન કરવા માટે સંમત થયા હતા.

પાંચ જિલ્લાઓને ૯ જૂથોમાં વહેંચી નાખવામાં આવ્યા હતા અને બિન-સરકારી સંગઠનોના કાર્યકરો તથા જે તે વિસ્તારના સ્વયં સેવકોને મતદાતા જાગૃતિ ઝુંબેશ ચલાવવા માટે તાલીમ આપવામાં આવી હતી. જુદા જુદા જિલ્લાઓનાં તમામ બિન-સરકારી સંગઠનોને આ તાલીમમાં આવરી લેવામાં આવ્યાં હતાં. જાગૃતિ ફેલાવવા માટે ૨ પોસ્ટરો, ૧ ઓડિયો કેસેટ, ઉમેદવારીપત્ર અને ચોપાનિયાં પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત, તાલુકા પંચાયત ખાતે એક મોટું બોર્ડ તૈયાર કરવામાં આવ્યું હતું. સ્વરાજ સામયિકનો એક વિશેષાંક પણ આ નિમિત્તે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

મંદોર, બિલારા, બાલેસર, લુણી, બાપ અને ફલોદી ખાતેનાં પંચાયતો સંદર્ભ કેન્દ્રો દ્વારા આ ઝુંબેશ સક્રિય બનાવવામાં આવી હતી. જાન્યુઆરી દરમ્યાન સંસાધન જૂથ માટે એક અભિમુખતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દરેક ગ્રામ પંચાયતમાં આ જૂથો પછીથી સમુદાય સાથે બેઠકો યોજતાં હતાં. 'હમારા ફૈસલા' અને 'ગાંવ નહીં કિન્હી પાંચ કા' નામની બે ફિલ્મો ગ્રામ પંચાયતોમાં બતાવવામાં આવી હતી.

ઘરે ઘરે ફરીને ચોપાનિયાં વહેંચવામાં આવ્યાં હતાં. ભીંતપત્રો દ્વારા અને માઈક દ્વારા સજ્જ એવી જીપ ગામેગામ ફેરવવામાં આવી હતી. ચૂંટણીના દિવસે ચૂંટણીની પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવામાં આવી

હતી. કુલ ૮૧૧ ગામો અને ૨૧૧ ગ્રામ પંચાયતોમાં આ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશમાં ૨૫ જેટલાં સ્થાનિક અને રાજ્ય સ્તરીય બિન-સરકારી સંગઠનો જોડાયાં હતાં.

## 'દલિત અધિકાર અભિયાન' દ્વારા સ્વાભિમાન રેલી

છેલ્લાં છ વર્ષથી 'ઉન્નતિ' પશ્ચિમ રાજસ્થાનમાં સ્થાનિક સંસ્થાઓ તથા દલિત નેતૃત્ત્વ સાથે સહયોગમાં 'દલિત અધિકાર અભિયાન' ચલાવી રહી છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ પશ્ચિમ રાજસ્થાનમાં દલિતો ઉપર થઈ રહેલા અન્યાય અને અત્યાચારનો સંગઠિત સ્વરૂપે વિરોધ કરવાનો રહ્યો છે.

અભિયાન દ્વારા છેલ્લાં છ વર્ષોમાં ૨૫૦ સાર્વજનિક સ્થાનો પર ભેદભાવ દૂર કરવામાં આવ્યો છે, જ્યારે આશરે ૧૦૦ દલિત અત્યાચારની ઘટનાઓ ઉપર સામાજિક તથા કાનૂની પગલાં લેવામાં આવ્યાં છે. વર્તમાનમાં, દલિત અધિકાર અભિયાન અન્વયે ૩૦૦ ગ્રામ સ્તરીય તથા ૮ ખંડ સ્તરીય મહિલા તથા પુરુષ સમિતિ બનાવવામાં આવી છે.

આ સંદર્ભમાં તા.૮-૩-૨૦૦૫ને આંતરરાષ્ટ્રીય મહિલા દિનથી તા.૧૪-






૪-૨૦૦૫ને આંબેડકર જયંતિના રોજ સ્વાભિમાન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ દલિત સમુદાયમાં તેમના પ્રશ્નો અંગે જાગૃતિ ફેલાવવાનો અને સમુદાયને 'દલિત અધિકાર અભિયાન'માં સક્રિય રીતે જોડાવાનું આહ્વાન કરવાનો હતો. આ પ્રશ્નોમાં અસ્પૃશ્યતા, અત્યાચાર, મહિલા ઉત્પીડન, સામાજિક કુરિવાજો વગેરેનો સમાવેશ થાય છે. તેમના વિશે લોકો સાથે ચર્ચા કરવામાં આવી. આ યાત્રાને દલિત સમુદાયમાં ઉત્સાહભેર આવકાર મળ્યો હતો.

યાત્રામાં આશરે ૨૫ જણાની ટુકડીએ ૭૨ ગામોની મુલાકાત લીધી. ટુકડી સાથે સંચાર દળ પણ હતું. આ યાત્રા જોધપુરના મંડોર, શેરગઢ, બાલેસર તથા ભોપાલગઢ અને બાડમેરના બાયતુ, સિંધરી, શિવાણા તથા બાલોતરા ખંડમાં આયોજિત થઈ હતી. તે સ્થાનિક પ્રચાર માધ્યમોમાં દલિતોના આ પ્રશ્નો અંગે લોકોનું ધ્યાન ખેંચતું હતું. આશરે ૩૫,૦૦૦ દલિત ભાઈ-બહેનો સુધી આ યાત્રાએ પોતાનો સંદેશો પહોંચાડ્યો હતો.

'દલિત અધિકાર અભિયાન'ની અલગ અલગ પ્રવૃત્તિઓ માટે દલિતોએ આ યાત્રા દરમ્યાન રૂ. ૩૫૦૦૦ જેવી માતબર રકમનો ફાળો આપ્યો હતો. આ યાત્રા દરમ્યાન ગ્રામ સ્તરીય બેઠકમાં સ્થાનિક સમસ્યાઓ વિશે ચર્ચા થઈ હતી તથા એક ગ્રામ સ્તરીય કાર્ય યોજના બનાવવામાં આવી હતી. દલિતોને બાબા સાહેબ આંબેડકરના જીવન તથા વિચારો અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ યાત્રા દરમ્યાન એ ધ્યાનમાં આવ્યું કે દલિતોના અધિકારો વિશે વાત કરવી અને પ્રચાર કરવો એ આજે પણ ગ્રામ વિસ્તારોમાં એક પડકારરૂપ બાબત છે. યાત્રા ઉપર ઘણી વાર કેટલીક જગ્યાએ ઉચ્ચ વર્ણોના લોકોએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો અને બેઠક દરમ્યાન અવરોધો ઊભા કરવાનો પ્રયાસ પણ કરાયો હતો. દલિતોની સમસ્યાઓના ઉકેલ સામે સામાજિક પડકારો મોટા છે તેની આ સાબિતી છે.

આંબેડકર જયંતિના દિને આ યાત્રાની પૂર્ણાહુતિ એક મહાસંમેલનથી થઈ હતી. તેમાં આશરે ૭૦૦ દલિત મહિલા તથા પુરુષોએ ભાગ લીધો હતો. પશ્ચિમી રાજસ્થાનની વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ, અભિયાન સાથે જોડાયેલ નાગરિક સમાજના સદસ્યો, પત્રકારો તથા દલિતોના પ્રશ્નો વિશે કાર્ય કરી રહેલ વિવિધ કર્મયોગીઓએ સહયોગ આપ્યો હતો. શ્રી પી.એલ.મીમરોઠ (વકીલ, સુપ્રીમ કોર્ટ), શ્રી વિજય પરમાર (સામાજિક ન્યાય કેન્દ્ર, અમદાવાદ) તથા સાબરકાંઠા ગુજરાતના આશરે ૫૫ દલિત કાર્યકર્તાઓએ આ સંમેલનમાં ભાગ લીધો હતો.

# આગામી કાર્યક્રમ

## મહિલા કૃષિ મેળો

એન. એમ. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા દાહોદ ખાતે ૮થી ૧૧ એપ્રિલ, ૨૦૦૫ દરમ્યાન મહિલા કૃષિ મેળો યોજવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૮મી માર્ચની ઉજવણીના ભાગરૂપે આ મેળો યોજવામાં આવી રહ્યો છે. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલેપમેન્ટ ફાઉન્ડશેન દ્વારા ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના આદિવાસી વિસ્તારોમાં છેલ્લાં ૩૦ વર્ષ દરમ્યાન પ્રાકૃતિક સંસાધનોના જતન અને ખેતી તથા બાગાયતના વિકાસ ક્ષેત્રે કામ કરવામાં આવ્યું છે. સિંચાઈ અને જમીન વિકાસનાં કામો હેઠળ આ ગાળા દરમ્યાન ૨.૧૪ લાખ એકર જમીનને આવરી લેવામાં આવી છે.

આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન મહિલાઓએ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. લગભગ ૬૦૦થી વધુ મહિલા જૂથો વિવિધ પ્રકારની ખેતી અને બાગાયત વિશેની પ્રવૃત્તિમાં સામેલ થયાં છે. તેને પરિણામે ૮ મહિલા બાગાયત સહકારી મંડળીઓની રચના કરવામાં આવી છે. તેમની તકોને વધારવા માટે આ મેળો યોજવામાં આવી રહ્યો છે. ખેતી, બાગાયત, સજીવ ખેતી, ખેતીની ટેક્નોલોજી, જૈવ તકનિકી, લઘુ સિંચાઈ, ખેત ધિરાણ, લઘુ ધિરાણ, સરકારી યોજનાઓ અને કાર્યક્રમો વગેરેને આ મેળામાં આવરી લેવામાં આવશે. વિવિધ સંસ્થાઓ, ધંધાકીય જૂથો, સંશોધન સંસ્થાઓ અને નાણા સંસ્થાઓ આ મેળામાં ભાગ લેશે. દરરોજ છ જિલ્લામાંથી લગભગ ૫૦,૦૦૦ જેટલા મુલાકાતીઓ આ મેળામાં મુલાકાતો આવે એવી સંભાવના છે. આદિવાસી વિસ્તાર અને તેની બહારનાં બજારોને પરસ્પર સાંકળવાનો અને આદિવાસી ખેડૂતોને આધુનિકતમ ટેક્નોલોજી, વિકાસ અને નવીનતમ સંશોધનોથી માહિતગાર થવાની સુવર્ણ તક પૂરી પાડવાનો આ મેળાનો હેતુ છે.

આ મેળામાં એક પરિસંવાદનું આયોજન પણ દરરોજ કરવામાં આવ્યું છે. ૯મી એપ્રિલે બાગાયતને પ્રોત્સાહનઃ જ્ઞાન અને વ્યવહાર, ૧૦મી એપ્રિલે બાગાયત પાકોમાં સંકલિત જંતુ અને રોગ સંચાલન તથા ૧૧મી એપ્રિલે ફૂલોની ખેતીને પ્રોત્સાહનઃ તકો અને અનુભવો વિષય વિશે પરિસંવાદો ગોઠવવામાં આવ્યા છે. તેમાં યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓના વિજ્ઞાનીઓ અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહેશે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ સુશ્રી શર્મિષ્ઠા જગાવત, નિયામક, એન.એમ. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, પો.બો.૭૧, દાહોદ-૩૮૯૧૫૧. ફોનઃ ૦૨૬૭૩-૨૩૮૬૦૪. ફેક્સઃ ૦૨૬૭૩-૨૩૮૬૦૪. ઈમેલઃ nmsadguru@ yahoo.com.

## ઈ.ડી.આઈ.ના બે અભ્યાસક્રમો

'આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા' (ઈડીઆઈ) દ્વારા એક વર્ષના બે અભ્યાસ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છેઃ

**(૧) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન બિઝનેસ આંત્રપ્રિન્યોરશિપ એન્ડ મેનેજમેન્ટ (પી.જી.ડી.બી.ઈ.એમ.):**

આ કાર્યક્રમ ધંધા ક્ષેત્રે નવો પ્રવેશ કરનારા લોકો માટે ખાસ તૈયાર કરવામાં આવ્યો છે કે જેથી તેઓ કુશળતા ઊભી કરી શકે, તકોને પારખવાની શક્તિ કેળવી શકે, તકોનો યોગ્ય ઉપયોગ કરી શકે અને એ રીતે સંગઠનાત્મક માળખું ઊભું કરી શકે કે જેમાં તેઓ જમીન, શ્રમ, મૂડી અને સંચાલકીય જ્ઞાનનો વિનિયોગ કરી શકે. આ અભ્યાસ કાર્યક્રમ ધંધામાં પ્રવેશનારા નવા લોકોને માટે વ્યવહારુ બનાવવાની કોશિશ કરવામાં આવી છે. જેઓ ધંધાનો કોઈ અનુભવ ધરાવતા નથી તેવા લોકો અને જેમના પૂર્વજો ધંધો કરતા હતા તેવા બીજી પેઢીના સાહસિકો બન્ને માટે ઉપયોગી એવો આ અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો છે. તેમાં ત્રણ મુખ્ય પાસાં છેઃ (૧) નવા સાહસનું સર્જન. (૨) કૌટુંબિક ધંધાનું સંચાલન. (૩) ખેતી ક્ષેત્રે સાહસિકતા.
આ કાર્યક્રમ બાર માસનો છે અને તે સપ્ટેમ્બર માસમાં શરૂ થશે અને ઓગસ્ટ માસમાં પૂરો થશે.

**(૨) પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ ઓફ એનજીઓઝ**

જેઓ સામાજિક ક્ષેત્રમાં પોતાની ધંધાકીય કારકીર્દિમાં રસ ધરાવે છે તેમની ક્ષમતા વધારવા માટે આ કાર્યક્રમ ચાલે છે. પદ્ધતિસરના સામાજિક આર્થિક વિકાસ વિશે કુશળતા ઊભી કરવા અને વ્યૂહરચનાઓ ઘડવા માટે આ કાર્યક્રમમાં તાલીમ આપવામાં આવે છે. અત્યાર સુધીમા આ કાર્યક્રમમાં ૧૩૭ વિદ્યાર્થીઓએ તાલીમ લીધી છે.

આ કાર્યક્રમમાં ખેતી, ખેતી ઈજનેરી, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, વન વિદ્યા, સામાજિક કાર્ય, ગ્રામ વિકાસ, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા વિષયોમાં પદવી ધરાવનારાઓને સામેલ કરવામાં આવે છે. ગયા વર્ષે દેશની ૨૦ જેટલી સંસ્થાઓ ૧૨ માસના આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને નોકરીએ રાખવા માટે આગળ આવી હતી.

અરજીપત્ર ભરવાની મોકલવાની છેલ્લી તારીખ ૧૫.૪.૨૦૦૫, લેખિત પરીક્ષા ૧૫.૫.૨૦૦૫, વ્યક્તિગત મુલાકાત ૧૩/૧૪.૦૬.૨૦૦૫ અને પ્રવેશ માટે છેલ્લી તારીખ ૧૫.૭.૨૦૦૫. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ અભ્યાસક્રમ નિયામક, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પો.ઓ. ભાટ ૩૮૨ ૪૨૮. જિલ્લો. ગાંધીનગર, ગુજરાત. ફોનઃ ૦૭૯-૨૩૯૬૯૧૬૩, ૨૩૯૬૯૧૬૨. ફેક્સઃ ૦૭૯-૨૩૯૬૯૧૬૪. ઇમેલઃ ediindiaad1@sancharnet.in અથવા pgdmn@ediindia.org.

# સંદર્ભ સાહિત્ય

## 'સપ્તરંગ'નો અન્ન સુરક્ષા વિશેષાંક

'આનંદી' સંસ્થા દ્વારા 'સપ્તરંગ' નામે એક સામયિક પ્રસિદ્ધ થાય છે. આ સામયિકના ૨૭મા અંકને અન્ન સુરક્ષા વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તેનો વિષય 'દાણા કોઠી ખાલી કેમ?' રાખવામાં આવ્યો છે. આ વિશેષાંકમાં અન્ન સલામતી શું છે અને તે કેવી રીતે ઊભી કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે. દેશ અન્નના ઉત્પાદનની દૃષ્ટિએ સ્વાવલંબી છે ત્યારે અને દેશ અનાજની નિકાસ કરે છે ત્યારે શા માટે દેશના તમામ નાગરિકોને સહેલાઈથી પેટનો ખાડો પૂરવા માટે અનાજ પ્રાપ્ત થતું નથી એવો સવાલ આ અંકમાં પૂછવામાં આવ્યો છે અને અન્ન સલામતી ઊભી કરનારી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી છે.

આ યોજનાઓ નીચે મુજબ છેઃ (૧) લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા. (૨) અંત્યોદય અન્ન યોજના. (૩) અન્નપૂર્ણા યોજના. (૪) મધ્યાહ્ન ભોજન યોજના. (૫) સંકલિત બાળ વિકાસ યોજના. (૬) રાષ્ટ્રીય માતૃત્વ કલ્યાણ યોજના. (૭) રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ યોજના. (૮) રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના.

અન્ન સુરક્ષાનો અધિકાર પ્રાપ્ત કરવા માટે આ યોજનાઓનો વધારે સારો અમલ થાય તે માટે અન્ન સુરક્ષા અધિકાર અભિયાન હેઠળ જે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે તે હેઠળ અન્ન સુરક્ષા યોજનાની માહિતી લોકો સુધી પહોંચે અને તેઓ તેમના અધિકારો માંગી શકે તે માટે આ વિશેષાંક બહાર પાડવામાં આવ્યો છે.

સંપર્કઃ 'આનંદી', એ-૧/૩, અનોલી કોમ્પલેક્ષ, ૨૮-૨૯ સનરાઈઝ પાર્ક, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોનઃ ૦૭૯-૨૬૮૪૧૨૪૭. ઇમેલઃ anandiguj@yahoo.co.uk

## મહિલાઓ અને જમીન માલિકી

સ્ત્રી અને જમીન માલિકી અંગેના કાર્યકારી જૂથ દ્વારા આ પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવ્યું છે. સ્ત્રી અને ખેતીની જમીન, વારસામાં સ્ત્રીઓને જમીન માટેનો અધિકાર અને જમીન પર સ્ત્રીની માલિકી વગેરે જેવા પ્રશ્નોને ધ્યાનમાં લઈને ગુજરાતમાં ૧૭ સ્વૈચ્છિક સંસ્થાઓનું એક જૂથ કાર્ય કરી રહ્યું છે. સ્ત્રીઓને જમીન માલિકીના મુદ્દા અંગે પાયાની સમજ કેળવાય અને તેનું મહત્ત્વ સમજાય તે હેતુથી આ પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે.

પુસ્તિકામાં સમજાવટ, સંઘર્ષ અને સંગઠનથી સફળ રીતે જમીનની માલિક બનતી સ્ત્રીઓના પાંચ કિસ્સાઓ આપવામાં આવ્યા છે. આ પુસ્તિકામાં અગમચેતી વાપરીને મૃત્યુ પહેલાં વસિયતનામું કરી શકાય તે વિશેની વિગત એક નમૂના સાથે આપવામાં આવી છે. જમીન અંગેના કાયદાઓ વિશેની વિગતો અને તેમાંય ખાસ કરીને સ્ત્રીઓને જમીનની માલિકીના અધિકારો અંગે કાનૂની જોગવાઈઓ વિશેની વિગતો પણ આ પુસ્તિકામાં આપવામાં આવી છે. વારસાઈની નોંધ કેવી રીતે કરવી તે અંગે એક નાટ્યાત્મક સંવાદ આપવામાં આવ્યો છે. આ જ વિચારને બળ મળે તે પ્રકારનું એક નાટક 'ધરતીનાં સંતાન' પણ તેમાં આપવામાં આવ્યું છે. આ નાટકના લેખક શ્રી અર્ચન ત્રિવેદી છે અને નાટકનાં ગીતોના લેખક શ્રી લક્ષ્મીકાંત પંડ્યા છે. આ ઉપરાંત, સ્ત્રીઓના જમીનની માલિકી ઉપરના અધિકારોને વ્યક્ત કરે  તેવાં ગીતો અને દોહા પણ આપવામાં આવ્યાં છે. સંપાદનઃ ઉર્વીશ કોઠારી અને શિલ્પા વસાવડા. સહયોગ રાશિ રૂ.૧૦. પ્રકાશકઃ સ્ત્રી અને જમીન માલિકી અંગેનું કાર્યકારી જૂથ, ૯મો અને ૧૦મો માળ, કોર્પોરેટ હાઉસ, દિનેશ હોલ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોનઃ ૦૭૯-૫૫૩૧૨૪૫૧/૬૧. ઇમેલઃ akrspi@icenet.net

## અંધારે અટવાયા

આ ઓડિયો કેસેટ ગુજરાતના આદિવાસી વિસ્તારોની સમસ્યા, લોકોના અનુભવો, સરકારની જવાબદારીઓ અને નાગરિકોના અધિકારો ગીતો દ્વારા વ્યક્ત કરે છે. આ કેસેટમાં કુલ ૧૧ ગીતો આપવામાં આવ્યાં છે. દેવગઢ મહિલા સંગઠન દ્વારા આ ગીતો સ્થાનિક ભાષામાં રચવામાં આવ્યાં છે અને ગાવામાં આવ્યાં છે. અન્ન સુરક્ષા અધિકાર અભિયાનનાં દેવગઢ બારિયા ખાતેના અધિવેશન પ્રસંગે આ કેસેટ રજૂ કરવામાં આવી હતી. કિંમત રૂ.૫૦, પોસ્ટેજ ખર્ચ અલગ. સંપર્કઃ દેવગઢ મહિલા સંગઠન, ચબૂતરા શેરી, દેવગઢ બારિયા, જિલ્લોઃ દાહોદ-૩૮૯૩૮૦.

## વિકલાંગ વ્યક્તિઓ માટે સેવારત સંસ્થાઓની માહિતી પુસ્તિકા

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની આ માહિતી પુસ્તિકા

અમદાવાદ જિલ્લા માટે 'અંધજન મંડળ', સાબરકાંઠા જિલ્લા માટે 'નેશનલ એસોસીએશન ફોર ધ બ્લાઈન્ડ' અને વડોદરા જિલ્લા માટે 'યુનાઈટેડ વે ઓફ બરોડા'ના સહયોગથી તૈયાર કરવામાં આવી છે. ત્રણેય જિલ્લા માટે આ માહિતી પુસ્તિકા અલગ અલગ છે. આ ત્રણ સંગઠનો સાથે સહયોગ સાધીને 'ઉન્નતિ' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા આ પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી છે.

હંગામી અને કાયમી વિકલાંગતાઓ ધરાવતા બન્ને જનોને દવાખાનાઓ, કસરત ઉપચાર કેન્દ્રો તેમ જ સહાયકો અને સહાયક સાધનો અને ઉપકરણો જેવી સેવાઓ મેળવવાની જરૂર રહે છે. વધુમાં, વિકલાંગતાઓ ધરાવતા લોકો તેઓને શિક્ષણ, વ્યાવસાયિક તાલીમ અને રોજગારી માટેની સહાયતા ક્યાંથી મળી શકે તે પણ જાણવા માંગે છે. આ સેવાઓનાં સ્થાન કયાં છે અને તેઓને કેવી રીતે મેળવવી તેના વિશેની માહિતી વારંવાર સમુદાય આધારિત સંગઠનો કે જેઓ વિકલાંગ વ્યક્તિઓના સંપર્કમાં હોય છે તેમની પાસેથી તરત જ હાજરમાં મળતી નથી. ગ્રામ કક્ષાએ કાર્ય કરતાં સંગઠનો અને પુનર્વસન પૂરું પાડનારાઓ વચ્ચે મોટા ભાગે અપૂરતું સંકલન અને સંબંધ જોડાણ હોય છે.

આ માહિતી પુસ્તિકા એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જેથી તે માહિતી અને સંબંધ જોડાણ વચ્ચેની આ ખાઈ પૂરવાના સેતુ તરીકે સેવા (કામ) આપી શકે. તેનો સંસ્થાઓ/સંગઠનો અને વ્યક્તિઓ દ્વારા માત્ર સેવાઓ સુધી પહોંચવા માટે એટલું જ નહીં પરંતુ લઘુતમ ધોરણ અને ગુણવત્તાની સેવાઓ માગવાના આધાર તરીકે પણ ઉપયોગ કરી શકાય છે. સુધારા-વધારા કરેલી માહિતી સુધીની પહોંચ વિકલાંગ વ્યક્તિઓનું સમાજમાં સંમિલન થવાને પ્રોત્સાહન આપવાનો માર્ગ બનાવશે.

ગુજરાતના અમદાવાદ, સાબરકાંઠા અને વડોદરા જિલ્લામાં પુનર્વસન સંસ્થાઓ, વિકાસલક્ષી સંસ્થાઓ, કસરત ઉપચાર કેન્દ્રો, દવાખાનાઓ દ્વારા અપાતી અને કેટલાક ચાવીરૂપ સરકારી સહાયથી ચાલતા કેન્દ્રો/સંગઠનો દ્વારા પણ આપવામાં આવતી સેવાઓ વિશેની માહિતીને કાળજીપૂર્વક સંકલિત કરવાનો આ પ્રથમ પ્રયાસ છે. સરકારની યોજનાઓ અને વિધેયકનું વિહંગાવલોકન પણ કરવામાં આવ્યું છે. તેની નેમ એ છે કે વિકલાંગ વ્યક્તિઓ અને તેઓની સંભાળ લેનારાઓ તેઓના અધિકારો વિશે જાણી શકે.

વિકલાંગ વ્યક્તિઓની માત્ર શૈક્ષણિક અને આર્થિક જરૂરિયાતોને જ નહી પરંતુ તેઓની સામાજિક અને મનોવૈજ્ઞાનિક/ભાવાત્મક જરૂરિયાતોને પણ લક્ષ્ય બનાવે તેવી સેવાઓની બહોળી વ્યાપ મર્યાદા વિશેની માહિતી સંકલિત કરવાનો પણ વિશેષ પ્રયત્ન થયો છે. તેમાં 'માહિતી પુસ્તિકાનો ઉપયોગ કેવી રીતે કરવો' વિશેની નોંધ અને સેવાઓની 'વિષયસૂચિ' વાંચકોને તેઓ જે માહિતી શોધવા માંગતા હોય તે જોવામાં મદદ કરવા માટે આપેલી છે. ઉપયોગ કરનારાઓની મહત્તમ સંખ્યાને પહોંચવા માટે આ માહિતી એક જ સમયે એકસાથે અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં પ્રકાશિત કરવામાં આવી છે.

નકલ માટે સંપર્ક સાધો: (૧) અમદાવાદ માટે 'અંધજન મંડળ', જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન: ૦૭૯-૨૬૩૦૫૦૮૨, ૨૬૩૦૪૦૭૦. ઈ-મેઈલ: blinabad1@sancharnet.in (૨) વડોદરા માટે 'યુનાઈટેડ વે ઓફ બરોડા', ૯મો માળ, સીડકપ ટાવર, રેસ કોર્સ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન: ૦૨૬૫-૨૩૧૦૩૮૫, ૫૫૨૭૭૧૫-૧૬. ઈ-મેઈલ: admin@unitedwayofbaroda.org, uwb@icenet.net (૩) સાબરકાંઠા માટે 'નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ', પંચાલ ભુવન, સત્યમ ઓટો સેન્ટર પાસે, શ્રીનગર, રોડ નં. ૧૦, ઈડર, જિ. સાબરકાંઠા-૩૮૩૪૩૦. ફોન: ૦૨૭૭૮-૨૫૦૨૯૮.

## આશાની અભિલાષા

આ એક ચિત્રાત્મક વાર્તા પુસ્તિકા છે. આ પુસ્તિકા 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના સહયોગથી પ્રકાશિત કરવામાં આવી છે. તેમાં આશા નામની એક વિકલાંગ છોકરીની વાર્તા છે. ગુજરાતના એક ગામમાં તેના માતા-પિતા સાથે રહેતી એક નાની છોકરી આશાની આ વાત છે. તે ગામની અન્ય છોકરીઓના જેવી જ છે. તે પણ શાળાએ જાય છે, મિત્રો સાથે સમય પસાર કરે છે, ઘરકામમાં મદદરૂપ થાય છે અને ગામના બધા જ વાર-તહેવારોમાં ભાગ લે છે. તે માટીના ઘડા બનાવવામાં ખૂબ જ કુશળ છે, કારણ કે એ તેનું મનપસંદ કામ છે. આશા જ્યારે નાની હતી ત્યારે તેને પોલિયોની અસર થયેલી. આથી હરવા-ફરવા માટે તે બગલઘોડીનો ઉપયોગ કરે છે. જો કે, એક સમય એવો પણ હતો કે તેની હરવા ફરવાની મુશ્કેલીના કારણે આસપાસના લોકો તેને અલગ રીતે જોતા અને તે કુટુંબ તથા ગામની પ્રવૃત્તિઓથી અળગી રહેતી. આશા અંગેની આ ચિત્રવાર્તા આપણી આસપાસની દુનિયામાં વસતા અનેક લોકોના અનુભવોના આધારે તૈયાર કરવામાં આવી છે, જે આશાના જીવનમાં હકારાત્મક બદલાવ કેવી રીતે આવ્યો તે દર્શાવે છે.

તેઓ પણ દર્શાવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિને સમાજમાં સહભાગી થવામાં મર્યાદાઓ ઊભી કરતા સંજોગોને બદલવામાં કુટુંબ અને સમુદાય બધા જ કઈ રીતે પોતાનું યોગદાન આપી શકે છે.

આ પુસ્તિકામાં વિકલાંગતા અને અપંગતાની સ્થિતિ, અપંગતાની સ્થિતિ કેવી રીતે સર્જાય છે, તેનાં કારણો અને તેના લીધે ઊભી થતી પરિસ્થિતિ, નકારાત્મક ચક્ર કેવી રીતે કામ કરે છે અને સકારાત્મક ચક્ર કેવી રીતે ઊભું થઈ શકે તેની રજૂઆત પણ પુસ્તિકાના અંતે કરવામાં આવી છે. આ પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે કે "નકારાત્મક ચક્રને હકારાત્મક ચક્રમાં ફેરવી શકાય. જરૂરી છે માત્ર વિકલાંગતા તથા અવરોધોને દૂર કરવા માટે મદદ કરવાની ઈચ્છાશક્તિની."

નકલ મેળવવા માટે સંપર્ક સાધોઃ 'ઉન્નતિ'.

## વિકલાંગતા વિશે સમજઃ સામાજિક સમાવેશ માટે વલણ અને વર્તનમાં પરિવર્તન

ગુજરાતના અમદાવાદ, સાબરકાંઠા, પાટણ અને વડોદરા એમ ચાર જિલ્લાઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો તેનાં તારણો આ પુસ્તિકામાં આપવામાં આવ્યાં છે. આ રીતે આ એક સહભાગી કાર્ય સંશોધનનો અહેવાલ છે. જાન્યુઆરી ૨૦૦૩થી સપ્ટેમ્બર ૨૦૦૩ દરમ્યાનના નવ માસના ગાળા દરમ્યાન સ્થાનિક બિન-સરકારી સંગઠનોની ભાગીદારી સાથે આ સંશોધનની પ્રક્રિયા ચાલી હતી. અભ્યાસની સાથે સાથે તાલીમ, કાર્યશાળાઓ અને શૈક્ષણિક સામગ્રીની તૈયારી સહિતની બીજી અનેક પ્રવૃત્તિઓ સહભાગી સંગઠનોને અભિમુખ બનાવવા માટે અને સમુદાયને સંવેદનશીલ બનાવવા માટે હાથ ધરવામાં આવી. આ અહેવાલ આ પ્રક્રિયા તેમ જ અભ્યાસનાં ચાવીરૂપ તાણો રજૂ કરે છે. અભ્યાસની પ્રક્રિયાએ પોતે જ નાગરિક સમાજને સંવેદનશીલ બનાવવા માટેની ઝુંબેશને જન્મ આપ્યો.

ચાર જિલ્લાનાં ૧૩ સ્થાનિક સહભાગી સંગઠનોના સહયોગ સાથે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ૫૫ ગામો અને ૮ શહેરી ઝુંપડપટ્ટી વિસ્તારોના ૧૧૫૪ વિકલાંગોના અવાજની આ અભ્યાસ પ્રતિબિંબ પાડે છે.

આ અભ્યાસમાં નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છેઃ

- અભ્યાસ હાથ ધરવા માટે ૧૩ સહયોગી સંગઠનોની ક્ષમતા વધારવી. (નિયમાવલી, પ્રશ્નાવલી અને નિદર્શનો કરવાં તેમ જ ગરીબી અને વિકલાંગતા વચ્ચેનો ગાઢ સંબંધ તપાસવો).
- તમામ ચર્ચાઓમાં મહિલાઓને સામેલ કરવી (જો તેઓ મોટા જૂથમાં મોકળા મને વાત કરી શકે તેમ ન હોય તો, મહિલાઓ સાથે અલગ વિશિષ્ટ જૂથ ચર્ચા કરવી).
- ચર્ચાઓમાં સમુદાયના તમામ હિતધારકોને અને ખાસ કરીને જેઓ વિકાસની પ્રક્રિયામાં વિકલાંગ લોકોની વધુ સહભાગિતા ઉપર અસર કરી શકે તેવી સ્થિતિમાં છે તેવાઓને સામેલ કરવા.
- પડકારોને પિછાણવા. (આ અભ્યાસની પ્રક્રિયામાં સામેલ થનારા વિકલાંગોને કોઈ કાયમી લાભ આ અભ્યાસ કરી આપતો નથી)

આ અભ્યાસમાં સામાજિક બાદબાકી, પહોંચ, સહભાગિતા, કૌટુંબિક જીવન, પુનર્વસનની જરૂરિયાતો અને સેવાઓ, જાહેર આરોગ્ય સેવાઓ, શિક્ષણ, જીવનનિર્વાહ, અધિકારોની પ્રાપ્તિ વગેરે બાબતો વિશેના તારણો કાઢવામાં આવ્યા છે.

અભ્યાસમાં એમ જણાયું છે કે પરિવાર, મિત્રો, સમાજ જેવા અન્ય લોકોનાં વલણો અને વર્તન વિકલાંગ વ્યક્તિઓની સમાજમાંની સહભાગિતા આડોના અવરોધો બની શકે છે. એટલું જ મહત્ત્વનું એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતે પોતાની જાતને કેવી રીતે જુએ છે. બંને બાજુ વિધાયક વલણ હોય તો તે આત્મવિશ્વાસ ઊભો કરી શકે છે અને સમાજ તેમને ટેકો પૂરો પાડી શકી, તેઓ તે ટેકો મેળવી શકે અને એકંદરે સમગ્ર સમાજના જીવનની ગુણવત્તા સુધરી શકે.

આ સહભાગી સંશોધન અને કાર્યલક્ષી અભ્યાસે એક એવી પ્રક્રિયા માટે માર્ગ મોકળો કર્યો કે જેથી સમુદાયનાં વિકલાંગો પ્રત્યેનાં વલણો વિશે ખુલ્લંખુલ્લા ચર્ચા થઈ અને વિવિધ હિતધારકોએ તેમની પ્રવૃત્તિઓમાં તેમના સમાવેશ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમના સમાવેશ માટેનું આ પ્રથમ પગલું હતું. ૭૫ ટકા ગામોમાં સરપંચે ગ્રામ સભામાં તેમનો સમાવેશ કરવાની તૈયારી બતાવી અને કહ્યું કે તેઓ તેમની વિશિષ્ટ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટેની જવાબદારી અદા કરશે. યુવક મંડળો, સહકારી મંડળીઓ, સમુદાય-આધારિત સંગઠનો અને સ્વસહાય જૂથો જેવી ગામોની અન્ય સંસ્થાઓએ પણ ખાસ કરીને તેમને વિકલાંગતાનું પ્રમાણપત્ર મળે તે માટેની કાર્યવાહી કરવામાં રસ દર્શાવ્યો.

અભ્યાસે સ્પષ્ટપણે એમ દર્શાવ્યું છે કે સામાન્ય લોકો વિકલાંગ લોકોની સમસ્યાઓ વિશે માત્ર સંવેદનશીલ જ નથી હોતા, પરંતુ તેમના વિશે અજ્ઞાન પણ પ્રવર્તે છે. તેથી તેઓ યોગ્ય પ્રમાણમાં જે કંઈ કરી શકે તે પણ કરી શકતા નથી. આ પ્રશ્નો વિશે વધુ જાગૃતિ આવી અને સમાજમાં તેમની સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટેની તેમની તૈયારી ઊભી થી. તેથી વિશ્વાસ ઊભો થાય અને વિધાયક વલણો જન્મે એ વિકલાંગોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટેના કોઈ પણ પ્રયાસોનું આરંભબિંદુ છે.

નકલ માટે સંપર્કઃ ઉન્નતિ.

છેલ્લા ત્રણ માસ દરમ્યાન 'ઉન્નતિ'એ નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## (૧) સામાજિક સમાવેશ અને સક્ષમતા

### દલિતો

રાજસ્થાનમાં જોધપુર અને બાડમેર જિલ્લાઓના સાત તાલુકામાં ૩૭ ગામોને આવરી લેતી ૩૮ દિવસની એક સ્વાભિમાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો હેતુ દલિતોને તેમના સમુદાયના પ્રશ્નો વિશે જાગૃત કરવાનો અને દલિતોને સંગઠિત કરવાનો હતો. ૮મી માર્ચે આ રેલીની શરૂઆત થઈ હતી અને આંબેડકર જયંતિના દિવસે ૧૪મી એપ્રિલે તેની સમાપ્તિ થઈ હતી. ૨૫ સભ્યોની એક ટુકડીએ દરરોજ બે ગામોની મુલાકાત લીધી હતી અને ગીતો, કઠપૂતળીના શો તથા શેરી નાટકો દ્વારા દલિતોની સમસ્યાઓ વિશે ધ્યાન ખેંચ્યું હતું.

'દલિત અધિકાર અભિયાન'ના નેજા હેઠળ મંદોર, કલ્યાણપુર, બાલોતરા અને ભોપાલગઢ એમ ચાર તાલુકામાં દલિત મહિલા નેતાઓ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૧૩૬ મહિલા નેતાઓએ ભાગ લીધો હતો. આગલા ત્રિમાસિક ગાળા દરમ્યાન બીજા ત્રણ તાલુકાઓમાં આવી જ તાલીમ ગોઠવવામાં આવી હતી. કાર્યક્રમને અંતે ઘરેલૂ હિંસા સંબંધી પ્રશ્નો ઉઠાવવા એક કાર્યલક્ષી યોજના ઘડાઈ હતી. દલિત નેતાઓનું હિમાયતનું કૌશલ્ય તીવ્ર બનાવવા માટે તાલુકા સ્તરની ૮ તાલીમો યોજવામાં આવી હતી અને તેમાં ૨૮૩ નેતાઓએ ભાગ લીધો હતો.

જળસંગ્રહ માટેનાં માળખાં તૈયાર કરવાના આ ત્રીજા તબક્કા દરમિયાન ૨૩ નવાં માળખાં તૈયાર કરાયાં હતાં. ગામમાં સફાઈ સંબંધી પ્રશ્નોની ચર્ચા કરવા સમિતિના સભ્યોની એક કાર્યશાળા યોજવામાં આવી હતી. ૧૯૬૫ અને ૧૯૭૧નાં યુદ્ધો દરમ્યાન પાકિસ્તાનથી ભારત આવેલા લોકોને નાગરિકત્વ મળે તેની પ્રક્રિયામાં અમે સક્રિય સાથ આપ્યો હતો.

### વિકલાંગતા

અવરોધમુક્ત પર્યાવરણ અંગે હિમાયતના સંદર્ભમાં અમદાવાદના લો ગાર્ડન માટેના સંસાધન જૂથે જે સૂચનો કર્યાં હતાં તે સ્વીકારવામાં આવ્યાં છે અને આશિમા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ તદનુસાર બગીચામાં સુધારા કરી રહ્યું છે. સરદાર પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પિપા) અને વિકલાંગતા કમિશનરની કચેરીનું અવરોધમુક્ત બાંધકામ માટે અન્વેષણ હાથ ધરાયું હતું. સુપરત કરાયેલા અહેવાલને આધારે સુધારા કરવા માટે સરકારે અનુદાન જારી કર્યું છે. અમદાવાદના વિમાનમથકના સત્તાવાળાઓ સાથે તેને અવરોધમુક્ત બનાવવા માટેની વાતચીત ચાલુ છે. આ મુદ્દે અનેક પ્રકાશનો પ્રકાશિત કરાયાં છે. વિકલાંગ લોકો માટે પ્રાપ્ય સેવાઓ અંગે અમદાવાદ, વડોદરા અને સાબરકાંઠા જિલ્લા માટેની ડિરેક્ટરીઓ ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રકાશિત કરવામાં આવી છે. 'આશાની અભિલાષા' નામે એક ચિત્રવાર્તા તૈયાર કરાઈ છે, જેમાં વિકલાંગ છોકરી આશાની વાત છે. ઉપરાંત, 'વિકલાંગતા વિશે સમજઃ સામાજિક સમાવેશ માટે વલણ અને વર્તનમાં પરિવર્તન' શીર્ષક સાથેનો સંશોધન અહેવાલ, 'ફ્રીડમ ઓફ બીઇંગ' નામની અવરોધમુક્ત પર્યાવરણ વિષયક એક ફિલ્મ અને કચ્છના 'શ્રી યુવા વિકલાંગ મંડળ' તેમ જ સાબરકાંઠાના 'લોકસેવા યુવા ટ્રસ્ટ' દ્વારા તૈયાર કરાયેલાં બે શેરી નાટકો વગેરેનું સીડીમાં પ્રકાશન કરાયું છે.

### ભૂકંપગ્રસ્તોનું પુનર્વસન

કચ્છમાં ભચાઉ ખાતે ઘરોને ભૂકંપપ્રૂફ બનાવવા માટે ૫૮ પરિવારોને ટેકો પૂરો પાડવામાં આવ્યો. આને પરિણામે તેઓ સરકાર પાસેથી સહાયના બાકીના હપતા મેળવી શકશે. ટેક્નોલોજી પાર્ક દ્વારા નગરના નાગરિકોને જ સુરક્ષાના પ્રશ્ને અભિમુખ નથી કરાયા પણ શ્રીલંકાની એક ટુકડીએ પણ તેમને ત્યાં આવો જ એક પાર્ક ઊભો કરવા માટે તેની મુલાકાત લીધી હતી. બનિયારી ગામ અને તેની પાસેનાં છ જૂથો માટે એક નમૂના તરીકે આપત્તિના સામનાની તૈયારી માટેની યોજનાઓ ઘડવામાં આવી છે.

ભચાઉ પ્રદેશમાં મહિલા જૂથો દ્વારા ઉત્પન્ન કરાયેલી વસ્તુઓની ગુણવત્તા જાળવવા માટે માર્ચ-૨૦૦૫માં કૌશલ્ય આકલન કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. આ પ્રક્રિયામાં આશરે ૨૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો. આ જ પ્રદેશમાં અન્ય મહિલા ઉત્પાદક જૂથો સાથે

'કચ્છ મહિલા વિકાસ સંગઠન' દ્વારા એક સંવાદ કાર્યક્રમ યોજાયો હતો અને તેમાં ૧૯ મહિલાઓ ભાગીદાર થઈ હતી. આ ત્રણ માસ દરમ્યાન નમૂના તરીકે ઘણી બધી વસ્તુઓ તૈયાર કરવામાં આવી. ભાવિ જથ્થાબંધ ઉત્પાદન માટે તેમનો ઉપયોગ કરવામાં આવશે.

## (૨) નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ શાસન

ગુજરાતમાં ફેબ્રુઆરી-માર્ચ, ૨૦૦૫ દરમ્યાન આંતરરાષ્ટ્રીય મહિલા દિનની એક માસ લાંબી ઉજવણી કરવામાં આવી. અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા. તેમાં ૩૦૦૦થી વધુ સ્ત્રી-પુરુષોએ ભાગ લીધો હતો. સીએચઆરઆઈ, આઈસીઈસીડી અને 'મહિલા સ્વરાજ અભિયાન'ને શાસન અંગેના મુદ્દાઓ વિશે તાલીમ માટેનો ટેકો પૂરો પડાયો. રાષ્ટ્રીય સ્તરે યોજાયેલી ગોળમેજી પરિષદોના ઠરાવોની ચર્ચા કરવા માટે એક રાજ્ય સ્તરીય વિમર્શ સભા યોજવામાં આવી હતી. તેમાં ધારાસભ્યો, પંચાયત સભ્યો, કેન્દ્રીય અને રાજ્ય સ્તરના અધિકારીઓ અને માધ્યમોના પ્રતિનિધિઓ સહિત ૪૫૦ જણાએ ભાગ લીધો હતો. પંચાયતી રાજ સંસ્થાઓને કેવી રીતે મજબૂત કરવી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

રાજસ્થાનમાં પંચાયતની ચૂંટણીઓનો ત્રીજો દોર જાન્યુઆરી-૨૦૦૫માં યોજાયો. આ સંદર્ભમાં મતદાતા જાગૃતિ ઝુંબેશનું ૮ બિન-સરકારી સંગઠનો સાથે રાજ્ય સ્તરની વ્યૂહરચનાનું આયોજન કરાયું. રાજ્યને ૭ પ્રદેશોમાં વહેંચી નાખવામાં આવ્યું અને તેમની વચ્ચે જવાબદારીઓનું વિભાજન કરાયું. તેમાં સામૂહિક રીતે સામગ્રી તૈયાર કરવાનો પણ સમાવેશ થતો હતો કે જેથી જથ્થાબંધ રીતે તેનું વિતરણ કરી શકાય. અમે બે ભીંતચિત્રો, ગીતોની એક ઓડિયો કેસેટ અને ઉમેદવારીપત્ર સાથેનાં ચોપાનિયાં તૈયાર કર્યાં. દ્વિમાસિક 'સ્વરાજ'માં પંચાયતો માટેનાં ઉમેદવારીપત્રો અને અનામતની યાદી માટેની માર્ગરેખાઓ પ્રકાશિત કરવામાં આવી. ડિસેમ્બર-૨૦૦૪થી એક સાપ્તાહિક રેડિયો કાર્યક્રમ ચાલે છે અને ફોન પર હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૧૪મી માર્ચના રોજ ઊજવવામાં આવ્યો હતો અને તેમાં ૯ તાલુકાની પંચાયતોના ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. પંચાયત સંદર્ભ કેન્દ્રો દ્વારા દરેક ગામમાં જે સંસાધન જૂથો રચાયાં છે તેમને પંચાયત સભ્યો સાથે તાલીમ પૂરી પાડવામાં આવી. તેઓને ખાસ કરીને મધ્યાહ્ન ભોજન યોજના સહિત સરકારી યોજનાઓની ઉપર દેખરેખ રાખવા માટે આ તાલીમ આપવામાં આવી હતી.

### શહેરી શાસન

ગુજરાતની સરકારી યોજનાઓના અમલ પર દેખરેખ રાખવામાં સમુદાયની સામેલગીરી ઊભી કરવામાં આવી રહી છે. અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાનાં ૫ નગરોમાં એક માસિક સમાચારપત્ર 'નગરવાણી' પ્રકાશિત કરવામાં આવે છે અને તેમાં વોર્ડ બેઠકો યોજવામાં આવે છે. આ નગરોના ૭૦ નાગરિક નેતાઓને નાગરિકત્વના પ્રશ્નો વિશે અભિમુખ કરવામાં આવ્યા. બે દિવસની અનેક તાલીમો યોજવામાં આવી અને તેમાં સામાજિક વિકાસના પ્રશ્નો વિશે દૃષ્ટિકોણ ઊભો કરવા પર તેમ જ તેમને તેમની ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરવા સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. ઈપીસી અને સીએમએજી સાથેના સહયોગમાં ઘન કચરા સંચાલન વિશે એક કાર્યશાળા યોજવામાં આવી. તેમાં સાણંદ, ધોળકા, બાવળા, કડી, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ નગરોના ચૂંટાયેલા નગરસેવકોએ હાજરી આપી હતી. અમે તે પછી કડી નગરપાલિકા સાથે ઘન કચરા સંચાલનની વ્યૂહરચના અંગે સંયુક્તપણે આયોજન કરી રહ્યા છીએ. ચાર નગરપાલિકાઓ માટે 'સાથ' અને સીએમએજીના સહયોગમાં પાણી અને સફાઈ વિશે એક કાર્યશાળા યોજવામાં આવી હતી. પુણેની 'નેશનલ સેન્ટર ફોર એડવોકસી સ્ટડીઝ'ના સહયોગમાં 'ઉન્નતિ'ના કાર્યકરો અને સહભાગી બિન-સરકારી સંગઠનોના કાર્યકરો માટે બજેટ વિશ્લેષણ અને હિમાયત અંગે એક કાર્યશાળા યોજવામાં આવી.

રાજસ્થાનમાં જોધપુર જિલ્લાના બિલાર નગરમાં ખૂબ જ લાંબા ગાળાના પ્રયાસ બાદ માથે મેલું ઉપાડવાની પ્રથાનો અંત આવ્યો છે અને સમુદાયે પરિસ્થિતિ ઉપર દેખરેખ રાખવાની જવાબદારી ઉઠાવી છે. સફાઈ, પાણી પુરવઠો, રસ્તા અને લાઈટો જેવી જ પાયાની સેવાઓના ક્રમાંકન માટે આ નગરનું રિપોર્ટ કાર્ડ તૈયાર કરવાની પ્રક્રિયા વિશિષ્ટ જૂથ ચર્ચાઓ દ્વારા પૂરી કરવામાં આવી છે. વિશ્લેષણ એમ દર્શાવે છે કે સફાઈની સમસ્યા ઉપર તરત જ ધ્યાન આપવાની જરૂર છે કારણ કે લોકો દ્વારા તેને ખૂબ જ નીચું ક્રમાંકન આપવામાં આવ્યું હતું.

## ‘ચરખા’ની પ્રવૃત્તિઓ

આ ત્રણ માસના ગાળા દરમ્યાન એકેઆરએસપીના સહભાગી સંગઠનોના કાર્યકર્તાઓ, ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ અને જીએસએનપીના ૧૫ એચઆઈવી પોઝિટિવ લોકો માટે લેખન કૌશલ્ય કાર્યશાળાઓ યોજવામાં આવી હતી. મહિલા નેતાઓના વિકાસલક્ષી પ્રયાસો, સજીવ ખેતી, વ્યાવસાયિક રોગો વગેરે વિશે સાત લેખો લખવામાં આવ્યા હતા. દર અંગ્રેજી મહિનાના પ્રથમ શુક્રવારે પત્રકારો અને સામાજિક કાર્યકરો વચ્ચે એક વિકાસ ગોષ્ઠી યોજવામાં આવે છે. ‘ઉન્નતિ’ના ‘પંચાયત જગત’ અને ‘નગરવાણી’ તથા એકેઆરએસપીના ‘ખારાશ સંવાદ’ને સંપાદકીય ટેકો પૂરો પાડવામાં આવ્યો.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, ‘ઉન્નતિ’.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૫૫૬૧૨૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.